# સંશોધન સારસંગ્રહ

૧૯૮૨–૮૩

: સંકલન :


ડૉ. ઠાકોરભાઈ નાયક

મુસ્તાઅલી મસવી



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૩


132

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪.

૧૯૮૩

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | મૂળ લેખક/સારદોહન | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧. | ગુજરાતના હરિજનો- એક અભ્યાસ (૧૯૮૨-૮૩ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૪૧૩ ગામોની આર્થિક-સામાજિક સ્થિતિ). | અહેવાલ લેખન : મુસ્તાઅલી મસવી<br>ચંદ્રકાન્ત ઉપાધ્યાય<br>સારદોહન : ચંદ્રકાન્ત ઉપાધ્યાય<br>: મુસ્તાઅલી મસવી | ૧ |
| ૨. | ડાંગ જિલ્લાના આદિવાસીઓ માટે ઈ.સ.૨૦૦૧ સુધીનું ભાવિલક્ષી આયોજન | અહેવાલ લેખન : પટેલ અરૂણ ભા.<br>સારદોહન : પટેલ અરૂણ ભા. | ૨૨ |
| ૩. | આદિવાસી સ્ત્રીઓ અને ઔદ્યોગિકરણ | અહેવાલ લેખન : શ્રીમતી ભારતીબહેન દેસાઈ<br>સારદોહન : શ્રીમતી ભારતીબહેન દેસાઈ | ૩૭ |
| ૪. | જંગલ કામદાર સહકારી મંડળીઓ : એક મૂલ્યાંકન અભ્યાસ : ટૂંકસાર | અહેવાલ લેખન : ભીખાભાઈ પટેલ<br>સારદોહન : ભીખાભાઈ પટેલ | ૪૩ |
| ૫. | ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ (એક સંશોધન) | અહેવાલ લેખન : પટેલ અરૂણ ભા.<br>સારદોહન : પટેલ અરૂણ ભા. | ૫૨ |
| ૬. | ગામીત : ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સાંસ્કૃતિક અભ્યાસ | અહેવાલ લેખન : ડૉ. સિદ્ધરાજ સોલંકી<br>સારદોહન : સાયમન ફા. મેકવાન | ૬૪ |
| ૭. | નાયકા : એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રી અભ્યાસ | અહેવાલ લેખન : ગુલાબભાઈ ડી. પટેલ<br>સારદોહન : ગુલાબભાઈ ડી. પટેલ | ૭૨ |
| ૮. | કોટવાળિયા : એક વ્યવસાયી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન અને મૂલ્યાંકન : ટૂંકસાર | અહેવાલ લેખન : ભીખાભાઈ પટેલ<br>સારદોહન : ભીખાભાઈ પટેલ | ૮૬ |
| ૯. | ગુજરાતના સેનમા : એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજશાસ્ત્રીય અભ્યાસ | અહેવાલ લેખન : કાન્તિલાલ ડા. મકવાણા<br>સારદોહન : કાન્તિલાલ ડા. મકવાણા | ૧૦૦ |
| ૧૦. | તુરી : એક અનુસૂચિત જાતિની સામાજિક આર્થિક તપાસ | અહેવાલ લેખન : જશવંતસિંહ રાઠોડ<br>સારદોહન : જશવંતસિંહ રાઠોડ | ૧૧૧ |


...

# ગુજરાત હરિજનો - એક અભ્યાસ

(૧૯૮૨-૮૩ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૪૧૩ ગામોની આર્થિક - સામાજિક સ્થિતિ)

અહેવાલ લેખન : મુસ્તાઅલી મસવી
ચંદ્રકાન્ત ઉપાધ્યાય

સારદોહન : મુસ્તાઅલી મસવી
ચંદ્રકાન્ત ઉપાધ્યાય

આપણા દેશના બંધારણની કલમ ૪૬ માં પછાત વર્ગોના ખાસ કરીને અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના લોકોની આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસની જવાબદારી તથા તેમને કોઈપણ જાતના સામાજિક અન્યાયમાંથી તથા શોષણમાંથી બચાવવાની જવાબદારી રાજય સરકારોને માથે નાખી તે અંગે ઘટતા પગલાં લેવાનું સૂચવવામાં આવ્યું છે.

શરૂઆત અનુસૂચિત જાતિ કલ્યાણ કાર્યક્રમ અને પછાત કલ્યાણને લગતી યોજનાઓ રાજય દ્વારા અમલમાં મૂકવામાં આવેલ, પરંતુ વખત જતાં જણાયું કે અનુસૂચિત જાતિના લોકો ઉત્કર્ષની જવાબદારી દરેક વિકાસ વિભાગે સોંપવી જોઈએ, અને તે બાબત એપ્રિલ-૧૯૭૫ માં વડાપ્રધાન દ્વારા રાજયોના પછાત વર્ગ કલ્યાણ ખાતાના મંત્રીશ્રીઓની બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવી હતી. જેનો ગૃહમંત્રાલય અને આયોજન કમિશને સ્વીકૃતિ આપી ડિસેમ્બર-૧૯૭૬ માં દરેક ખાતાની વિકાસ યોજનાઓના વિકાસ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિની વ્યક્તિઓ માટે ઓછામાં ઓછા ૭% ફાળવવાનું નકકી કરવામાં આવેલ, અને આ દિશામાં નકકર કાર્યક્રમ હાથ ધરવાના પગલાં રૂપે દેશની નીતિને અનુરૂપ ''સ્પેશિયલ-કોમ્પોનન્ટ પ્લાન્ટ'' નું આયોજન કરવામાં આવ્યું. તદુપરાંત તા. ૧૯-૪-૮૦ના રોજ મળેલ આયોજન કમિશનની બેઠકમાં નકકી કરવામાં આવ્યું કે છઠ્ઠી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષ દરમ્યાન દરેક રાજયમાંથી ૫૦% અનુસૂચિત જાતિની વસતિને વિકાસ કાર્યક્રમોમાં આવરી લઈ તેમને ગરીબી રેખાથી ઉપર લાવવા પ્રયત્નો કરવા.

ખાસ અંગભૂત યોજનાના (સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન)ના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

૧. અનુસૂચિત જાતિની વસ્તીનું વધુ પ્રમાણ ધરાવતાં વિસ્તારો નકકી કરવા.

૨. છઠ્ઠી પંચવર્ષીય યોજનાના ગાળામાં ઓછામાં ઓછા ૫૦ ટકા અનુસૂચિત જાતિની વસ્તીને ગરીબીની રેખાથી ઉપર લાવી શકાય તેવી રીતે તેમનો આર્થિક ઉત્કર્ષ સાધી શકાય તેવા કાર્યક્રમો ઘડી કાઢી તેનો અમલ કરાવવો.

૩. જુદા જુદા વ્યવસાયિક જૂથોની જરૂરિયાત અને ખાસ કરીને જેઓ યોજનાના લાભથી વંચિત રહી ગયા હોય તેવા અનુસૂચિત જાતિના લોકોની જરૂરિયાતોનો અંદાજ કાઢી અને તેમના પ્રશ્નો નક્કી કરવા.

૪. તેમની જરૂરિયાતો જાણી તેના આધારિત યોજનાઓ નક્કી કરવી.

ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્યમાં પણ રાષ્ટ્રીય નીતિને અનુરૂપ સ્પેશિયલ કોમ્પોનેન્ટ પ્લાન તૈયાર કરી ૬ ઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન (૧૯૮૦-૮૧ થી ૧૯૮૪-૮૫) દરમ્યાન ગુજરાતની કુલ ૧૯.૨૫ લાખની (૧૯૭૧-પ્રમાણે) અનુસૂચિત જાતિની વસતિમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા વસ્તીને આવરી લઈ તેમને ગરીબી રેખાથી ઉપર લાવવાનો પ્રયત્ન કરવામા આવેલ. આથી સમાજ કલ્યાણ ખાતા દ્વારા ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે સમગ્ર રાજ્યમાંથી ૨૫૦ કે તેથી વધુ અનુસૂચિત જાતિની વસતિ ધરાવતાં ૧૪૧૧ ગામોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ ૧૪૧૧ ગામોની વસતિ એ રાજ્યની કુલ અનુસૂચિત જાતિની વસતિના ૫૦ ટકા જેટલી થાય છે. આ ૧૪૧૧ ગામોને પાંચ વર્ષમાં એટલે કે (૧૯૮૦-૮૧ થી ૧૯૮૪-૮૫) દરમ્યાન આવરી લેવાનું તથા દરેક જિલ્લામાંથી ૨૫૦ કે તેથી વધુ વસતિ ધરાવતાં ગામોમાં વસતા અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક - સામાજિક માહિતી એકઠી કરવાનું વિચારવામાં આવ્યું હતું. આ ૧૪૧૧ ગામોમાંથી ૧૯૮૦-૮૧માં ૨૮૫ ગામોની મોજણી કરવામાં આવી હતી અને તે કામ સમાજ કલ્યાણ ખાતા દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૯૮૧-૮૨ માં ૩૧૬ ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં અને તેની મોજણીનું કામ ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું હતું. તેમજ ૧૯૮૨-૮૩માં ૪૧૩ ગામોનું મોજણીનું કામ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રે કર્યું હતું.

૧૯૮૨-૮૩ના વર્ષમાં જે ૪૧૩ ગામોનો તપાસ કરવામાં આવી છે તેમાં કુલ ૪૯૧૫૪ કુટુંબોને આવરી લીધા હતા. જિલ્લાવાર કુટુંબોની સંખ્યા નીચે પ્રમાણે હતી :

| ક્રમ | જિલ્લા | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | ખેડા | ૬૬૧૪ |
| ૨. | અમદાવાદ | ૫૨૭૧ |
| ૩. | મહેસાણા | ૬૧૩૭ |
| ૪. | સાબરકાંઠા | ૩૫૨૮ |
| ૫. | જૂનાગઢ | ૩૬૨૧ |
| ૬. | બનાસકાંઠા | ૪૦૩૭ |
| ૭. | સુરેન્દ્રનગર | ૪૨૩૮ |
| ૮. | વડોદરા | ૧૮૦૮ |
| ૯. | અમરેલી | ૧૩૫૭ |
| ૧૦. | પંચમહાલ | ૧૪૩૦ |
| ૧૧. | કચ્છ | ૨૫૫૭ |
| ૧૨. | રાજકોટ | ૨૪૮૮ |
| ૧૩. | જામનગર | ૮૦૧ |
| ૧૪. | ભાવનગર | ૨૦૬૨ |
| ૧૫. | ભરૂચ | ૧૩૬૮ |
| ૧૬. | સુરત | ૭૫૮ |
| ૧૭. | ગાંધીનગર | ૬૪૨ |
| ૧૮. | વલસાડ | ૪૩૭ |
| | કુલ ... | ૪૯૧૫૪ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૪૯૧૫૪ કુટુંબોની સભ્યસંખ્યા ૨,૩૨,૫૬૮ની હતી. જેમાંથી ૧,૨૦,૧૭૨ પુરૂષો અને ૧,૧૨,૩૯૬ સ્ત્રીઓ હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૪.૭૩ નું હતું.

<u>શિક્ષણ :</u>

શિક્ષણમાં આવરી લીધેલ ૪૧૩ ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૨,૩૨,૫૬૮ની વસ્તીમાંથી ૧,૨૯,૬૫૭ વ્યક્તિઓ એટલે કે (કુલ વસ્તીના ૫૫.૭૫%) અભણ હતી. જ્યારે ૧,૦૨,૯૧૧ વ્યક્તિઓ (એટલે કે ૪૪.૨૫%) ભણેલા હતા. પુરૂષોમાં ૪૪.૩૭ % અભણ અને સ્ત્રીઓમાં ૬૭.૯૧ % અભણ હતાં.

અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વ્યક્તિઓમાંથી ૬૮.૭૩ % પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૧૬.૧૯ % માધ્યમિક કક્ષા સુધીનું ૧૦.૪૦ % મેટ્રિક થયેલા અને ૨.૯૪ % સ્નાતક થયેલા હતા. જ્યારે અનુસ્નાતક અને ટેક્નીકલ શિક્ષણ ધરાવનારનું પ્રમાણ ૧.૭૪ % જેટલુ જ હતું.

તપાસ સમયે ૭ થી ૧૪ વર્ષના ૫૦,૮૪૩ કુલ બાળકોમાંથી ૧૦,૫૫૧ (૨૦.૭૫ %) શાળાએ જતાં ન હતાં. શાળાએ ન જવા અંગેના કારણો અંગે પૂછતા એવું જાણવા મળ્યું કે ૭૫.૦૦ % નબળી આર્થિક સ્થિતિને લીધે, ૫.૦૦% મા-બાપને ધંધામાં મદદ કરવા, ૫.૦૦% મા-બાપ મજૂરી પર જતાં ઘરમાં નાના ભાઈ-બહેનોની સંભાળ રાખવા, ૧૦.૦૦% બાળકોનું ન ભણવાનું કારણ તેમને ભણવામાં રસ નથી તેથી તેમના મા-બાપ તેમને ભણવા મોકલતા નથી. જ્યારે ૫.૦૦ % બાળકોને પોતાના માતા-પિતા ભણવા મોકલતા નથી. તેમજ ૫ બાળકો અસ્પૃશ્યતાને કારણે ભણવા જતા ન હતાં.

<u>આર્થિક સ્થિતિ :</u>

સર્વેક્ષણ નીચે આવરી લીધેલા કુટુંબોમાંથી ૩૬.૮૦ % લોકો મજૂરી કરતાં હતાં, એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી કહી શકાય, ૬.૦૯ % કુટુંબો ખેતી કરતાં હતાં, જ્યારે વંશપરંપરાગત ધંધો કરતાં માત્ર ૫.૪૮ % કુટુંબો હતાં. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૨૦.૪૨ % હતી, વેપાર ધંધામાં ૧.૧૩ % લોકો રોકાયેલા હતા, અન્ય પ્રકારના વ્યવસાયોમાં ૪.૨૯ % કુટુંબો હતાં, જ્યારે સફાઈકામની ટકાવારી નહિવત હતી. ટૂંકમાં લોકોને એક વ્યવસાયમાંથી પોતાનું જીવન ગુજરાત ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવું પડે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી ન હતી. કુલ ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૩૦૧૬૭ (૬૧.૩૭ %) ની વાર્ષિક આવક ૨૪૦૦ સુધીની હતી. તે જ રીતે ૮૬૩૯ કુટુંબ (૧૭.૫૭ %)ની વાર્ષિક આવક રૂા.૨૪૦૧ થી ૩૬૦૦, ૪૮૯૨ (૯.૯૬%) ની આવક ૩૬૦૧ થી ૪૮૦૦ સુધી, ૩૯૧૬ (૭.૯૭%) કુટુંબોની આવક રૂા.૪૮૦૧ થી ૭૨૦૦ સુધી,

જ્યારે ૧૫૪૦ (૩.૧૩%) કુટુંબોની આવક રૂા.૭૨૦થી ઉપરની હતી. મતલબ કે તેઓ ગરીબી રેખાની નીચે જીવન વ્યતીત કરતા હતાં. સર્વેક્ષણ કરેલ કુટુંબની કુટુંબ-દીઠ વાર્ષિક આવક રૂા.૩૧૨૧ હતી. આમ માથાદીઠ વાર્ષિક આવક રૂા.૬૫૯ અને માથાદીઠ માસિક આવક રૂા.૫૫ની હતી. ૧૯૮૦-૮૧ના ભાવે ગુજરાત રાજ્યમાં માથાદીઠ આવક રૂા.૧૯૯૬ની હતી. જ્યારે ભારતમાં માથાદીઠ આવક રૂા.૧૫૩૭ની હતી.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ચમાર, ગરોડા, સેનવા, તુરી, બાવા વગેરે જાતિનાં કુટુંબોની સ્થિતિ ઘણી જ કપરી છે. આ જાતિઓના ૬૦% થી વધુ કુટુંબોની આવક રૂા.૨૪૦૦ જેટલી હતી.

જમીનધારણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાંથી કેટલાક કુટુંબો જમીન ધરાવતાં હતાં. પરંતુ તેમની પાસે જે કંઈ જમીન હતી તેના ઉપજમાંથી આખુ વર્ષ નિભાવ થઈ શકે એમ નહોતો. તેઓ પાસે જમીન હતી તે મોટે ભાગે બિનફળદ્રુપ હતી. કેટલાકો ભૂમિદાનમાં મળેલી પડતર અને ખરાબાની જમીન હતી. પોતાના ઓછા સાધનો અને પિયતની નહિવત સગવડને લીધે જમીનમાંથી ખાસ મેળવી શકાતું નહોતું. કુલ સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૪૯૧૫૪ કુટુંબમાંથી ૫૯૬૧ એટલે કે કુલ કુટુંબના ૧૨.૧૩% જમીન ધરાવતાં હતાં. જમીન ધરાવનાર કુલ કુટુંબોમાંથી અનુક્રમે ૧૬૧૧ કુટુંબો(૨૭.૦૨%) ૧ એકર સુધી, ૧૩૮૮ (૨૩.૨૯%) ૧ એકરથી ૨ એકર સુધી, ૧૨૭૯ (૨૧.૪૬%) ૨ એકર થી ૪ એકર સુધી, ૭૧૧ (૧૧.૯૩%) ૪ એકરથી ૬ એકર સુધી, ૨૮૪ (૪.૭૬%) ૬ એકરથી ૮ એકર, ૨૪૮ (૪.૧૬%) ૮ એકરથી ૧૦ એકર, ૪૪૦ કુટુંબો (૭.૩૮%) ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા હતાં.

વપરાશી ખર્ચ :

અનુસૂચિત જાતિના લોકોની આવક ઓછી હોવાથી, તેઓ ખૂબ જ કરકસરથી રહે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરુરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતા નથી. તપાસમાં આવરી લીધેલ કુટુંબો વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતો :

| ક્રમ | ખર્ચ જૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રૂા.૨૪૦૦ સુધી | ૨૨૮૩૦ | ૪૬.૪૫ |
| ૨. | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | ૧૧૫૬૬ | ૨૩.૫૩ |
| ૩. | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | ૬૭૨૩ | ૧૩.૬૩ |
| ૪. | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | ૬૦૬૭ | ૧૨.૩૪ |
| ૫. | રૂા. ૭૨૦૧ થી વધુ | ૧૯૬૮ | ૪.૦૦ |
| | કુલ. | ૪૯૧૫૪ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત આંકડાથી ખ્યાલ આવશે કે માથાદીઠ વાર્ષિક રૂા.૭૨૦ થી ઓછો વપરાશી ખર્ચ હોય તો ગરીબી રેખા નીચે સુધીનો ગણાયએ માપદંડ ધ્યાનમાં લઈએ તો કુલ કુટુંબોમાંથી ૭૫% કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતા હતાં. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂા.૩૪૨૪ હતું. અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂા.૭૨૪ અને માથાદીઠ માસિક ખર્ચ રૂા.૬૦ હતું.

સર્વેક્ષણમાં આવરી લીધેલાં ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૧૨૦૪૫ (૨૪.૫૦%) કુટુંબો દેવાદાર હતાં. કુલ ૧૨૦૪૫ દેવાદાર કુટુંબોમાંથી ૭૯૯૦ (૬૬.૩૩%) કુટુંબોને રૂા.૫૦૦નું દેવુ હતું. ૧૯૪૯ કુટુંબોને (૧૬.૧૮%) કુટુંબોને રૂા.૫૦૧ થી ૧૦૦૦ સુધીનું ૯૩૨ (૭.૭૪%) કુટુંબોને રૂા.૧૦૦૧ થી ૧૫૦૦ સુધીનું ૬૬૧ (૫.૪૯%) કુટુંબોને ૧૫૦૧ થી ૨૫૦૦ સુધીનું અને ૧૪૩ (૪.૨૬%) કુટુંબોને રૂા.૨૫૦૦ થી વધુ દેવું હતું. સૌથી વધારે દેવાદાર કુટુંબોની સંખ્યા ભરુચ (૬૫.૬૪%) જિલ્લામાં હતી. જયારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા વલસાડ (૭.૭૮%) જિલ્લામાં હતી. કુટુંબદીઠ દેવું ૧૮૪/-નું હતું. જયારે દેવાદાર કુટુંબદીઠ દેવું રૂા.૭૫૨ હતું અને માથાદીઠ દેવું રૂા.૩૯/- હતું.

ઉપર્યુક્ત દેવુ શાહુકાર અને વેપારીનું હતું. દેવું કરવા પાછળ સામાજિક ખર્ચ અને નિભાવ ખર્ચ મુખ્ય હતાં. ઘણા કિસ્સાઓમાં હરિજન કુટુંબોએ જમીન ગીરો મૂકી હોય તેવું પણ જોવા મળ્યું હતું. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓને દેવું કરવાની ફરજ વારંવાર પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઈક ત્વરિત પગલાં લેવાં પડે તેવી સ્થિતિ છે. જ્ઞાતિવાર દેવાનું વર્ગીકરણ કરતાં જણાય છે કે સૌથી દેવાદાર કુટુંબોની સંખ્યા અનુક્રમે માકપાવંશી (૪૯.૦૦%) બાવાઢેઢ સાધુ (૩૮.૦૦%) સેનવા (૩૪.૦૦%) નીરંગર-તીરળંદા (૩૫.૦૦%) અને સૌથી ઓછા દેવાદાર કુટુંબો મેઘવાસ જ્ઞાતિમાં હતા.

<u>રહેઠાણ અને આરોગ્ય</u> :

તપાસેલ ગામોમાં મોટાભાગના હરિજન કુટુંબો ગામના છેવાડે રહેતા હતાં જયાં ગામના ઉકરડા, મળત્યાગની ખુલ્લી જગ્યા, ગટર નિકાલ વગેરેથી ઘરોની સ્થિતિ ઘણી જ ખરાબ જોવા મળી હતી. કેટલાક ઘરોમાં ૧૦ થી ૧૫ સ્ત્રી-પુરૂષ સભ્યો સાથે રહેતાં હોય તેવું પણ જોવા મળ્યું હતું. ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૩૯૫૧૭ કુટુંબોને પોતાની માલિકીના મકાન હતાં, ૯૬૩૭ કુટુંબો ભાડાના મકાનમાં રહેતા હતાં.

અનુસૂચિત જાતિના કુટુંબના કુલ રહેઠાણના મકાનોમાંથી ૪૭૬૦૬ (૯૬.૮૫%) મકાનોમાં જાજરૂની સગવડ ન હતી. ૪૩૭૯૦ (૮૯.૦૯%) મકાનોમાં નાવણિયું ન

હતું. ૩૨૭૨૩ (૬૬.૫૭%) મકાનોમાં વીજળીની સુવિધા ન હતી. ૪૨૯૦૬ (૮૭.૨૯%) મકાનોમાં પાણીના નળની સગવડ ન હતી. ૪૫૦૨૫ (૯૧.૬૦%) મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા ન હતી અને ૪૮૨૪૦ (૯૮.૧૪%) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા ન હતી.

ઉપર્યુક્ત આંકડાકીય ચિત્રથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવું પડે તેવી સ્થિતિ છે.

<u>ઘરથાળનો પ્લોટ</u> :

૪૯૧૫૪ કુટુંબોમાંથી માત્ર ૬૬૨૬ (૧૩.૪૮%) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળ્યો હતો. આમાંથી ઘણા કુટુંબોને ઘરથાળનો પ્લોટ અનુકૂળ ન હતો. તે માટેનાં વિવિધ કારણો જાણવા મળ્યા જેમકે જમીન અપૂરતી હતી, પ્લોટની જગ્યા ગામથી ઘણે દૂર હતી. જમીન નિચાણવાળા વિસ્તારમાં હતી. કેટલીક વ્યક્તિઓ પાસેથી એવું પણ જાણવા મળ્યું કે પ્લોટ મળ્યો છે પરંતુ તે હજુ ઝઘડામાં છે, તેમજ ઘણી જગ્યાએ વગદાર માણસો દ્વારા પ્લોટ ખાલી કરાવવા માટે દબાણ કરતા હોય તેવા પણ દાખલા જોવા મળ્યા.

<u>આરોગ્ય</u> :

તપાસ દરમ્યાન કુલ ૩૧૬૧ વ્યક્તિઓ કોઈને કોઈ રોગથી પીડાતી હતી. આ રોગોમાં ૧૩૦૩ ક્ષયના રોગથી, ૧૮૯ કેન્સર, ૮૦૩ દમ, ૬૩ પાડુ રોગ, ૧૭૨ રક્તપિત્ત, ૮૪ લકવા અને ૫૪૭ અન્ય રોગથી પીડાતા હતા.

ઉપર્યુક્ત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે જેનો લાભ માત્ર ૧૯૩ વ્યક્તિઓને મળ્યો હતો. સગર્ભા માતાઓ અને છ વર્ષની નીચેના બાળકોને માટે જે પોષક આહારની યોજના ચાલે છે તેનો લાભ ૧૫૨૯ વ્યક્તિઓને મળ્યો હતો.

<u>ખોડ ખાપણ</u> :-

કુલ વ્યક્તિઓમાંથી ૧૯૩૬ વ્યક્તિઓને કોઈને કોઈ પ્રકારની ખોડખાપણ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, બહેરા, આંધળા અને બાળલકવાની હતી. કુલ ૧૯૩૬ ખોડખાપણવાળી વ્યક્તિઓમાંથી ૬૧૧ તો ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતા.

## આર્થિક, સામાજિક, શિક્ષણઅને આરોગ્ય વિષયક જરૂરિયાત :

### (૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલ ૪૧૩ ગામોમાંથી ૬૨૬૧ વ્યક્તિઓએ તેમના વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં નાણાંકીય સહાય, કાચોમાલ, સાધનો, તાલીમ અને ધંધા માટે તાંત્રિક માર્ગદર્શન અને વેચાણ માટે મદદની જરૂરિયાતનો સમાવેશ થાય છે.

### (૨) ખેતીના વિકાસ અંગેની જરુરિયાતો : (જમીન-કૂવા) :

તપાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોમાંથી ૧૨.૧૩% કુટુંબો થોડા વત્તા પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં. કુલ ૪૯૧૫૪ કુટુંબોમાંથી ૧૪૫૧૨ કુટુંબોએ ખેતી માટેની જમીનની જરૂરિયાત દર્શાવી હતી. જેમની પાસે હાલ જમીન છે તેમાંથી ૨૫૦૮ કુટુંબોએ ક્યારી બનાવવા, ૩૧૭૯ કુટુંબોએ પાળા બાંધકામ કરવા, ૪૦૩૦ કુટુંબોએ જમીન સમતળ કરવા અને ૨૫૮૯ કુટુંબોએ વાડ કરવા માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી. કુટુંબોએ ખેતીમાં પિયત માટે નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી. જયારે ૩૬૦૮ કુટુંબોએ જૂના કૂવાના સમારકામ માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી.

### (૩) ખેતીનાં સાધનો, શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની વિગતો :

તપાસમાં આવરી લીધેલા ગામોમાંથી ૫૭૯૨ કુટુંબોએ હળની, ૫૨૪૨ કુટુંબોએ સમારની, ૫૬૬૧ કુટુંબોએ ગાડાની, ૫૨૪૨ કુટુંબોએ વાવણિયાની, ૫૧૫૭ કુટુંબોએ લોખંડના હળની, ૪૭૧૨ કુટુબોએ ઉપણવાના પંખાની, ૬૪૧ કુટુંબોએ મોવ જરૂરિયાત દર્શાવી હતી. ૪૮૬૩ કુટુંબોએ ખેતીનુ ઉત્પાદન વધે એ માટે જંતુનાશક દવાઓ છાંટવાના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ કુટુંબોમાંથી ૨૬૪૦ કુટુંબોએ શાકભાજીનુ વાવેતર કરવાની, ૬૮૧ કુટુંબોએ વાસ ઉગાડવાની અને ૨૧૦૯ કુટુંબોએ ફળાઉ ઝાડના વાવેતરની જરૂરિયાત દર્શાવી હતી.

(૪) પશુપાલન :

આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃદ્ધિ માટે કોઈ ઢોરની જરૂર હોય તેના અનુસંધાને તપાસેલ ૪૯૧૫૪ કુટુંબોમાંથી કુલ ૧૮૧૨૨ કુટુંબોએ ઢોરની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં ભેંસ અને ગાયની જરૂરિયાતની સંખ્યા વિશેષ હતી.

(૫) પરિવહનનાં સાધનોની તેમજ સ્વરોજગાર માટે તાલીમની જરૂરિયાત :

આવકમાં વૃદ્ધિ માટે તપાસ દરમ્યાન આ બધાં ગામોમાંથી પરિવહનનાં સાધનોમાં ૫૩૭૧ વ્યક્તિઓએ ઉંટલારી, પેડલ રીક્ષા ૯૯૬ હાથલારી રેકડી, ઘોડાગાડી, ટેમ્પો વગેરેની જરૂરિયાત દર્શાવી હતી.

૫૬૨૫ વ્યક્તિઓએ આધુનિક વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. તેમાં ૭૬૧ વ્યક્તિઓએ સિવણકામની, ૬૮ વ્યક્તિઓએ ઘડિયાળ રીપેરીંગ, ૨૭ વ્યક્તિઓએ રેડિયો રીપેરીંગ, ૧૫૦ વ્યક્તિઓએ મોટો રીપેરીંગ, ૩૨૬ વ્યક્તિઓએ સુથારીકામ, ૩૬૦ વ્યક્તિઓએ કડિયાકામ, ૮ વ્યક્તિઓએ હીરા ઘસવાની તાલીમની ઇચ્છા દર્શાવી હતી.

(૬) રહેઠાણ અંગેની જરૂરિયાત :

તપાસ દરમ્યાન જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૩૧૪૮૧ કુટુંબોએ નવા મકાનોની, ૨૪૬૩૪ કુટુંબોએ મકાન સમારકામ માટે નાણાંકીય સહાયની, ૩૦૫૯૫ ઘરથાળના પ્લોટ માટે અને ૨૭૨૫૪ કુટુંબોને નિર્ધૂમ ચૂલાની જરૂરિયાત દર્શાવી હતી. આમાં એક કુટુંબે એકથી વધારે પણ જરૂરિયાત દર્શાવી છે.

(૭) ખોડખાપણ અંગેની જરૂરિયાત :

તપાસમાં આવરી લીધેલ કુલ વ્યક્તિઓમાંથી ખોડખાપણવાળી વ્યક્તિઓએ જુદી જુદી જરૂરિયાતો દર્શાવી છે. જેમાં ૪૪૩ વ્યક્તિઓએ સાધનોની, ૧૪૧૨ વ્યક્તિઓએ નાણાંકીય મદદની, ૨૨૨ વ્યક્તિઓએ યોગ્ય સારવારની અને ૭૪ ખોડખાંપણવાળી વ્યક્તિઓએ વ્યવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૫૦૨૧ વ્યક્તિઓએ આરોગ્ય માટે સારવારની તેમજ ૪૯૧૩ વ્યક્તિઓએ દવા માટે આર્થિક મદદની જરૂરિયાત દર્શાવી હતી.

અનુસૂચિત જાતિનાં વસવાટવાળાં ફળિયામાં પાયાની સુવિધાઓ :

તપાસમાં આવરી લીધેલ ૪૧૩ ગામોમાં કુલ ૧૨૫૫ ફળિયા હતાં. આ ફળિયામાં હાલ કઈ કઈ સુવિધાઓ છે તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :

(૧) શિક્ષણ :

૧૨૫૫ ફળિયામાંથી ૧૯ ફળિયામાં બાલવાડી, ૧૯ ફળિયામાં પ્રાથમિક શાળાનો વર્ગ, ૮૩ ફળિયામાં પ્રૌઢ શિક્ષણનો વર્ગ તેમજ માત્ર ૪૦ ફળિયામાં કિસાનવર્ગ ચાલતા હતાં.

વાસથી પ્રાથમિક શાળાએ જવાના રસ્તા બાબતે એવું જાણવા મળ્યુ કે ૧૨૫૫ ફળિયામાંથી ૪૪૫ ફળિયાથી પ્રાથમિક શાળાનો રસ્તો ખરાબ હતો, જ્યારે ૪૧૨ ફળિયાથી શાળા જવાના રસ્તામાં ચોમાસામાં બહુ જ પાણી ભરાઈ જતું હતું. ७૮ ફળિયાથી પ્રાથમિક શાળાએ જવા માટે નદી કે વહેરો ઓળંગવો પડતો હતો.

(૨) પીવાનું પાણી :

૧૨૫૫ ફળિયામાંથી ૭૭૧ ફળિયામા ગોઠવેલ સ્ટેન્ડ પોસ્ટથી, ૩७૮ વાસના લોકો કૂવા પરથી પાણી ખેંચી લાવતા હતા. જ્યારે ૩૬ વાસવાળા તળાવ અને ૪૧ વાસવાળા પીવાના પાણી માટે નદીનો ઉપયોગ કરતાં હતા.

૯૪૨ ફળિયાવાળાને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેતુ હતુ. બાકીના ફળિયાવાળાઓ પૂરતું પાણી ન મળવાથી કૂવા અને ડેમના પાણીનો ઉપયોગ કરતા હતાં. ટાંકી પરની ચકલીઓમા હરિજનો માટે કેટલાક ગામોમાં બે-ત્રણ ચકલીઓ અલગ રાખવામા આવે છે. એમનાથી બીજીમાંથી પાણી ન ભરી શકાય ક્યાંક-ક્યાંક આ અનૌપચારિક કુરત્વન જાણે અજાણે ઉલ્લંઘવાં જાય તો એને શારીરિક, માનસિક પરેશાની ભોગવવાનું પણ આવી શકે છે.

આમ સ્પષ્ટ રીતે જણાય આવશે કે અનુસૂચિત જાતિના લોકો પાયાની અને સામાન્ય સુવિધાઓથી પણ વંચિત છે, અને તેથી આ અંગે સત્વરે પગલાં લઈ તેઓની મુશ્કેલી દૂર કરવા માટે ઘટતું કરવું જોઈએ. તેઓ કેટલા બધી મુશ્કેલીઓથી પીડાય છે, તે ઉપર્યુક્ત હકીકતોથી જાણી શકાય છે.

## જ્ઞાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક અને ખર્ચનું તારણ

(૧૯૮૨/૮૩)

| ક્રમ | જ્ઞાતિ | કુલ કુટુંબો | કુટુંબદીઠ વાર્ષિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ માસિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| ।૧। | ચમાર | ૧૧૩૪૪ | ૨૭૯૮ | ૫૯૨ | ૪૯ | ૩૨૬૩ | ૬૯૦ | ૫૭ |
| ।૨। | મોચીગર | ૯૯૬ | ૩૨૦૨ | ૬૭૭ | ૫૬ | ૪૨૩૦ | ૮૯૪ | ૭૫ |
| ।૩। | ભંગી | ૭૮૨૮ | ૩૩૧૭ | ૭૦૧ | ૫૮ | ૩૫૬૫ | ૭૫૪ | ૬૩ |
| ।૪। | ગરોડા-ગરો | ૧૯૫૨ | ૩૦૭૦ | ૬૪૯ | ૫૪ | ૩૩૧૪ | ૭૦૧ | ૫૮ |
| ।૫। | વણકર | ૨૧૪૫૪ | ૩૧૦૪ | ૬૫૬ | ૫૫ | ૩૪૫૧ | ૭૩૦ | ૬૧ |
| ।૬। | માહ્યાવસી | ૯૬૧ | ૩૬૦૧ | ૭૬૧ | ૬૩ | ૩૪૭૩ | ૭૩૪ | ૬૧ |
| ।૭। | નાડિયા-હાડી | ૩૮૩ | ૨૮૩૭ | ૬૦૦ | ૫૦ | ૩૦૩૬ | ૬૪૨ | ૫૩ |
| ।૮। | સેનવા | ૧૫૦૭ | ૨૮૬૫ | ૬૦૬ | ૫૦ | ૩૨૦૪ | ૬૭૭ | ૫૬ |
| ।૯। | તીરગર-તીરબંદા | ૧૮૩ | ૨૬૩૯ | ૫૫૮ | ૪૬ | ૩૨૩૯ | ૬૮૫ | ૫૭ |
| ।૧૦। | તુરી | ૪૯૦ | ૨૯૦૦ | ૬૧૩ | ૫૧ | ૩૨૮૦ | ૬૯૩ | ૫૮ |
| ।૧૧। | બાવા-ઢેઢસાધુ | ૧૬૫ | ૨૮૮૭ | ૬૧૦ | ૫૧ | ૩૦૦૪ | ૬૩૫ | ૫૩ |
| ।૧૨। | મેઘવાળ | ૧૮૯૦ | ૩૪૯૯ | ૭૪૦ | ૬૨ | ૩૫૦૨ | ૭૪૦ | ૬૩ |
| | કુલ... | ૪૯૧૫૪ | ૩૧૨૧ | ૬૫૯ | ૫૫ | ૩૪૨૪ | ૭૨૪ | ૬૦ |

**સારાંશ અને ભલામણો :**

અગાઉના પ્રકરણોમાં સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ સર્વેક્ષણમાં આવરી લીધેલા ૪૧૪ ગામોના ૪૯,૧૫૪ કુટુંબોની આર્થિક-સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ જોઈ, આંકડાકીય માહિતી પરથી એક વાત સ્પષ્ટ છે કે આ ગામોમાં વસતાં અનુસૂચિત જાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી નથી જ, લગભગ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરી રહ્યાં છે. તેમની માથાદીઠ માસિક આવક રૂા.૫૫ હતી, માથાદીઠ માસિક ખર્ચ રૂા.૬૦ હતુ, અને માથાદીઠ દેવું રૂા.૩૯ નું હતું. તેમના રહેઠાણોની સ્થિતિ પણ દયાજનક છે. તેમની શૈક્ષણિક સ્થિતિ પણ સારી નથી. કુલ પુરૂષોમાં ૫૬% શિક્ષિત હતાં, જયારે સ્ત્રીઓ તો માત્ર ૩૨% શિક્ષિત હતી. શિક્ષણ લેતા બાળકોમાં પણ કન્યાઓનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું. ઉપરાંત જિલ્લાવાર શિક્ષણની પરિસ્થિતિમાં પણ ઘણો જ તફાવત જોવા મળ્યો હતો. જૂનાગઢ, સાબરકાંઠા, બનાસકાંઠા, જિલ્લાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જણાયુ હતું. તેમના વસવાટો પણ ગંદા હતા. તેમના ફળિયામાં કાચા રસ્તાઓ હોવાથી કાદવ વગેરે બારે માસ રહે છે. જાજરૂ તેમજ પીવાના પાણીની વ્યવસ્થા પણ સાધારણ ઠીક કહેવાય એવી ઘણી ઓછી જોવા મળે છે. આમ છેલ્લાં ૩૫ વર્ષોના આયોજિત વિકાસ પછી પણ અનુસૂચિત જાતિના લોકોની સ્થિતિ દયાજનક જોવા મળે છે એવું સર્વેક્ષણ પરથી જાણવા મળે છે. તેમની આર્થિક સ્થિતિ સુધરે તે માટે સઘન પ્રયાસો કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

**ભલામણો : પાયાની સવલતોની પૂર્તિ :**

**(૧) અભિનવ ગ્રામ નિર્માણ કાર્યક્રમ :**

પ્રકરણ ૭ માં જોયું તે પ્રમાણે હરિજનોની વસ્તીવાળા ફળિયામાં ગંદકી, કાચા રસ્તા, તેમજ કાદવ રહે છે. આખા ગામનું ગંદુ પાણી તેમના નિવાસો આગળ ઠેલવાતુ હોય છે. આ બધા કારણોને લીધે તેઓ અનેક જાતના રોગોમાં ફસાય છે. તેઓની જાજરૂની પણ મોટી સમસ્યા છે. તેમના ફળિયામાં જાજરૂનું બાંધકામ, પાણીના નિકાલની વ્યવસ્થા સાથે શેરીઓમાં પથ્થર, ઈંટોની ફરસબંધી, ગ્રામ માર્ગો, પાણી પુરવઠા માટે સ્ટેન્ડ પોસ્ટ તેમજ જયાં શકય હોય ત્યાં પાઈપલાઈન દ્વારા પીવાના પાણીની સુવિધા વગેરે કાર્યક્રમોને અગ્રિમતા આપવી જોઈએ. આમ વ્યક્તિલક્ષી અને કુટુંબલક્ષી યોજનાઓની સાથો-સાથ પાયાની સગવડોની પૂર્તિ કરવા પર ભાર મૂકાવો જોઈએ.

(૨) <u>ઘરથાળનો પ્લોટ</u> :

સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું છે કે હરિજનોને ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ૧૦૦ વાર પ્લોટો આપવામાં આવે છે. કેટલાક હરિજનોને આવા પ્લોટો નીચાણના વિસ્તારમાં આપવામાં આવ્યા છે. જેમાં કાયમ પાણી ભરાય છે. કેટલાકને સ્મશાનમાં આપવામાં આવ્યા છે. કેટલાકને પ્લોટો ઘણાં જ નાના આપ્યાં છે. ઘરથાળના પ્લોટ ફાળવવાની નીતિ વહીવટનાં માળખામાં ઉપરથી નીચે આવતા કેવું વરવું અને અસંભવ સ્વરૂપ લે છે એ સર્વેક્ષણથી સ્પષ્ટ થાય છે. ગ્રામ રાજ્ય અને દેશ સ્તરની શક્તિની સંરચના એવી છે કે હરિજનોને માટેની કોઇ પણ સારી નીતિ વરવા સ્વરૂપમાં બદલાય જાય છે. અને હરિજનોને કોઇ ફાયદો થતો નથી. આથી નીતિના અમલીકરણનું મોનીટરીંગ કરવા માટે ઘણી ઉચ્ચ કક્ષાની સમિતિ દરેક સ્તરે હોવી જોઇએ. તેમને સદૈવ અસરકારકતાથી કામ કરવું જોઇએ.

(૩) <u>લાભિતાવિમુખ કાર્યક્રમો</u> :-

સર્વેક્ષણ દરમ્યાન હરિજન કુટુંબોની મુલાકાત લેતા તેમજ ગામના હરિજન આગેવાનોની મુલાકાત સાથે પણ જોયું હતું કે લાભિતાવિમુખ લોકોને પાંગળા બનાવી દે છે. આના વિશે ખૂબ વિસ્તાર કરીને જ મદદ કરવી જોઇએ. જેની જરૂર વધારે હોય તેને અગ્રિમતા આપવી જોઇએ. સર્વત્ર લાભિતાઓએ અમુક હિસ્સો અવશ્ય આપવો જોઇએ. એવું ભારપૂર્વક નીતિનિર્ધારણ થવું જોઇએ. એ વાત એમના મનમાં અને આપણાં નીતિ અને કાર્યક્રમોના માળખામાં વણાય જવી જોઇએ કે વગર મહેનતનું આપવું લેવું નહીં અને કોઇપણ પ્રજાનું આર્થિક ભવિષ્ય એના પોતાના કાંડાથી જ સર્જાય છે.

<u>આર્થિક કાર્યક્રમો</u>

(૧) <u>ખેતી</u> :

સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાંથી ૫૮૬૧ કુટુંબો જમીન ધરાવતાં હતાં. આ કુટુંબો પોતાની જમીનનું સારી રીતે જતન કરી શકે અને ખેતીની પ્રવૃત્તિમાંથી સારી આવક મેળવી શકે તે માટે ખેતીના સુધારેલાં સાધનો, બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, બળદ, પાડા તેમજ બળદગાડા વગેરે સહાયના દરે પૂરા પાડવા જોઇએ.

(૨) સર્વેક્ષણમાં આવરી લીધેલ ઘણાં કુટુંબોને ફાજલ જમીન ફાળવવામાં આવી છે, પરંતુ મોટાભાગની આ જમીન ખરાબાની અને ગૌચરની હોય છે. ફાજલ જમીન ફાળવવામાં આવેલ નવીન વ્યક્તિઓને જમીનના વિકાસ માટે સહાય આપવી જોઈએ.

(૩) કેટલાક ગણોતિયા ખેડૂતોને મુંબઈ ગણોત અને ખેતી જમીન અધિનિયમ હેઠળ ભોગવટા હકક ખરીદ કિંમતની ચૂકવણીને આધીન રહી જમીન આપવામાં આવી છે, પરંતુ અનુસૂચિત જાતિના ગણોતિયા ખેડૂતો આ રકમ ચૂકવી શકે એવી સ્થિતિમાં નથી. ખરીદી કિંમત ચૂકવવાની બાકી હોય એવા ગણોતિયા ખેડૂતોને જમીન ખરીદવા માટે લોન આપવી જોઈએ.

(૪) ખેતી માટે પાણી એક પ્રાથમિક જરૂરિયાત છે. અનુસૂચિત જાતિના કુટુંબોની પાસે જે જમીન છે તેમાં સિંચાઈની સુવિધા ઓછી છે. તેમની પાસે ખેતીનાં કુવાઓ નથી. તેઓ સિંચાઈ યોજનાનો લાભ લઈ શકે તે માટે નવા કુવાનાં બાંધકામ, જૂના કુવાનાં સમારકામ, તેમજ ઓઈલ એન્જીન અને કુવા પર પંપ અને ઈલેક્ટ્રીક મોટર મૂકવા માટે આર્થિક સહાય આપવી જોઈએ.

(૫) બળતણની સમસ્યાએ સમગ્ર રાષ્ટ્રની મોટી સમસ્યા છે. ગામડાઓમાં પણ બળતણના લાકડાની ઘણી મોટી અછત વર્તાય છે. હરિજન કુટુંબોને ઓછાં મૂલ્યે બળતણની જરૂરિયાતો પૂરી પાડવા માટે કાંટાં બાવળ તેમજ બીજા એવા ઝાડો ઉગાડવા માટે બહેનોની વન ઉછેર સહકારી મંડળી કરવી જોઈએ. ભાઈઓ પણ આમાં સભ્ય બની શકે. આ કામ એક મોટી ઝુંબેશના રૂપમાં ઉપાડી લેવું આવશ્યક છે. આ કામ થશે તો તેઓને ઘર બળતણ ઉપરાંત થોડી આવક પણ મળી રહેશે.

## પશુપાલન

(૧) પશુપાલન રાજ્યના ખેતી અર્થતંત્રમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગ ઘણો જ વિકસ્યો છે. લગભગ દરેક જિલ્લામાં ડેરીઓ છે. હરિજન કુટુંબો પણ ગાય અને ભેંસ રાખે છે. પશુપાલનના ઉદ્યોગમાંથી તેઓ વધુ આવકનું નિર્માણ કરી શકે તે માટે તેમને ગાય, ભેંસો સહાય દરે આપવી જોઈએ.

(૨) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું હતું કે કેટલાક ગામોમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં હરિજન ભાઈઓ પાસેથી દૂધ લેવામાં આવતું નથી અથવા ઘણીવાર તેમને જુદી હારમાં ઉભા રાખવામાં આવે છે. આવું જે ગામોમાં થતું હોય ત્યાં યોગ્ય પગલાં લેવા જોઈએ અથવા જયાં મોટી સંખ્યામાં હરિજન ભાઈઓ

ડેરીમાં દૂધ ભરતાં હોય તો તેમની આગવી મંડળીની સ્થાપના કરવી જોઈએ. અનુસૂચિત જાતિના લોકો પાસે ઘણી થોડી જમીન છે અથવા જમીન નથી. મોટાભાગે તેઓ મજૂરી પર નિર્ભર છે. આ પરિસ્થિતિને કારણે તેઓ અત્યંત ગરીબ છે. અનુસૂચિત જાતિના લોકોને સારી ગુણવત્તાવાળા દુધાળા ઢોર ખરીદવા માટે સહાય આપી તેમની આર્થિક સ્થિતિ સુધારી શકાય. તેમના માટે આ એક વ્યવહારૂ અભિગમ છે.

(૩) ગામ ભેંસોના ચારા માટે પણ સામુદાયિક (સહકારી) ચારા ઉછેર કાર્ય કરવું જોઈએ.

ધંધા-ઉદ્યોગ

(૧) અનુસૂચિત જાતિના લોકોના વંશપરંપરાગત ધંધાઓ વણાટ અને ચર્મકામના ધંધાઓ ભાંગી પડયાં છે. તેમના વંશપરંપરાગત ધંધાઓ ફરીથી સજીવન થાય તે માટે આર્થિક સવલતો પૂરી પાડવી જોઈએ. તેમનો હાથશાળનો પરંપરાગત ઉદ્યોગ એ પૂરક આવકનું સાધન છે. પરંતુ આજે તેમની મોટાભાગની હાથશાળો સક્રિય નથી અને હાથશાળની સંખ્યામાં ધીમે ધીમે ઘટાડો થઈ ગયો છે. તમામ હાથશાળો ઉત્પાદનની ઈષ્ટમકક્ષા સુધી કામ કરે તે માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. હાથશાળો ઘણી જૂની પુરાણી થઈ ગઈ છે. તેના જૂના ભાગો બદલીને નવા ભાગો મૂકીને આધુનિકરણ કરવું જોઈએ અને વણકરોને વણાટ કામોમાં છેલ્લામાં છેલ્લી ટેક્નીકની તાલીમ આપવી જોઈએ. આમ એકંદરે હાથશાળ ઉદ્યોગનો વિકાસ થાય તે માટે સહાય કરવી જોઈએ. આ દિશામાં હાથશાળ વિકાસ નિગમ તથા સહકારી મંડળીઓ ઘણું કાર્ય કરી શકે એમ છે.

(૨) સર્વેક્ષણ કરેલ કેટલાક ગામોમાં શેતરંજી વણાટ પણ જોવા મળ્યું હતું. શેતરંજી વણાટ એ નવી કામગીરી છે. આની અંદર વધારે કૌશલ્યની જરૂર છે. શેતરંજી વણાટ માટે યુવાનોને તાલીમ આપવી જોઈએ અને તેના વણાટ કેન્દ્રો શરૂ કરવા જોઈએ. આ દ્વારા ઘણાં કુટુંબોને સીધે-સીધી રોજી આપી શકાશે.

(૩) તેમના વંશપરંપરાગત ચર્મઉદ્યોગ પણ નાણાકીય સહાયને અભાવે ભાંગી પડયો છે. આથી ચર્મ ઉદ્યોગ વિકાસ ઉપર ખૂબ ધ્યાન આપવું જોઈએ. અનુસૂચિત જાતિના ઘણાં લોકો ચામડું કમાવવાના કામમાં રોકાયેલા છે. સર્વેક્ષણ દરમ્યાન જોવા મળ્યું કે કાચા ચામડાના એકત્રીકરણનું કામ પણ એકદમ અસંગઠિત દશામાં છે. પરંપરાગત પદ્ધતિએ જ બને તેટલા ચામડા એકઠા થાય છે. આ એકત્રીકરણ માટે સુચારૂ વ્યવસ્થા

કરવા તરફ હવે આપણું ધ્યાન જવું જોઈએ. આ ઉદ્યોગનો વિકાસ કરવા નાણાંકીય સહાય આપવી જોઈએ. તેમજ આ ધંધામાં ટેક્નીકનું ધોરણ ઊચું લાવવા અને ઓજારોનો ઉપયોગ કરવામાં ચામડું ઉતારનારા તથા કમાનારાઓને તાલીમ આપવી જોઈએ. અને ચામડું એકઠું કરવાથી માંડી એમાંથી પાકાં ચામડાં બનતાં સુધીની જે જે પ્રક્રિયાઓ, પધ્ધતિઓ, રીતો, કસારાંઓ છે. તેમનો એક યથાસ્થિતિ અહેવાલ તૈયાર કરવો જોઈએ. જ્યાં ચામડું પકવવાથી માંડી કમાવવાના નાના એકમો શરૂ કરવા જોઈએ.

(૪) આ ધંધાના વિકાસ માટે ગુજરાત લેધર કોર્પોરેશન કરવું જોઈએ.

(૫) અનુસૂચિત જાતિના લોકોને નાના પાયા પર ઉદ્યોગો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન અને એવી બીજી ઉદ્યોગોને પ્રોત્સાહન આપનારી સંસ્થાકીય રચનાઓમાં હરિજનો માટે ૭ % રકમ અને ઈન્ડસ્ટ્રીયલ શેડ અનામત રાખવા જોઈએ અને હરિજનો માટે નિયોજકત્વની ( Enterprenuer ) તાલીમ શરૂ કરવી જોઈએ.

(૬) ઉત્તરપ્રદેશની જેમ હરિજન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થાપવા ઉપર પણ સરકારશ્રીએ વિચાર કરવો જોઈએ. આ ( HIE) એચ.આઈ.ઈ.માં હરિજનો જે કામ પેઢી દર પેઢીથી કરતા આવ્યા છે તેવા ઉદ્યોગોને શરૂ કરાવી દેવા જોઈએ. અમારા સર્વેક્ષણ દરમ્યાન એવા ઘણા હરિજન યુવાનો અમને મળ્યા કે જેઓ આવા ઔદ્યોગિક સાહસો કરવા તૈયાર હતા.

(૭) આ ઉપરાંત ઈંટો બનાવવી, પગરખાં બનાવવા, અંબરચરખા, નેતર અને વાંસકામ, નીરો બનાવવો વગેરે મુખ્ય ગ્રામ્ય ઉદ્યોગો છે. આ ઉદ્યોગો અનુસૂચિત જાતિના લોકોને રોજગારી પૂરી પાડે છે. આવા ધંધા રોજગારોને ખાદી ગ્રામોદ્યોગ તેમજ રાજ્ય સરકારે સહાય કરવી જોઈએ અને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ.

(૮) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું હતું કે કેટલાક ગામોમાં અને નગરોમાં શહેર સુધરાઈમાં ભંગી ઝાડુ વાળવાવાળા હોય છે. કામ પ્રમાણે ઝાડુવાળવાની સંખ્યા ઓછી હોય છે એને લીધે ઘણીવાર નોકરી કરતાં ભાઈથી જે કામ પૂરું થઈ શકતું નથી તે કામ તેને તેના કુટુંબના અન્ય સભ્યોની મદદ વડે કામ કરાવવું પડે છે. તદ્ઉપરાંત આજની મોંઘવારી જોતાં તેમના પગારો પણ ઓછા જણાય છે. આથી ભંગી ઝાડુવાળાઓની સંખ્યા વધારવી જોઈએ અને તેમના પગારની તપાસ માટે એક સમિતિ નીમવી જોઈએ.

## સહકાર

(૧) ગુજરાત રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ ઘણાં લાંબા સમયથી છે અને વિકાસની વિવિધ કક્ષામાંથી તે પસાર થયેલી છે અને સાચા અર્થમાં તે સ્વૈચ્છિક બની છે. અને આ પ્રવૃત્તિ અનેક ક્ષેત્રોમાં વિસ્તરી છે. ખાસ કરીને ધિરાણ સહકારી મંડળીઓ, ગ્રાહક સહકારી મંડળીઓ તથા ઉપર જણાવ્યું તેમ વનઉછેર સહકારી મંડળીઓ વગેરે જેવી સહકારી પ્રવૃત્તિ અનુસૂચિત જાતિના લોકો માટે લાભદાયી છે.

(૨) કોન્ટ્રાકટરો દ્વારા થતું મજૂરોનું શોષણ અટકાવવા તથા તેઓ સારું વેતન મેળવી શકે તે માટે મજૂરો દ્વારા મજૂર સહકારી મંડળીઓ ઉભી કરવી જોઈએ. નાના ખેડૂતો ખેતી ઉત્પાદન વધારવા વધુ સારી ખેતીની પધ્ધતિ ઓ અપનાવી શકે તે માટે અને તેઓ તેમની આવકમાં વધારો કરી શકે તે માટે તેમને સહાય કરવા ખેત સહકારી મંડળીઓ રચવી જોઈએ.

## શિક્ષણ

(૧) સર્વેક્ષણમાંથી કુલ પુરૂષોમાં શિક્ષણનું પ્રમાણ ૫૬% અને સ્ત્રીઓમાં ૩૨% જોવા મળ્યું હતું. આમ શિક્ષણની દ્રષ્ટિએ અન્ય સમુદાયની સરખામણીમાં હરિજનો પાછળ છે એમ સ્પષ્ટ દેખાઈ આવે છે. શિક્ષિતમાં પણ એસ.એસ.સી., સ્નાતક અને અનુસ્નાતક સુધી પહોંચેલ સ્ત્રી-પુરૂષોનું પ્રમાણ ઓછુ છે. ૧૮ જિલ્લામાંથી કેટલાક જિલ્લાઓ એવાં છે કે જેમાં હરિજનો શિક્ષણની દ્રષ્ટિએ ઘણા પાછળ છે. આ જિલ્લાઓમાં બીજી દ્રષ્ટિએ પણ હરિજનોની સ્થિતિ તુલનાત્મક રીતે ખરાબ છે. આથી શિક્ષણની પાછળ વધુ ધ્યાન આપવું જોઈએ. જે જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ સામાન્ય કરતાં ઓછું છે તેવા જિલ્લામાં ઘનિષ્ઠ શિક્ષણ માટે ઝૂંબેશ ઉઠાવવી જોઈએ.

(૨) પુરૂષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે એવું સર્વેક્ષણ પરથી દેખાઈ આવે છે. હરિજન બહેનો વધુ પ્રમાણમાં શિક્ષણ લેતી થાય તે માટે તેમને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ.

(૩) સર્વેક્ષણમાં જણાવ્યા મુજબ ૬ થી ૧૪વયના કુલ ૫૦૮૪૩ બાળકોમાંથી ૧૦૫૫૧ એટલે કે ૨૦.૭૫ % બાળકો શાળામાં આવતા નથી. આમ તમામ પ્રયત્નો કરવા છતાં ૬ થી ૧૪ વયજૂથના તમામ બાળકોને શાળામાં લાવવાનું ઘણું મુશ્કેલ છે.

શિક્ષણ પરત્વેના આ ઉદાસીનતા માટે આર્થિક સ્થિતિ મુખ્યત્વે જવાબદાર છે. આથી બાળકોમાં શિક્ષણની ભૂખ જાગે તે માટે દરેક ગામમાં હરિજન બાળકો માટે આંગણવાડી અને બાલવાડી રાખવી જોઈએ.

(૪) શાળાથી વંચિત બાળકો માટે અશાલેય તથા ઔપચારિકેતર શિક્ષણ કેન્દ્રો ખોલવાં જોઈએ અને શિક્ષિત બેરોજગાર યુવકોને આ કાર્યક્રમ હાથ ધરવા પ્રવૃત્ત કરવા જોઈએ.

(૫) સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું હતું કે હરિજન બાળકો ખાસ કરીને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં નબળા હોય છે. આવા નબળા વિદ્યાર્થીઓ માટે ઉનાળાની રજાઓમા ખાસ શિક્ષણ વર્ગો શરૂ કરવા જોઈએ. કેટલાક હરિજન વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ કક્ષાએ તેમના અભ્યાસ માટે પાઠ્યપુસ્તકો ખરીદવા માટે શક્તિમાન નથી. જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મફત આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) આમ એકંદરે જોઈએ તો અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ એટલું ઓછું છે કે સરકારી પ્રયત્નોની સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અને હરિજનોના પોતાના દ્વારા અથાગ પ્રયત્નો નહી થાય તો આ પ્રશ્નનો સંતોષ-કારક હલ ૫૦ વર્ષ સુધી પણ આવે એવો નથી. સ્વૈચ્છિક સંસ્થાઓ અને હરિજનોના સ્વપ્રયત્નો જે ચાલુ હોય તેને પ્રોત્સાહિત કરવી, આવશ્યકતા પ્રમાણે નવીન સંસ્થાઓ અને હરિજનોના સ્વપ્રયત્નોને શરૂ કરાવવા આ માટે કોમ્પોનન્ટ પ્લાનમાં અંતઃસ્થિત વ્યવસ્થા કરી દેવી જોઈએ.

<u>ઔષધકીય મદદ</u>

(૧) સર્વેક્ષણમા મહાવ્યાધિની પીડાના ઘણા કિસ્સાઓ જોવા મળયા છે. આવા દર્દીઓને સમયસર સારવાર તેમજ આર્થિક મદદ મળવી જોઈએ.

(૨) અંત્યોદય યોજના કાર્યક્રમ હેઠળ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વૃધ્ધ વ્યક્તિને પેન્શન આપવાની યોજના છે. તપાસ દરમ્યાન જાણવા મળયું હતું કે ઘણા કિસ્સાઓમાં વૃધ્ધ માટેનું પેન્શન પણ આપવામાં આવતું નથી અને આ અંગે કોઈ જવાબ પણ આપતું નથી.

સર્વેક્ષણ પરથી જાણવા મળે છે કે ખોડખાંપણવાળા બાળકોની સંખ્યા પણ વધુ છે. ખોડખાંપણવાળા બાળકોના મા-બાપને આર્થિક બોજો ન પડે તથા ખોડખાંપણ-વાળાની સુચારુ સંભાળ લેવાય તથા પોતાની મેળે કંઈ કરતા થાય એ માટે તેવા બાળકોને જે તે સ્કૂલમાં દાખલ કરી દેવા જોઈએ. આના માટે હરિજન મા-બાપોને સમજાવવાં જોઈએ અને આ બાળકોને તેની સંસ્થામાં જલ્દીથી ભરતી કરાવી દેવા જોઈએ.

## વહીવટ વિષયક સુઝાવો

**ખાસ અંગભૂત યોજનાની વર્ષવાઈઝ જોગવાઈ ખર્ચ :**

(૧) રાજય સરકારે ૧૯૭૯-૮૦ના વર્ષ દરમ્યાન સામાન્ય સેક્ટરમાંથી ૯.૦૬ કરોડ જોગવાઈ સાથે પ્રથમ ખાસ અંગભૂત યોજના ઘડી હતી. ૧૯૮૦-૮૧ વર્ષ દરમ્યાન કુટુંબલક્ષી જરુરિયાતો પર આધારિત કાર્યક્રમ પર ભાર મૂકવા સાથે જોગવાઈ વધારીને રૂા. ૨૩.૮૭ કરોડની કરવામાં આવી હતી. ૧૯૭૯-૮૦ ના વર્ષ અંતે ૫.૦૬ (૫૫.૮૮%) કરોડ ખર્ચાયાં હતાં. જયારે ૧૯૮૦-૮૧ના વર્ષ અંતે રૂા. ૧૩.૫૧ કરોડ ખર્ચાયા હતા. ૧૯૮૧-૮૨ના વર્ષ માટે ભારત સરકાર દ્વારા ૩૦.૫૩ કરોડની ખાસ અંગભૂત યોજનાની જોગવાઈ મંજૂર થઈ હતી. તેમાંથી ૨૪.૭૮ કરોડની જોગવાઈ અંકિત કરવામાં આવી હતી. ૧૯૮૨-૮૩ના વર્ષ માટે રૂા. ૨૬.૫૨ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે. આ આંકડાઓ પરથી જણાય છે કે અગાઉના બે વર્ષમાં જે ખર્ચની જોગવાઈ હતી તેમાંથી લગભગ ૫૦% જેટલા નાણાં ખર્ચાયા હતાં. આમ ૫૦% જેટલી રકમ વણવપરાયેલી રહી હતી.

આમ આટલી મોટી રકમ વણવપરાયેલી ન રહી જાય તે ખાસ જોવું જોઈએ અને યોજનાના કાર્યક્રમો પાછળ રકમ ખર્ચાય અને તેનો અમલ થવો જોઈએ. ખાસ અંગભૂત યોજના હેઠળ કાર્યક્રમોના અસરકારક અમલ માટે દેખરેખ નિયંત્રણ પર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. રાજય સરકારે જિલ્લા કક્ષાએ ખાસ અંગભૂત યોજના હેઠળ કાર્યક્રમોના સંકલન તથા દેખરેખ નિયંત્રણ માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ની જગ્યાઓ ઉભી કરી છે. આ અધિકારીઓ દ્વારા વિકાસ કાર્યક્રમોનો અમલ ત્વરિત થાય તે જોવું જોઈએ.

(૨) ખાસ અંગભૂત યોજના હેઠળ જે કંઈ યોજનાઓનો અમલ કરવાનો હોય તે પહેલાં તેમના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી ચર્ચા કરી અમલ કરવો જોઈએ. જેથી તેમને માટે જે કંઈ કરવામાં આવે તે બર આવે અને સરકારશ્રીએ તેમના પાછળ કરેલ ખર્ચનું મૂલ્ય અંકાય. તેમને માટેની વિકાસ યોજના તેમને સાથે રાખીને જ ઘડવી જોઈએ.

(૩) અમોને સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું હતું કે તેમને માટે જે યોજનાઓ ઘડવામાં આવી છે તેનો અમલીકરણ થાય છે ત્યારે ક્યાંક ગેરરીતિઓ થાય છે. નિગમનાં ફોર્મ ભરવાની શરૂઆતથી સહાય પહોંચે ત્યાં સુધી પૈસા પડાવવામાં આવે છે. એવું જાણવા મળ્યું હતું. એક જિલ્લાના અમારા પ્રયાસ દરમ્યાન જાણવા મળ્યું કે એક ગામમાં કેટલીક અનુસૂચિત જાતિની બહેનોને ખજૂરીના પાનામાંથી ઝાડુ બનાવવા માટે સહાય આપવામાં આવી હતી, પરંતુ ખરેખર જે સહાયની રકમ મળવી જોઈએ તેનાથી ઓછી રકમ મળી હતી. આ સિવાય અનેક કિસ્સાઓ ન બને તે માટે સતર્કતા વર્તવી અને સખતાઈથી કામ લેવું.

(૪) અમારા સર્વેક્ષણ દરમ્યાન જાણવા મળ્યું હતું કે ગામકક્ષાએ તાલુકા-કક્ષાએ અને જિલ્લાકક્ષાએ અંગભૂત યોજનાનો કાર્યક્રમ સારી રીતે ચાલે છે, અને અધિકારીઓ આ કાર્યક્રમના લાભો સમાજના લોકોને ઝડપથી મળે તે જોવા માટે હરહંમેશ ઉત્સુક હોય છે. અધિકારીઓની તેમજ લાભકર્તાઓનો જેની સાથે સીધો સંપર્ક એવા માનદ્ પ્રચારકો ભાઈઓ પણ અનુસૂચિત જાતિના લોકોને જે તે કાર્યક્રમ હેઠળ સહાય મળે છે તે મેળવી આપવામાં સારી રીતે મદદરૂપ બને છે. એવું અમને અમારા સર્વેક્ષણ દરમ્યાન અનુસૂચિત જાતિના આગેવાનો પાસેથી પણ જાણવા મળ્યું હતું. આમ છતાં આટલા મોટો કાર્યક્રમ કે જેમાં ઘણાં નાણાં ખર્ચાવાના હોય ત્યારે ગામસ્તરના લાભાર્થીઓની સાંકળ માત્ર એક માનદ્ પ્રચારક છે. જેની પોતાની સ્થિતિ કાયમી નથી. આ સિવાય લાભિતોનો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી સાથે કોઈ સીધો સંબંધ નથી. આથી આટલા મોટા કાર્યક્રમોનો અમલ સારી રીતે થાય તે માટે તાલુકા કક્ષાએ અને જિલ્લાકક્ષાએ આદિવાસી વિસ્તાર પેટા યોજનાની જેમ વ્યવસ્થિત માળખું ગોઠવવું જોઈએ.

(૫) તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે હજુ પણ અમુક ગામોમાં તેમને અસ્પૃશ્ય ગણી તેમની સાથે ન છાજે તેવો વ્યવહાર કરવામાં આવે છે. તેમને કૂવા પરથી પાણી ભરવા દેવામાં નથી આવતું. હોટલો અને લોજમાં પ્રવેશ આપવામાં આવતો નથી. હોટલોમાં તેમને માટેના ચા પીવાના કપ-રકાબી જુદા રાખવામાં આવે છે. કેટલાક દુકાનદારો તેમને દૂર ફેંકીને વસ્તુઓ આપે છે. રાજ્યમાં અસ્પૃશ્યતા અંગેનો અનેક કાયદાઓ હોવા છતાં તેનો અમલ કડક રીતે થતો નથી. કાયદાનો અમલ કડક રીતે કરવો જોઈએ. આથી એવા સ્થાનો (જે હવે ઓછા છે અને ઓછા થતાં જાય છે) ત્યાંના સવર્ણ પ્રજાઓના લોકશિક્ષણનું કામ પણ કરવું [illegible]

જોઈએ જેથી લોકોને પણ થાય કે એમની હરિજન પ્રત્યેની વર્તણૂંક અન્યાય છે અને એમને પોતાને પણ હાનિકર્તા છે.

(૫) ખાસ અંગભૂત યોજના હેઠળ ૧૯૮૦-૮૧માં ૨૮૫ ગામોમા અને ૧૯૮૧-૮૨ માં ૩૧૬ ગામોમાં મોજણી કરવામા આવી હતી. અંગભૂત યોજનાનો આ બધા ગામોમાં અમલ થયો છે કે નહીં ? જો યોજનાનું અમલીકરણ થયું હોય તો તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. આમ તેમના માટે જે કંઈ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે તેનું દર વર્ષે મૂલ્યાંકન કરવું જોઈએ. આવા મૂલ્યાંકન અભ્યાસની જવાબદારી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં જે ''હરિજન સેલ'' પ્રસ્થાપિત કર્યો છે તે દ્વારા હાથ ધરાય તે ઉચિત છે.

(૬) સામાન્ય પ્રજામાં એક એવી છાપ જોવા મળે છે કે સરકારશ્રી યોજનાઓ સારી ઘડે છે, તે માટે નાણાંની ફાળવણી પણ યોગ્ય રીતે કરવામાં આવી હોય છે તેમ છતાં તેનો અમલ બરાબર થતો નથી. જેથી યોજના અમલીકરણના તબક્કે નિષ્ફળ જાય છે. આથી રાજ્ય સરકારે અંગભૂત યોજના હેઠળના વિકાસ કાર્યક્રમોનું કોઈપણ એક જિલ્લાના પાંચ ગામોનું પ્રાયોગિક ધોરણે અમલીકરણનું કામ કોઈ સારી સંસ્થાઓને સોંપવું જોઈએ.

## ડાંગ જિલ્લાના આદિવાસીઓ માટે ઇ.સ. ૨૦૦૧ સુધીનું

## ભાવિલક્ષી આયોજન

અહેવાલ લેખન : પટેલ અરૂણ ભા.
સાર લેખન : પટેલ અરૂણ ભા.

આપણા દેશમાં તેમજ ગુજરાતમાં આદિવાસીની સંખ્યા સારી એવી છે. જે કોઇને કોઇ કારણોસર બિનઆદિવાસી સમાજથી પાછળ દબાયેલ અને શોષિત છે. બિનઆદિવાસી સમાજની કક્ષાએ ઘણી અવિકસિત છે. પરંપરાથી આદિવાસીના જીવન અંગે સંસ્કૃતિ સંદર્ભ માહિતગાર થવા સરકાર દ્વારા,સામાજિક સેવકો દ્વારા તેમજ સંશોધકો દ્વારા પ્રયત્નો થતા રહયા છે. ઉપરોકત અભ્યાસોમાં ગુજરાતના આદિવાસી વિષે ઘણા અભ્યાસો થયા છે. તેમાં જુદા જુદા વિસ્તારના આદિવાસીઓ માટે પંચવર્ષીય યોજનાઓ પણ થઇ છે. તેની સરખામણીમાં ૨૦ વર્ષ સુધીની યોજના હજુ સુધી થઇ નથી. ગુજરાતમાં જુદા જુદા આઠ આદિવાસી જિલ્લાઓ છે. તેમાંથી મેં નમૂના તરીકે એક ડાંગ જિલ્લો લીધો છે અને તેનું ઇ.સ. ૨૦૦૧ સુધીનું ભાવિલક્ષી આયોજન સૂચવવા પ્રયત્ન કર્યો છે.

### ભાવિલક્ષી આયોજન શા માટે ? :

ભાવિલક્ષી આયોજન સમગ્રલક્ષી દ્રષ્ટિ અને અર્થતંત્રના દીર્ઘકાલીન વલણો પારખવાનું કૌશલ માગી લે છે. અમુક સમયગાળા દરમિયાન વિકાસની પ્રક્રિયા હાથ ધરવા માટે અતિ ટૂંકાગાળાના લાભ અને અતિ લાંબાગાળાના લાભ વચ્ચે ભેદ પાડવો જરૂરી બને છે. કેટલાક પરિવર્તનો અત્યંત લાંબાગાળાની તૈયારી અને આયોજન તથા પરિણામો સિધ્ધ થાય તે પહેલાં તે પરિપક્વ બનવા માટેનો લાંબો સમય માગી લેતાં હોય છે. જુદી જુદી યોજનાઓને નાણાકીય કદ, ટેકનિકલ જાણકારી અને પૂર્વતૈયારી માટેના સમયની દ્રષ્ટિએ અગ્રતાક્રમમાં સુસંકલિત બનાવવા કોઇ સ્પષ્ટ ખ્યાલની ભૂમિકા ન હોય તો ઉત્પાદન અને રોજગારના સ્પર્ધાત્મક ક્ષેત્રો વચ્ચે વિવિધ વિભાગો માટેની ફાળવણી અંગે સમજપૂર્વક નિર્ણયો લેવાનું શક્ય બનશે નહીં. પૂર્વતૈયારી માટે જુદો જુદો સમય માગી

હેતા વિવિધ પ્રકારના યોજના કામોનો સમુચિત સમાવેશ કરતી પંચવર્ષીય યોજનાઓની હારમાળા એ જ એક પેઢીથી આગળ વિસ્તરતા ભાવિલક્ષી આયોજનનું હાર્દ છે.

તપાસનું ક્ષેત્ર અને સંશોધન પધ્ધતિઓ :

મેં મારા આ શોધ નિબંધની તપાસમાં ડાંગ-જિલ્લાને ધ્યાનમાં રાખી ડાંગ-જિલ્લા મથકની મુલાકાત લઇ જિલ્લા પંચાયત, શિક્ષણ વિભાગ, ખેતી વિભાગ, આરોગ્ય વિભાગ, રસ્તા બાંધકામ વિભાગ, જંગલ ઉદ્યોગ વિભાગ વગેરે દ્વારા હાલમાં થઇ રહેલા કામો તથા આજ સુધી થયેલા કામો અંગેની માહિતી મેળવી. તદુઉપરાંત લોકસંપર્ક માટે ગાઢવી, કુડકસ, સતી વગેરે ગામ પસંદ કર્યાં હતા.

તપાસ નિબંધ સંબંધી માહિતી વેરવિખેર પડેલી હોય છે, તેને ક્ષેત્રકાર્ય દ્વારા એકઠી કરવી પડે છે. આ માટે જુદી જુદી વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી બે પ્રકારની હોય છે. પ્રાથમિક અને દ્વૈતિયક. તેમાં દ્વૈતિયક માહિતી ગ્રંથાલયની મદદથી મેળવી છે. આદિવાસી આયોજન વિષેના સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓના અહેવાલોનું પણ મેં અધ્યયન કર્યું છે. પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય કર્યું છે. આ ક્ષેત્રકાર્ય દરમિયાન નીચેની જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(અ) પ્રત્યક્ષ મુલાકાત :

તપાસ ક્ષેત્રમાં આવતા જુદા જુદા પાસાઓ વિષે માહિતી મેળવવા સંબંધિત સંસ્થાઓ, વ્યક્તિઓ અને અધિકારીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી.

(બ) અવલોકન :

પ્રત્યક્ષ મુલાકાતની સાથે સાથે અવલોકન દ્વારા જુદા જુદા ખાતાઓ મારફત ડાંગની પ્રજાના ઉત્કર્ષ માટેના થયેલા કાર્યોનું અવલોકન કર્યું છે.

વિસ્તાર અને વસ્તી :

ગુજરાત રાજ્યના દક્ષિણ છેડે ૧૭૭૮ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતો આ નાનકડો ડાંગ જિલ્લો સહ્યાદ્રિ પર્વતની ઉત્તર છેડે આવેલી હારના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. આ જિલ્લો ડુંગરાળ ગીચ જંગલ વિસ્તાર છે, અને સઘન આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. જિલ્લાની કુલ ૧૬૩૯૯૬ વસ્તીમાં ૧૦૪૯૭૫ જ વસ્તી આદિવાસીઓની છે. ડાંગ જિલ્લાની આદિવાસી વસ્તીમાં કુકણા, ભીલ અને વારલીની સંખ્યા અન્ય આદિવાસી જાતિઓ કરતાં વધારે જોવા મળે છે.

ડાંગના છેલ્લા આઠ દાયકાના વસ્તીના વૃધ્ધિ દર જોતાં દરેકે દરેક દાયકામાં ઘણો મોટો તફાવત લાગે છે. આ મોટા તફાવતનું કારણ કદાચ મોટો રોગચાળો હોય, ત્યાંની વસ્તી અસ્થિર હોય અથવા એ લોકો અશિક્ષિત હોઇ કુટુંબ નિયોજન ન કરતા હોય. આ બધાં કારણો એક સાથે પણ લાગુ પડતાં હોઇ શકે, અને આથી ત્યાંની વસ્તીમાં મોટા ફેરફારો થયા હશે.

ડાંગના છેલ્લા પાંચ દાયકાની વસ્તી ગણતરીના આંકડા પરથી Compound growth rate પ્રમાણે ગણતાં ૧૯૯૧ ની વસ્તી લગભગ ૧૪૮૮૯૬ અને ૨૦૦૧ ની વસ્તી ૧૯૪૨૨૨ થાય એવી મારી ધારણા છે. આ વસ્તી વધારાને ધ્યાનમાં રાખી નીચેનાં ધ્યેયો રાખવા મેં પ્રયત્ન કર્યો છે. મને લાગે છે કે આનાથી વધુ પ્રાપ્ત થવું મુશ્કેલ થઇ પડશે.

(૧) ગરીબમાં ગરીબનો વિકાસ પહેલો થાય અને વધુ વેગે થાય. ગરીબીની રેખા નીચેનાં લગભગ ૮૦ ટકા કુટુંબો ગરીબીની રેખાની ઉપર આવે.

(૨) ડાંગી કુટુંબની સરાસરી આવકમાં ૨૦ વર્ષના ગાળામાં મૂલ્યવૃધ્ધિની અસરને બાદ કરતાં ૫૦ ટકા વધારો થાય.

(૩) તે વખતના બિનઆદિવાસી ગુજરાતની શિક્ષણની ટકાવારી ડાંગમાં પણ થઇ જવી જોઇએ.

(૪) સૂચવેલી વિકાસવૃધ્ધિને અનુરૂપ સબંધિત અન્ય ક્ષેત્રોમાં વિકાસ.

(૫) ખેતીની સાથે વન અને વનોપજનો વિકાસ.

(૬) યોજનાના બધા કાર્યક્રમો સુસંકલિત રહે.

(૭) ઔદ્યોગિકરણ કરતાં ખેતી, વન, વનોપજનો અને ગ્રામોદ્યોગ દ્વારા કુટુંબની સ્વનિર્ભરતા અને સ્વનિયોજનને અગ્રીમતા.

(૮) લોકોનો પોતાના વિકાસમાં મહત્તમ ફાળો અને ગ્રામ્ય સ્તરેથી વિકાસ યોજના થઇ ઉપર પહોંચે.

વધતી જતી વસ્તી અને વધુ સારા જીવન માટેની લોકોની આકાંક્ષાઓ વહેલી તકે પૂરી કરવા માટેની જરૂરત હવે પછીના કેટલાક વર્ષો દરમ્યાન જિલ્લાના અર્થતંત્રનો ઝડપી વિકાસ આવશ્યક બનાવે છે. ૧૯૮૧ થી ૨૦૦૧ સુધીના બે દાયકા માટેની ભાવિલક્ષી યોજનામાં ખેતી વિકાસ, ખેતીની સાથે વન અને વનોપજનો વિકાસ, ડેરી વિકાસ અને ઉદ્યોગ વિકાસ સાથે ૮ ટકાનો સમગ્રલક્ષી વિકાસ દર (એક પંચવર્ષીય યોજના માટે) સિધ્ધ કરવાની ધારણા છે. આ ભગીરથ કાર્ય છે, પરંતુ વધુમાં વધુ નાણાં-સાધનો કામે લગાડવાના પ્રયત્નો અને કાર્યક્રમોના સાર્થક અમલ દ્વારા તે સિધ્ધ કરવું મુશ્કેલ નથી.

## શિક્ષણ :

ડાંગના આદિવાસીઓ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે બિનઆદિવાસીઓ કરતાં પાછળ રહી જવા પામ્યા છે. શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ એ છે કે તેઓ જંગલ કે પહાડી વિસ્તારમાં વસેલા હોવાથી એમને પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સવલતો પૂરી પાડી શકાઇ નથી. ઉપરાંત શિક્ષણ મેળવવાની બાબતમાં એ લોકોનું માનસિક વલણ પણ થોડું મોળું રહેવા પામ્યું છે.

૧૯૭૧ ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે ગુજરાતનું અને ડાંગ જિલ્લાનું શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૦.૪૫ ટકા અને ૯.૨૬ ટકા હતું. ૧૯૭૧ માં આ પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯ ટકા અને ૧૪.૧૬ ટકા થયું. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાતનું એક દાયકામાં શિક્ષણનું

પ્રમાણમાં ૫.૩૪ ટકાનો વધારો થયો. જ્યારે ડાંગ જિલ્લાના શિક્ષણમાં ૪.૯૦ ટકાનો વધારો થયો. તેવી જ રીતે ૧૯૭૧ માં ગુજરાત અને ડાંગ જિલ્લાનું શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૫.૭૯ ટકા અને ૧૪.૧૬ ટકા હતું અને ૧૯૮૧ માં આ પ્રમાણ અનુક્રમે ૪૩.૭૫ ટકા અને ૨૯.૯૬ ટકા છે. આમ ગુજરાતનું (૧૯૭૧-૮૧ ના) એક દાયકામાં શિક્ષણના પ્રમાણમાં ૭.૯૬ ટકા વધારો થયો જ્યારે ડાંગ જિલ્લાના શિક્ષણમાં ૧૫.૮૦ ટકા નો ધરખમ વધારો થયો છે.

આગળ આપણે જોયું તે પરથી કહી શકાય કે ૧૯૬૧-૭૧ ના દાયકામાં ગુજરાતની શિક્ષણના પ્રમાણમાં વધારો થયો હતો. જ્યારે ૧૯૭૧-૮૧ ના દાયકામાં તેથી તદ્દન ઉલટું થયું છે. એટલે કે ગુજરાત કરતાં ડાંગ જિલ્લાના શિક્ષણના પ્રમાણમાં ડબલ વધારો થયો છે. આ પરથી તારવી શકાય કે ડાંગ જિલ્લાની પ્રજામાં એકાએક શિક્ષણની ભૂખ જાગી છે.

ગુજરાતના છેલ્લા ચાર દાયકાના શિક્ષણના આંકડા પરથી Linear Regression Method પ્રમાણે ગુજરાતનું શિક્ષણનું પ્રમાણ ૧૯૯૧ માં લગભગ ૫૧.૩૦ ટકા અને ૨૦૦૧ માં ૫૯ ટકા થાય એવી મારી ધારણા છે. ગુજરાતનું અને ડાંગનું શિક્ષણનું પ્રમાણ ૧૯૮૧ ની પ્રા.વસ્તી ગણતરી પ્રમાણે અનુક્રમે ૪૩.૭૫ ટકા અને ૨૯.૯૬ ટકા છે. આમ જોતાં ગુજરાત અને ડાંગના શિક્ષણનો ગાળો ઘણો જ મોટો છે. આ ગાળો નાનો બનાવવા અથવા સમકક્ષાએ લાવવા ૨૦૦૧ સુધીમાં ડાંગનું શિક્ષણનું પ્રમાણ લગભગ ૫૯ ટકા (ગુજરાતના શિક્ષણના પ્રમાણ જેટલું) નજીક કરવા તનતોડ પ્રયત્નો આદરવા જોઇએ. બીજી રીતે કહીએ તો સમાજના વિકાસ સાથે બિનઆદિ-વાસી સમાજના વિકાસમાં હરણફાળ સાથે આદિવાસી સમાજને તાલ મેળવવા અનેકવિધ નવા નવા સાધનો તેમજ શોધાયેલાં નવાં નવાં પધ્ધતિઓ, બદલાતો દ્રષ્ટિકોણ, આદિવાસી સમાજની જાગૃતિ, શિક્ષણ પરત્વેની ભૂખ, રાજકીય નેતૃત્વ, સરકારની વિકાસ પરત્વેની ગતિ આ બધાને નજર સમક્ષ રાખી આવતાં ૨૦ વર્ષોમાં આદિવાસી સમાજની શિક્ષણની પ્રગતિ જોઇએ તો તે સમાજ લગભગ બિનઆદિવાસી સમાજની સમકક્ષ આવ્યો હશે. જેથી મારા અનુમાન

પ્રમાણે ૨૦૦૧ માં ડાંગમાં લગભગ ૫૯ ટકા જેટલુ શિક્ષણ થયુ હશે. આ અનુમાનની પાછળનુ કારણ મુખ્યત્વે તાર્કિક છે. કારણ કે ૧૯૮૧ ની પ્રા.વસ્તી ગણતરી પ્રમાણે ડાંગમાં ૨૯.૯૬ ટકા શિક્ષિત વર્ગ છે. અને પ્રાથમિક તેમજ માધ્યમિકમાં લગભગ શિક્ષણ લઇ શકે તેવા બાળકોમાં ૩૫ ટકા શિક્ષણ લે છે. હવે આ શિક્ષિત વર્ગના જે નવી પેઢી આવશે તે નવી પેઢીમાં શિક્ષણનો વ્યાપ હાલના કરતાં ઘણા મોટા વ્યાપમાં હશે.

આગળ આપણે જોયુ તે પ્રમાણે છેલ્લા ૧૯૭૧-૮૧ ના દાયકામાં ૧૫.૮૦ ટકાનો ધરખમ વધારો ડાંગના શિક્ષણના પ્રમાણમાં થયો છે. તે પરથી કહી શકાય કે તેમની શિક્ષણ પચાવવાની પ્રજામાં શકિત તો છે જ. આ ધ્યાનમાં રાખી એક દાયકામાં ૧૪ ટકા શિક્ષણ પ્રમાણ પચાવી જ શકે. અને આ માટે જિલ્લાના તમામ વર્ગના બાળકોને બાલવાડીથી માધ્યમિક શિક્ષણ સહેલાઇથી પ્રાપ્ત થાય એવા પ્રકારની સગવડો ઉભી કરવી જરૂરી છે. કોઠારી કમિશનની ભલામણ પ્રમાણે દસ પાંચ કિ.મી.ને અંતરે માધ્યમિક શાળાની સગવડ હોય, એકથી બે કિ.મી.ની અંદર પ્રાથમિક શાળાની સગવડ હોય તે જરૂરી છે. તથા દરેક ગામમાં બાલવાડી ચાલતી હોય. આવા પ્રકારની સગવડો ઉભી થાય તેને માટે સક્રિય પ્રયત્નો થાય તે જરૂરી છે. ટૂંકમાં શિક્ષણ સુવિધા માટે જોઇતી બાલવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છાત્રાલયો, આશ્રમશાળાઓ, મહાશાળાઓ, ગ્રામ્ય પુસ્તકાલયો, શિક્ષક નિવાસો વગેરે હોવા જ જોઇએ.

x ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અમલ કડક રીતે થાય એમ કરવુ જ જોઇએ. તે માટે તમામ ગામોમાં પ્રાથમિક શાળાની સગવડ થવી જ જોઇએ.

x એકથી ત્રણ કે ચાર ધોરણવાળી તમામ શાળાઓને એકથી સાત ધોરણવાળી શાળા બનાવવી જોઇએ.

x તમામ શાળાઓમાં કાંતણ વણાટનો ઉદ્યોગ ફરજિયાત દાખલ કરવો જોઇએ.

x દરેક પ્રાથમિક શાળાએ બાલવાડીને એકત્રીકરણ કરવી જોઇએ.
( Complex )

x વંશ પરંપરાગત નૃત્યકલા, સંગીત અને ગીતોને ટકાવી રાખવા અને તેના વિકાસ માટે દર વર્ષે શિબિરો યોજવા જેથી સંસ્કૃતિ જળવાઇ રહે.

x લોક જાગૃતિ અને બહારના સંસ્કૃતિના પરિચય માટે શૈક્ષણિક પ્રવાસ યોજવા.

x દર વર્ષે રમત-ગમત સ્પર્ધાઓ યોજવી.

x સમગ્ર જિલ્લાના પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણનો સમગ્ર ખ્યાલ આપતું પ્રદર્શન દર વર્ષે યોજવું.

x ટેકનીકલ અથવા ધંધાદારી શિક્ષણનો સમાવેશ થાય તેવું શિક્ષણ હોવું જોઇએ.

ખેતી અને વન :

સમગ્ર જિલ્લો એક ડુંગરાળ પ્રદેશ છે અને ગીચ જંગલથી ભરપૂર વિસ્તાર છે. જે ભાગ થોડો ૫૦૭૦૭ હેક્ટર સમતળ છે તે ખેતી માટે ઉપયોગી છે. ડાંગ જિલ્લાનો કુલ વિસ્તાર ૧૭૦૭૮૦ હેક્ટર છે. તે પૈકી ૯૭૨૮૪ હેક્ટર વાવેતર વિસ્તાર છે. બાકીનો વિસ્તાર ઉજ્જડ પડતર, ગોચરણ અને ખેડી શકાય તેવી પડતર ૧૮૫૪૭ હેક્ટર છે.

જિલ્લામાં વાવેતર વિસ્તારના ૦.૨૦ ટકા જેટલું પિયત થાય છે. જે કૂવાથી ઓઇલ એન્જીન અને ઇલેક્ટ્રીક મોટર દ્વારા તેમજ ઉદ્‌વહન સિંચાઇ દ્વારા કરવામાં આવે છે. આ સુવિધાઓ નહિવત છે.

અહીંની ખેતીનો મુખ્ય આધાર આકાશી વરસાદ પર છે. અંકુશિત સિંચાઇ સુવિધા આધુનિક ખેતીની પૂર્વ શરત છે. કૃષિવિકાસનું આયોજન આ સુવિધાની ઉપલબ્ધિ વિના અધૂરું જ ગણાય. અહીં ઉપલબ્ધ પાણીનો મહત્તમ ઉપયોગ કરીને સિંચાઇની સુગ્રથિત યોજના સહેલાઇથી બનાવી શકાય તેમ છે. જિલ્લાની મહત્વની ચાર નદીઓ પૂર્ણા, અંબિકા, ખાપરી અને ગિરા છે. તેમજ અનેક નાના મોટા ઝરણા અહીંના પિયત વિકાસમાં મોટો ફાળો આપી શકે તેમ છે.

લઘુ સિંચાઇ :

ભૂગર્ભમાં કેટલું પાણી છે તેના સર્વેક્ષણ અહેવાલ પ્રમાણે ભૂગર્ભ પાણી મેળવવાની સ્થિતિ બહુ સારી નથી. તેથી ચેકડેમનું વિચાર્યું છે. ડાંગમાં

આવાં ૨૫ ચેકડેમ બનાવી શકાય એમ છે. અને ૨૫ ચેકડેમથી ૮૧૬ હેક્ટરમાં પાણી ફરી શકે તેમ છે. તેનો અંદાજી ખર્ચ ૧૨૧ લાખ રૂપિયા થાય તેમ છે. આ સિવાય અન્ય ૨૧ સ્થળોએ ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓ પણ શરૂ થઇ શકે તેમ છે. તેનાથી ૫૫૨ હેક્ટરમાં પાણી ફરી શકે તેમ છે. અને અંદાજી ખર્ચ ૭૧.૫૦ લાખ રૂપિયા થાય તેવી ધારણા છે.

મોટી અને મધ્યમ કદની સિંચાઇ :

પ્રાથમિક રીતે ડાંગ જિલ્લો જંગલ વિસ્તાર હોવાને કારણે અન્ય નીતિઓની સરખામણીમાં જંગલની નીતિ મહત્વની રહેશે. તાજેતરમાં ભારત સરકારના વટહુકમ પ્રમાણે જંગલ હેઠળની કોઇ પણ જમીન બીજા ઉપયોગમાં લઇ શકાશે નહીં. તેથી જો આ સિંચાઇ યોજનાઓ અમલમાં મૂકવા પર ભાર મૂકવામાં આવે તો ઘણી વિશાળ જમીન ડૂબાણમાં જાય અને મોટી સંખ્યાનાં ગામો ખસેડવાના પ્રશ્નો ઉપસ્થિત થાય અને આમાંથી કેટલાક આર્થિક સામાજિક પ્રશ્નો ઊભા થશે. તેથી મધ્યમ કદની સિંચાઇ યોજનાઓને નાના કદની સિંચાઇ યોજનામાં ફેરવી નાખવી જોઇએ. જેથી માત્ર નદી કિનારાની જ જમીન ડૂબાણમાં જાય.

સિંચાઇનું મહત્વનું સાધન કૂવા પણ છે. જો કે અહીં કૂવામાં પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. પણ જો ચેકડેક થાય તો આજુ-બાજુના કૂવાઓનાં પાણીનાં તળિયાં ઊંચાં આવે અને પાણી કાયમ મળી રહે. ટૂંકમાં સિંચાઇની સાથે સાથે પીવાના પાણીનો પણ મહાન પ્રશ્ન ઉકેલાઇ શકે. ડાંગમાં કેટલીક ઉદ્‌વહન સિંચાઇ યોજના-ઓનું કામ પૂરું થઇ ગયું છે તેમજ તેની ચકાસણી પણ કરવામાં આવી છે, પરંતુ વહીવટી ગૂંચવણોને કારણે આ યોજનાઓ ચાલુ થઇ શકી નથી. આથી લોકોને આ સિંચાઇનો કોઇ લાભ મળતો નથી. માટે વહીવટી ગૂંચવણો દૂર કરી આ યોજનાઓ તાત્કાલિક ચાલુ કરવી જોઇએ.

ડાંગમાં સૌથી સારા પાક માટે બટાટા સફળ થઇ શકે તેમ છે. કારણ કે ત્યાંની આબોહવા બટાટા માટે ખૂબ સુંદર છે.

વાતાવરણ અનુકૂળ આવે તેમ છે અને ભવિષ્યમાં બટાટાના ખેતી ઉપર ભાર મૂકીએ તો ગુજરાતમાં બટાટાનું બિયારણ ડાંગ પૂરૂં પાડી શકે તેમ છે. ગુજરાત બટાટાનું બિયારણ બહારથી મગાવે છે તે બહારથી મગાવવું પડે પણ નહીં.

ડાંગમાં કેટલીક જમીન એવી છે કે જે કોતરવાળી છે. જયાં ખેતી અને વન પણ થઇ શકે નહીં તેવી જમીનમાં વાંસ ઉછરી શકે તેમ છે.

ખેતીની જમીનમાં અનાજ તો ખાસ થતું નથી એટલે ખેતીની સાથે જ વનની ખેતી થાય એ ડાંગ માટે મહત્વનું છે. આ માટે દરેક ખેડૂતોને માલિકી જમીનમાં વૃક્ષ વાવેતરની યોજનાનો લાભ મળે અને મેળવે તેવા પ્રયત્નો કરવા જોઇએ. સાથે સાથે સાગ અને વાંસ સિવાય ફળાઉ ઝાડ પણ આપવાં જોઇએ. જેના પાસે જમીન નથી અને મજૂરી કરે છે તેઓને સામાજિક સુરક્ષા માટે વૃક્ષ વાવેતરની યોજના /૨.૫ હેકટર યોજના હેઠળ લાભ આપવો જોઇએ. ડાંગમાં આ યોજના પ્રમાણે ખાસ કોઇને લાભ મળતો નથી. પણ આ યોજના અમલમાં આવે તો વૃક્ષ અને વનવાસી વચ્ચેની સાંકળ જળવાય. આ રીતે ખેતીની સાથે જ વન પણ થાય.

ડેરી વિકાસ :

ડાંગમાં ઘાસની તંગી તો બિલકુલ નથી. જોઇએ તેટલું ઘાસ મળી શકે તેમ છે. એટલે ડેરી વિકાસ માટે મહત્વનો પ્રશ્ન તો ઉકેલાયેલો જ છે. અને ઘાસનું વેસ્ટ થતું અટકે. મુશ્કેલી એ છે કે ડાંગના કોઇપણ ગામમાં નવી મંડળી ખોલવામાં આવે ત્યારે તે ગામના આદિવાસીઓને ભેંસો આપવામાં આવે છે પણ બીજા વર્ષે આ બધી આપેલી ભેંસો દૂધ આપતી નથી. લગભગ ૧૦ ટકા જેટલી ભેંસો દૂધ આપતી હોય છે. તેથી દૂધ મંડળી ઉપર અસર પડે છે. માટે એટલું તો કરવું જોઇએ કે જે ગામને મંડળી મારફતે ભેંસો અપાય છે તે જ ગામને બીજા વર્ષે પણ ભેંસો આપવી જોઇએ. જેથી દૂધ ઉત્પાદનનું સરકયુલેશન ચાલુ રહે અને વારા ફરતી ભેંસોનું વિયાણ થવાથી કાયમી દૂધની મુશ્કેલી ન રહે. આ ઉપરાંત વેટનરી યુનિટ, દૂધના નિકાલ માટે નાનો ચિલીંગ પ્લાન્ટની પણ વિચારણા થવી જોઇએ. વિમા કલેઇમ માટેની સમયમર્યાદા લંબાવવી જોઇએ વગેરે ડેરી વિકાસ માટે ઘણું વિચારવાનું છે.

... ૩૦.

ઉદ્યોગ :

ડાંગમાં વન પર આધારિત ઘણા બધા ઉદ્યોગો છે. પરંતુ ડાંગમાં ઉદ્યોગો માટે જમીન નથી અને પાણીનો મોટો પ્રશ્ન છે. ગરીબો દ્વારા ચલાવાતી નાની પેપર મીલ બાંધી શકાય, જંગલના વેસ્ટમાંથી પૂઠાં બનાવી શકાય, દિવાસળી, અગરબત્તી વગેરેનું કારખાના પણ સરસ ચાલી શકે. તદુઉપરાંત રમકડાંનું કારખાનું ઇલેકટ્રોનીકસ બનાવટો વગેરે થઇ શકે.

ખેતી વિકાસ અને ખેતીની સાથે જ વનની ખેતીનો વિકાસ થાય તો લગભગ ૬૦ ટકા કુટુંબો ગરીબીની રેખા પર આવી શકે.

જમીન વિહોણા કુટુંબો માટે વન વિભાગની ૨.૫ હેકટરની યોજનાથી પણ પોતાની આવકમાં વધારો કરી શકે. ડેરી વિકાસનું આયોજન બરાબર થાય તો ડાંગના એકે એક કુટુંબની આવકમાં ચોકકસ વધારો થાય અને પોતાની કુલ આવકમાં વધારો કરી શકે. મેં દર્શાવેલ ઉદ્યોગ વિકાસ ઉપર ધ્યાન અપાય તો પણ દરેક કુટુંબને આવકમાં સારો એવો વધારો થઇ શકે.

ટૂંકમાં ખેતી વિકાસ, ખેતીની સાથે જ વન અને વનોપજનો વિકાસ, ડેરી વિકાસ અને ઉદ્યોગ વિકાસ આ સમગ્રલક્ષી વિકાસથી ડાંગી કુટુંબની સરાસરી આવકમાં ૨૦ વર્ષના ગાળામાં મૂલ્યવૃધ્ધિની અસરને બાદ કરતાં ૫૦ ટકા વધારો થાય અને ગરીબીની રેખા નીચેના લગભગ ૮૦ ટકા કુટુંબો ગરીબીના રેખાના ઉપર આવે.

યોજનાનાં લક્ષ્યો ઓછા લાગે. ઇ.સ. ૨૦૦૦ સુધીમાં પણ ૨૦ ટકા લોકો ગરીબીના રેખા નીચે રહી જાય એવું કોઇને ન ગમે પણ મારુ માનવું છે કે ડાંગનો વિકાસ ઇતિહાસ જોતાં આથી વધુ થવું લગભગ અશકય જ બનશે. સિવાય કે કોઇ મોટો જાદુ થાય અને બધા લોકો ૨૦ વર્ષમાં ગરીબીની રેખાની ઉપર આવી જાય.

પીવાના પાણીની સવલત :

ડાંગના કુલ ૩૧૧ ગામમાંથી ૨૭૩ ગામમાં પીવાના પાણીની સવલત છે અને બાકીનાં ૩૮ ગામ સવલત વગરનાં જ છે. સવલતવાળા

ગામ પૈકી ૯૨ ગામ નદી કે તળાવ પર આવેલા છે. તેઓ નદી કે તળાવના પાણીનો ઉપયોગ કરે છે. ડાંગમાં ભૂગર્ભમાં પણ પાણી નથી તેથી સાદા કૂવામાં પણ પાણી મળતું નથી. કુલ ૨૬૯ ગામમાં ૩૩૨ સાદા કૂવા છે. આ સાદા કૂવામાંથી લગભગ ૮ થી ૧૦ માસ પાણી મળી શકે છે અને ઉનાળામાં કૂવાઓમાં પાણી સૂકાઇ જવાથી પાણી બિલકુલ મળતું નથી. આવા કેટલાક ઉંડાણવાળા ગામ કે જયાં પાણી બિલકુલ નથી અને ઘણી ઉંચાઇવાળી જગ્યાએ આવેલા છે. તેવા ૨૧ ગામમાં ટેકર દ્વારા અને ૯૧ ગામમાં બળદગાડા દ્વારા પાણી પુરૂં પાડવામાં આવે છે.

**પાઇપ લાઇન વ્યવસ્થા :**

ડાંગના ત્રણ ગામ આહવા, વઘઇ અને સાપુતારામાં પાઇપ-લાઇન મારફતે પાણી અપાય છે.

**હેન્ડ પંપ :**

કુલ ૧૦૩ ગામમાં ૨૦૫ બોર બનાવેલા તેમાંથી ૯૧ બોર સફળ થયેલા અને ૭૪ હેન્ડ પંપ ગોઠવેલ બોરમાંથી ફક્ત ૪૬ ચાલુ હેન્ડ પંપ રહેલ બોર છે.

**પીવાના પાણીનું ૨૦૦૧ સુધીનું આયોજન :**

જળ સંપત્તિ માટે બોર અને હેન્ડ પંપની યોજના સિવાય બીજી યોજનાઓ ખાસ ઉપયોગી નથી. જો કે ભૂગર્ભ જળની તંગીને કારણે આ યોજનામાં ધાર્યું પરિણામ મેળવી શકાય નહીં. આથી ભૂગર્ભ જળના યોગ્ય ઉપયોગ માટે ચેકડેમ બનાવવા સૂચવું છું અને ચેકડેમ નીચેના હેતુઓ માટે ઉપયોગી છે.

(૧) પાણીના સખત પ્રવાહને અટકાવીને કિનારાના વિસ્તારોને પૂરની અસર ઘટાડવી.

(૨) ચેકડેમ દ્વારા રોકાયેલા પાણીથી આજુબાજુના વિસ્તારના સાદા કૂવામાં પાણીનો સંગ્રહ કરી શકે અને પાણી સૂકાઇ જાય નહીં.

(૩) ખેતી માટે સિંચાઇ પણ થઇ શકે.

... ૧૨.

(૪) મત્સ્ય ઉદ્યોગ પણ થઇ શકે.

આગળ સિંચાઇમાં ૨૫ ચેકડેમ બનાવવા સૂચવ્યુ છે અને સ્થળ અંગે નિબંધમાં વિસ્તારથી રજૂઆત કરી છે.

ચોમાસાના પાણીનો સંગ્રહ કરતાં તળાવ :

જે ૧૫ ગામો ખૂબજ ઉંચાઇએ ટેકરાઓ ઉપર વસેલાં છે અને બીજી કોઇ યોજનાઓની શકયતા નથી તેવાં ગામો માટે ચોમાસાના પાણીનો સંગ્રહ કરતાં તળાવ બનાવવાં જ જોઇએ. ડાંગમાં આવા ૧૫ ગામ છે.

આરોગ્ય :

આદિવાસી વિસ્તારોમાં પોષત્તમ આહારનો અભાવ એ પ્રાથમિક પ્રશ્ન છે. ઉપરાંત સફાઇ અને આરોગ્ય સુવિધાઓના પ્રશ્નો પણ નડતરરૂપ હોય છે. તંદુરસ્તી ઉપર અસર કરનારાં પરિબળોમાં આહાર, આરોગ્યપ્રદ સગવડો, રહેઠાણ, પાણી, ચેપનો ફેલાવો વગેરે બાબતો તથા વ્યસનો, ટેવો અને રીતરિવાજો આ બધી બાબતો તંદુરસ્તીને અસર કરે છે.

ડાંગના આદિવાસીઓને તકલીફ પીવાના શુધ્ધ પાણીની લગભગ કાયમ રહે છે અને તેથી તેઓ મોટેભાગે પીવાના પાણીમાંથી થતા રોગોથી પીડાતા હોય છે.

ભગતા - ભૂવા :

ડાંગના આદિવાસીઓ આધુનિક દવા ખાસ વાપરતા નથી, પણ ભગત-ભૂવા પાસે જાય છે અને ભગત-ભૂવા જે દવા કરે તેમના ઉપર તેઓ પૂરેપૂરો વિશ્વાસ રાખે છે. જેથી સૌથી મોટી મુશ્કેલી આદિવાસીઓને ભૂવાઓ-ભગતો તથા જંગલી ઔષધીઓ છોડીને આધુનિક દવાઓ તથા તબીબી સારવાર લેવા માટે સમજાવવા અંગેની છે. તબીબી સ્ટાફ જો આદિવાસીઓની ઘરગથ્થુ દવાઓ અને ભગત-ભૂવા મારફતની સારવાર પ્રત્યે સમજભર્યું વલણ દાખવે તથા બીજી એવી આદિવાસીઓની અનેક માન્યતાઓ પ્રત્યે સહાનુભૂતિથી જુએ તો ધીમે ધીમે લોકોનો વિશ્વાસ સંપાદન કરવામાં સફળતા મેળવી શકે.

... ૧૩.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર :

વસ્તી અને વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગાઢ જંગલ હોય તેવા વિસ્તારોમાં ૨૦,૦૦૦ ની વસ્તી માટે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવું જોઇએ. આ રીતે જોતા ૨૦૦૧ ના વર્ષ સુધીમાં તો વધુ આઠ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાના રહેશે. વધુમાં ડાંગના લોકોને સારી સેવાઓ પ્રાપ્ત થાય તે માટે ૧૨ ડીસ્પેન્સરી શરૂ કરવી જોઇએ.

વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર અને સ્ત્રી આરોગ્ય કાર્યકર-(એ.એન.એમ.)

ડાંગના ડુંગરાળ પ્રદેશ અને છૂટીછવાયી વસ્તીને ધ્યાનમાં લેતા ૩૦૦૦ ની વસ્તી દીઠ એક વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર અને એક સ્ત્રી આરોગ્ય કાર્યકર (એ.એન.એમ.) હોવા જોઇએ. હાલમાં ૩૩ પુરૂષ આરોગ્ય કાર્યકર અને ૧૯ સ્ત્રી આરોગ્ય કાર્યકર ડાંગમાં કામગીરી કરી રહયા છે અને આયોજન દરમિયાન ૨૦૦૧ સુધીમાં ૩૦૦૦ ની વસ્તી દીઠ એક એક ગણીએ તો લગભગ કુલ ૬૦ પુરૂષ આરોગ્ય કાર્યકર અને ૬૦ સ્ત્રી આરોગ્ય કાર્યકર જોઇએ જ.

મકાન :

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને દવાખાનાઓ માટે જરૂરી મકાનો તેમજ આરોગ્ય કાર્યકરો માટે રહેઠાણોના મકાનો બાંધવાનું ખાસ જરૂરી છે.

આદિવાસી વસવાટ :

ડાંગના આદિવાસીઓના ઝૂપડા લગભગ વાસ અને લાકડાના છે. ઘરની દિવાલ વાંસની અને કેટલેક ઠેકાણે પથ્થરની બનાવેલી છે. છાપરામાં નળિયા અને કેટલીક જગ્યાએ ઘાસ, પાંદડાંના બનાવે છે. જેમાં પૂરતા બારીબારણા પણ હોતા નથી.

આ બધુ જોતા, ઘરો બાંધવાની ખચાળ યોજનાઓ ઉપાડતા પહેલા આ બાબતમાં વ્યાપક સંશોધન થવુ જોઇએ, યોગ્ય લોકોને મદદ મળે, એમને જે ઘરો આપવામાં આવે તે સ્થાનિક આબોહવા અને

... ૧૪.

ભૌગોલિક સંજોગોને અનુકૂળ હોય, અને જ્યાં શક્ય હોય ત્યાં ઘરોની વાંઘણી સૈકાઓના અનુભવથી વિકાસ પામેલી પધ્ધતિને અનુસરતી હોય - આ બધું ધ્યાનમાં લેવું જોઇએ.

ડાંગ જિલ્લો સંપૂર્ણ જંગલથી ભરપૂર છે અને આ વિસ્તારમાં લાકડું અને વાંસ પુષ્કળ પ્રમાણમાં મળી શકે તેમ છે. તેથી ત્યાં ઇમારતી સામાન લેવાની છૂટ આપવામાં ઉદાર બનવા જંગલખાતાને જો સમજાવી શકાય તો કોઇપણ સામાન્ય આદિવાસી કુટુંબ સહેલાઇથી સારૂં ઘર બાંધી શકે. જો આટલું થાય તો જંગલવાસી લોકો વિશાળ, હવા-ઉજાસવાળા અને પાણી ચૂવે નહીં એવાં ઘરો બનાવવા મંડી પડે. તેમને માત્ર થોડું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવાનું રહે અને સરકારે ભારે ખર્ચમાં ઉપરવાની જરૂર પડે નહીં.

<u>આદિવાસી વસવાટ માટે ૨૦૦૧ સુધીનું આયોજન :</u>

આયોજન દરમિયાન ૨૦૦૧ સુધીની વસ્તીને ધ્યાનમાં લેતાં એક કુટુંબની સભ્ય સંખ્યા ૫ લેતાં ૩૮૮૦૦ કુટુંબો હશે અને આ ૩૮૮૦૦ કુટુંબ માટે તેટલાં ઘરો હોવા જ જોઇએ. આ ઘરો તેમના પોતાના ગામ કે ગામની આજુબાજુની જમીનમાં બાંધવા જોઇએ. અથવા પોતાના બીજા કુટુંબના ઘર સાથે જોડીયા ઘરો બાંધવા જોઇએ.

<u>રસ્તા અને વાહનવ્યવહાર :</u>

કોઇપણ પ્રદેશના ઝડપી વિકાસ માટે સુયોજિત અને પૂરતું વાહન-વ્યવહાર ખૂબજ જરૂરી છે. કોઇપણ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે વાહનવ્યવહાર એ કરોડરજ્જુ છે. દુનિયાના વિકાસિત દેશોનો ઇતિહાસ જોતાં વાહનવ્યવહારે મુખ્ય ભાગ ભજવ્યો છે. આ દ્રષ્ટિએ જોતાં ડાંગ જિલ્લાના પણ સુયોજિત વિકાસ માટે વાહનવ્યવહારની સગવડ મહત્વનો ભાગ ભજવી શકે.

<u>રસ્તા :</u>

ડાંગના પાકા રસ્તા ત્રણ પ્રકારમાં છે.

(૧) રાજ્ય ધોરી માર્ગ.

(૨) જિલ્લા ધોરી માર્ગ

(૩) જંગલ ખાતાના રસ્તા.

ડાંગમાં ડામરના રસ્તાવાળા ૭૪ ગામ છે. મેટલ રોડવાળા ૬૧ ગામ છે. કાચા રસ્તાવાળાં ૧૭૨ ગામ છે અને ૪ ગામ રસ્તાની કોઇ સુવિધા વિનાના છે.

આયોજન દરમિયાન ૨૦૦૧ સુધીમાં સૌથી પહેલાં ૪ ગામ રસ્તા વિનાના છે. તેને કાચા રસ્તા બાંધી આપવા અને જે ૬૧ ગામ મેટલરોડવાળા છે તેને ડામરરોડ બનાવવો જોઇએ. બાકીના ૧૭૨ ગામોને મેટલરોડથી જોડવા જોઇએ.

આ ઉપરાંત પણ મે ઘણું વિચાર્યું છે જે નિબંધમાં જોઇ શકાશે.

ખર્ચ :

આયોજન દરમિયાન જે ખર્ચ થશે તે નીચે દર્શાવ્યુ છે. નિબંધમાં ૪ પંચવર્ષીય યોજના પ્રમાણે બતાવ્યુ છે. અહીં ૨૦૦૧ સુધીનુ કુલ ખર્ચ (રૂપિયા લાખમાં) બતાવ્યુ છે.

| અ.નં. | વિગત | (રૂપિયા લાખમાં) ખર્ચ |
|---|---|---|
| ૧. | શિક્ષણ માટે | ૧૪૫૩-૨૫ |
| ૨. | ખેતી અને વન | ૩૫૨-૧૦ |
| ૩. | પીવાના પાણીની સવલત | ૮૮-૬૦ |
| ૪. | આરોગ્ય | ૪૦૫-૩૦ |
| ૫. | રસ્તા (લગભગ) | ૧૫૦-૦૦ |

આ માટે નાણાંની જોગવાઇનો વિચાર પણ મે નિબંધમાં કર્યો છે. એમાં સરકાર દ્વારા ફાળવવામાં આવતાં નાણાં ઉપરાંત ડાંગરનુ રીવોલ્વીંગ ફંડ અને સંસ્થાકાર દાન પણ વિચારણા કરી છે.

oooooooooo

# આદિવાસી સ્ત્રીઓ અને ઔદ્યોગિકરણ

લેખક : શ્રીમતી ભારતીબેન દેસાઇ
અને :
સારલેખક :

કેટલાક પરિબળોને કારણે આદિવાસી વિસ્તારમાં ઝડપથી સામાજિક આર્થિક પરિવર્તન આવી રહ્યુ છે. આમાં ઔદ્યોગિકરણ એક મહત્વપૂર્ણ પરિબળ છે, એમ કહી શકાય. આનો પ્રતીતિ બઢી દાયકા ઉપર જયાં ઔદ્યોગિકરણ થયુ હતુ તેઓ ગુજરાતનો વલસાડ પારડી અને વાપીના વિસ્તારમાં થાય છે. ઔદ્યોગિકરણ થયુ તે પહેલાં આ વિસ્તારમાં રહેતા આદિવાસીઓનુ આજીવિકાનુ મુખ્ય સાધન ખેતી હતુ. તેમાં સ્ત્રીઓ પણ મહત્વપૂર્ણ ભાગ ભજવતી. જેમ જેમ ઔદ્યોગિકરણની પ્રક્રિયા શરૂ થઇ તેમ તેમ સ્ત્રીઓ પણ પુરૂષોની જેમ ઔદ્યોગિક એકમોના મકાનો પ્લાન્ટો વગેરેના બાંધકામના કામમાં જવા લાગી. શરૂઆતમાં કારખાનામાં કામ કરવાની તેને તક ઓછી હતી, પરંતુ તૈયાર કપડાં સીવવાના કારખાના જેવા કેટલાક એકમોમાં ઔદ્યોગિક કારીગર તરીકે સ્ત્રીઓની કામ કરવાની તક લીધી. આમ આદિવાસી સ્ત્રીઓની ખેત ઉત્પાદન-માંથી ઔદ્યોગિક કારીગર તરીકેની કામગીરી શરૂ થઇ. આ આર્થિક કામગીરીના લીધે તેમના વ્યકિતગત કૌટુંબિક અને સામાજિક જીવનમાં પરિવર્તન આવે એ સ્વાભાવિક છે. આ પરિવર્તનનુ સ્વરૂપ કેવુ છે અને કઇ દિશામાં થઇ રહ્યુ છે તે આજના સંદર્ભમાં જાણવુ જરૂરી છે. આ કારણે આ અભ્યાસ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યો.

આ અભ્યાસ માટે વાપી જી.આઇ.ડી.સી.ના ઔદ્યોગિક એકમોમાં કામ કરતી સ્ત્રીઓમાંથી ૧૧ સ્ત્રીઓનો વૈયકિતક અભ્યાસ કર્યો. અભ્યાસ વ્યકિતઓમાં ધોડિયા, હળપત અને નાયકા જાતિની સ્ત્રીઓ છે. આ અભ્યાસમાંથી નીચેનાં તારણો નીકળે છે :

વાપીના ઔદ્યોગિકરણને કારણે છેલ્લા બે દાયકાથી તેની આજુબાજુ વસતા ભાઇ-બહેનોની રોજગારી અને પૂરક રોજગારીની તકો વધવા પામી. પરિણામે તેમની આર્થિક સ્થિતિ સુધરી.

સાથે સાથે આ વિસ્તારમાં રહેતી અને ઔદ્યોગિક ગૃહોમાં કામ કરતી સ્ત્રીઓ ઉપર આર્થિક સામાજિક સાંસ્કૃતિક અને ભૌતિક જીવન ઉપર પણ કેટલીક અસર પડવા પામી.

ઔદ્યોગિકરણને કારણે તેમની વ્યકિતગત પોષાક, ખોરાક અને રહેણીકરણીમાં પરિવર્તન આવ્યુ. તેમના મોજશોખના સાધનો પણ વધવા માંડયા અને આધુનિક સજાવટ કરવાનું જેવું કે ઘડિયાળ પહેરવાનું વગેરે શીખ્યા.

વ્યકિતગત જીવનમાં પરિવર્તન આવ્યુ તેની સાથે તેના ગૃહજીવનમાં પણ પરિવર્તન આવ્યુ. તેના ઘરના રાચરચીલામાં ફેરફાર થયો. તેમના વાસણો, ફર્નિચર અને સુખસગવડના સાધનો ભીંતચિત્રો વગેરેમાં પરિવર્તન પ્રવેશ પામેલા સ્પષ્ટપણે જોઇ શકાય છે.

ગૃહજીવનમાં જ પરિવર્તન આવ્યુ હોય એવું નથી, પણ તે વિસ્તારને પણ અસર થઇ હોય. ખાસ કરીને ત્યાંની ખેતીને અસર થવા પામી: જેમની પાસે ખેતીની જમીન હતી તેમને ત્યાં મુખ્ય વ્યકિત સિવાયના બીજા ઔદ્યોગિક કામે જવા માંડયા. તેથી ખેતીમાં ધ્યાન ઓછું અપાયું. જેઓ ખેતમજૂરી કરતાં હતાં તેમણે ખેત-મજૂરીને બદલે ઔદ્યોગિક મજૂરીને સ્વીકારી: આથી મોટા ખેડૂતોને ખેતમજૂરોની ટાંચ પડવા લાગી. આમ ખેતમજૂરીના દર વધવા પામ્યાં અને ખેતઉત્પાદન મોંઘુ બનવા પામ્યુ. બીજી બાજુ ખેતીની સીઝનમાં વધુ મજૂરી મળવા લાગી. તેથી કરીને આદિવાસીઓ અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓએ ખેતીની મોસમમાં ખેતમજૂરીનું કામ કરવું, બાકીના સમયમાં ઔદ્યોગિક એકમમાં કામ કરવાનું સ્વીકાર્યું: તેથી નિયમિતપણે ઘરમાં આવક આવતી થઇ. પૂરક મજૂરીને કારણે આવક પણ વધી અને તેથી જીવનધોરણ સુધર્યું. જેમની પાસે ખેતી હતી તેમને ઔદ્યોગિક એકમની વધારાની આવક આવવાને કારણે તેઓ આધુનિક સાધનો વાપરી વધુ ઉત્પાદન લેવા લાગ્યા. તેથી મજૂરીના વધેલા દર થતાં વધુ આવક થવા માંડી: તેમાંના કેટલાકે તો જમીન પણ ખરીદી. પરંતુ બીજી બાજુ સ્ત્રીઓએ ખેતી અને ઔદોગિક મજૂરી એમ બેમાં પગ રાખ્યો તેથી

ઔદ્યોગિક મજૂરી છૂટક બની ગઇ. આથી કાયમી મજૂરી તરીકેના એમને જે લાભ મળવા જોઇએ તે મેળવી ન શકયા. માલિકોને પણ આવા છૂટક મજૂરો રાખવામાં જ ફાયદો હતો. કારણ કે કાયમી મજૂરોને આપવા પડતા લાભ નહોતા આપવા પડતા અને તાલીમ લે છે એ બહાના હેઠળ મજૂરીના ઓછા દર પણ આપી શકાતા. આથી તેણે પણ મજૂરોને કાયમી કરવાનો આગ્રહ ન રાખ્યો. કામ કરનારાઓનું આ રીતે શોષણ થયું.

આવક વધવાને કારણે વાહન વ્યવહારનો ઉપયોગ વધુ કરતા થયા. તેથી વાહન વ્યવહારની સગવડો વધી પરિણામે રસ્તા પાકા થયા. આજે વાપીની આજુબાજુના મોટાભાગના ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે અને ત્યાં શહેરમાં મળતી ઘણી સગવડો ઉપલબ્ધ થાય છે.

ઉપરોકત બાબતોથી ખ્યાલ આવે છે કે તેમના બાહ્ય આચરણમાં પરિવર્તન આવ્યું છે. પરંતુ હજુ પણ તેઓની વિચારસરણીમાં ખાસ ફેર પડયો નથી. તેઓએ કુશળતા પ્રાપ્ત કરી નથી. હજુ પણ તેઓ પીપરમીન્ટનું પેકીંગ કરવાનું, નંબર લખવાનું, સીવેલા કપડામાંથી દોરા-ધાગા કાઢવાનું, ફિલ્ટર બનાવવાનું, સ્ક્રુમાં કાણા પાડવાનું, હેલ્પરનું વગેરે તથા અતાંત્રિક કામો જ કરતી જોવા મળે છે. આમ ઔદ્યોગિકરણ માટેની જે તાલીમ મળવી જોઇએ તે મળી નથી. આનું કારણ એ દેખાયું કે જયાં રહે છે ત્યાં કુશળતા પ્રાપ્ત કરવાની સગવડ નથી અને જયાં આવા તાલીમ વર્ગ ચાલે છે ત્યાં જવા માટેની તેમની તૈયારી નથી. આથી ઓછા દરે મજૂરી કરી સંતોષ મેળવવાની વૃત્તિ આવી ગઇ છે. આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. તેઓ શિક્ષણનું મહત્વ સમજે છે, પરંતુ ઔદ્યોગિક મજૂરીમાંથી આવક મળે છે તેથી શિક્ષણ કરતાં કામે જવાનું વધુ પસંદ કરે છે. તેથી દિનપ્રતિદિન શિક્ષણ ઘટવા પામ્યું છે. મા-બાપ પણ પ્રાથમિક શિક્ષણ આપી સંતોષ માની પોતાની છોકરીને નિશાળ છોડાવી ઔદ્યોગિક એકમમાં કામ કરવા મોકલે છે. કેટલીક જગ્યાએ તો મોટીબેન

...૪.

સાથે નાની દશ-બાર વરસની નાનીબેન પણ કામે જાય છે. પરિણામે શિક્ષણમાંથી આ લોકો છૂટી જાય છે તેમજ બાળમજૂરીને પ્રોત્સાહન મળતુ જાય છે.

આદિવાસી સમાજમાં સ્ત્રી અને પુરૂષનુ મહત્વ સરખુ જ છે. સ્ત્રી પુરૂષની સમકક્ષ જ ગણાય છે. તે આર્થિક ઉપાર્જન અને સામાજિક નિર્ણયોમાં સરખો જ ભાગ લે છે. પરંતુ જે સ્ત્રીઓ ઔદ્યોગિક ગૃહોમાં જવા માંડયુ તેનુ વર્ચસ્વ વધવા પામ્યુ છે, કારણ કે તેમની નિયમિત-પણે ઘરમાં આવક આવવા માંડી છે.

રૂઢિગત પરંપરા ધીરે ધીરે તૂટવા માંડી છે. દહેજ લગ્નના ખર્ચા વગેરે ઓછાં થવા લાગે છે. આરોગ્ય બાબતમાં ભૂત ભૂવાનુ વર્ચસ્વ ઘટવા પામ્યુ છે. પરંતુ મોંઘી આરોગ્ય સગવડોને કારણે પ્રસૂતિ દાયણ પાસે જ કરાવવામાં આવે છે. લગ્ન વ્યવસ્થાને પણ અસર થઇ છે. આદિવાસીઓમાં પહેલાં ભાગી જઇને લગ્ન કરવાનુ બનતુ પણ ઓછું; હવે તે તરફનો ઝોક આવ્યો છે. વળી આદિવાસી સમાજમાં લગ્ન પછીના બીજા સાથેના જાતિય સબંધ ચલાવી લેવામાં આવતા ન હોતા અને એવુ બનતુ પણ નહીં. હાલમાં આવુ બનવા લાગેલુ કહેવાય છે. આના પરિણામે ઘરમાં કલહ થાય છે અને છૂટાછેડા સુધી મામલો પહોંચે છે. આથી સમાજ આ પ્રત્યે બહુ જાગરૂક રહે છે. કુંવારી છોકરીઓને પણ પૈસાની લાલચ આપીને જાતિય સબંધ માટે ખરીદવામાં આવે છે.

આદિવાસીઓમાં પરિણીત સ્ત્રીઓ ઔદ્યોગિક મજૂરીએ ઓછી જાય છે. પણ અપરિણીત હોય ત્યારે લગ્ન પછી કામ કરવાની ઇચ્છા ધરાવે છે, પરંતુ હકીકતમાં આવુ બનતુ નથી. તેનુ કારણ એ લાગે છે કે આદિવાસી સમાજ અપરિણિત સ્ત્રીના વિજાતિય સબંધ ચલાવી લે પણ પરિણીત સ્ત્રીના ચલાવી લેતો નથી. તેથી જો પોતાની પત્ની ઔદ્યોગિક એકમમાં કામ કરવા જાય અને બીજાના સંસર્ગમાં આવે તે પતિને ન ગમે તેથી પોતાની પત્નીને ઔદ્યોગિક ગૃહમાં કામ કરવા માટે મોકલવા રાજી નથી. વળી તે બાર કલાક ઔદ્યોગિક એકમમાં કામે જવા માટેના ગાળે તેથી ગૃહકાર્ય અને બાળ-ઉછેર બરોબર સંભાળી ન શકે. તેથી સ્વાભાવિકપણે લગ્ન પછી કામે જવાનુ સ્વીકારાતુ નથી.

... પ.

વાપીમાં ઔદ્યોગિકરણ થયુ તેની ઉપરોકત અસરોને કારણે જે પરિવર્તન આવ્યુ તેના સંદર્ભમાં ભિન્ન પ્રકારના વલણો જોવા મળયા. ત્રણ સ્તરની દ્રષ્ટિએ આ વલણો તપાસીએ.

પ્રથમ તો જે વર્ગ કામે જાય છે તે યુવતીઓએ આ આવેલા પરિવર્તનને આવકાર્યુ છે. તેમની માન્યતા છે કે ઔદ્યોગિક મજૂરી ખેતમજૂરી કરતા વધુ સારી છે કારણ કે તેમાં પરિશ્રમ ઓછો છે, વળી તે ઉંચી પણ ગણાય છે. આ સાથે તેમની આવક વધવા પામી તેથી તેમનુ જીવનધોરણ સુધરવા પામ્યુ છે અને તેમના મોજશોખ પૂરા પડી શકયા અને સમાજની બીજી સ્ત્રીઓ સાથે સમાન બનવા પામી. પરંતુ આ સમાજમાં જે યુવકો છે તેમાના મોટાભાગને આ ગમ્યુ નથી. તેના મતવ્ય પ્રમાણે સ્ત્રીઓને નૈતિકતા ઘટે છે અને ગૃહકાર્ય બાળઉછેર યોગ્ય રીતે ન કરી શકવાને કારણે ઘરમાં અશાંતિ આવે છે.

બીજો જે માતાપિતા કે જેને આ રોજગારી સાથે કંઈક લેવા દેવા છે (કારણ કે તે આવક ઘરમાં આવે છે) તેઓને છોકરીઓ ઔદ્યોગિક એકમમાં કામે જાય તેમાં કંઇ વાંધો લાગતો નથી કારણ કે તેમનુ માનવુ છે કે છોકરીઓ કામે જાય તેથી તેમનો ખર્ચ તેઓ કાઢી લે છે. તેથી બોજારૂપ નથી ઉલ્ટુ ઘરમાં આવક આવવા માંડી તેથી જીવનધોરણ સુધર્યુ. તેઓ લગ્ન પછી નોકરી કરે કે ન કરે તેમાં તેઓ તટસ્થ છે.

ત્રીજો જે ગામના સુસંસ્કૃત, વડીલો અને સમાજના આગેવાનો છે તેમની માન્યતા છે કે વાપી ઔદ્યોગિકરણ આદિવાસી સ્ત્રીઓ માટે શાપરૂપ છે. વાપી ઔદ્યોગિકરણને કારણે છોકરીઓમાં સ્વચ્છંદતા આવે છે. પુરૂષ સમોવડી બનાવવાના ખ્યાલમાં દારૂ પીતી થઇ છે, ખોટા ખર્ચ કરવા માંડી છે. તેમના બાળકોને અસર થવા માંડી છે. તેથી સામાજિક સમસ્યાઓ ઉભી થઇ છે. વળી તેઓની ખેતી તરફની અભિરૂચિ ઘટી તેથી ખેતી ભાગવા માંડી ગામડા તૂટવા માંડયા ખેતમજૂરી મોંઘી બની તેથી ખેત ઉત્પાદન મોંઘુ બન્યુ.

...૬.

આમ ટૂંકમાં કહીએ તો ઔદ્યોગિકરણને કારણે આજુબાજુના વિસ્તારમાં શહેરીકરણની ખરાબ અસરો જોવા મળી. બીજી બાજુ શહેર અને ગામડા વચ્ચે જે મોટી ખાઇ પડી હતી તે ધીરે ધીરે લુપ્ત થવા માંડી છે. ગ્રામ અને શહેર વચ્ચે ઔદ્યોગિકરણથી કડી સ્થપાઇ છે.

0000000

## જંગલ કામદાર સહકારી મંડળીઓ : એક મૂલ્યાંકન અભ્યાસ : ટૂંકસાર

અહેવાલ લેખન : ભીખાભાઇ પટેલ
સારદોહન : ભીખાભાઇ પટેલ

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ગુજરાત રાજ્યમાં જંગલ ખાતા સાથે સંબંધિત જંગલ કામદાર સહકારી મંડળીઓના મૂલ્યાંકન અભ્યાસનું કામ ગત વર્ષે હાથ ધર્યુ હતું. તેના અહેવાલ લેખનનું કામ મને સોંપવામાં આવ્યું. આ કામ કેન્દ્રની પ્રવૃત્તિઓ બેવડાતાં થોડું વિલંબથી થયું પરંતુ તેટલું મહત્વનું પણ બન્યુ છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓના વિષે આ અગાઉ મહાદેવ દેસાઇ સમાજસેવા મહાવિદ્યાલયના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સંશોધનો કર્યા હતાં. જેમા સોનગઢ, વાંસદા, ધરમપુરની કેટલીક મંડળીઓ વિષે અભ્યાસના હેતુઓ માટે જ અધ્યયનો થયાં છે જેમાં મંડળીઓ દ્વારા સભાસદોને મળતાં કામો અને મંડળી દ્વારા તેમની સામાજિક-આર્થિક પ્રવૃત્તિઓ પર થયેલી અસરો બતાવવામાં આવી છે. પ્રસ્તુત અહેવાલમાં માત્ર સંશોધનના હેતુને જ નહિ પરંતુ મંડળી દ્વારા આજ સુધી કેટલી કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે, હાલમાં શું કરે છે અને હવે પછી મંડળીઓએ સભાસદો માટે, તેમના આર્થિક ઉત્થાન માટે અને રોજગારોની વધુને વધુ તકો ઊભી કરવા માટે શું કરવું જોઇએ તેની વિગતે નોંધ લીધી છે.

આ ઉપરાંત મંડળી દ્વારા સભાસદોને કયા પ્રકારનું કામ મળે છે ? કેટલી રોજી ચૂકવાય છે ? તેનાથી તેમને સંતોષ છે કે કેમ ? તે અંગે ઊંડાણપૂર્વક કેટલાક વ્યક્તિગત અભ્યાસો કરીને પ્રસ્તુત અહેવાલમાં વિગતો દર્શાવી છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓના આ સભાસદોને જુદા જુદા ચાર ભાગમાં (૧) પશ્ચાદભૂમિ (૨) મંડળીઓનો યથાસ્થિત અહેવાલ (૩) મંડળીઓનો વહીવટ અને (૪) ત્રુટિઓ અને સૂચનો- એમ ચાર ભાગમાં વહેંચીને જુદી જુદી વિગતોને ઊંડાણપૂર્વક આલેખવામાં આવી છે.

૧. પશ્ચાદભૂમિ :

તપાસનો વિસ્તાર : ૧૯૭૯-૮૦ના વર્ષમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા જંગલ કામદાર સહકારી મંડળીઓના અભ્યાસમાં જુદા જુદા ત્રણ વિસ્તાર - વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની મંડળીઓ, ડાંગ જિલ્લાની અને સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાની મંડળીઓ અને તેમાં જોડાયેલ સભાસદોની સામાજિક-આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા જુદા જુદા ૧૦ ગામોના

૧૦૦ સભાસદોની પસંદગી કરવામાં આવી હતી.

## તપાસની પધ્ધતિઓ :

આ અભ્યાસ માટે પસંદ થયેલ મંડળીઓમાંથી પ્રત્યક્ષ મુલાકાત દ્વારા આંકડાકીય માહિતી ક્ષેત્રકાર્ય દ્વારા આર્થિક પ્રશ્નકો ભરાને અને વ્યકિતગત અભ્યાસો દ્વારા- મંડળી અને સભાસદો બંનેના અભિપ્રાયો અને ખ્યાલો મેળવ્યા હતા. આ ઉપરાંત લાયબ્રેરી કામ પણ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસ માટે એક પ્રશ્નાવલી પણ તૈયાર કરી હતી.

## તપાસના હેતુઓ :

(૧) જંગલ કામદાર સહકારી મંડળીઓના વહીવટ

(૨) મંડળીઓની પ્રવૃત્તિ વિષેનો ખ્યાલ

(૩) કૂપની વહેંચણી

(૪) મંડળી દ્વારા આદિવાસી ભાઇઓને લાભ કે ગેરલાભ તે ઉપરાંત

(૫) મંડળી દ્વારા કેટલું રોજગારોનું સર્જન થયુ. વધુ રોજગારી ઊભી કરવા શું કરી શકાય તે અને

(૬) મંડળીના વહીવટનાં અવરોધક પરિબળો

(૭) આ બધા ઉપરાંથી જંગલ કામદાર સહકારી મંડળી આદિવાસી વિસ્તારમાં વધુ કાર્યક્ષમ અને અસરકારક બનાવવા માટેનાં પગલાં સૂચવવાં એમ ઉપરોક્ત જુદા જુદા હેતુઓને ધ્યાનમાં લઇ અભ્યાસ હાથ ધર્યો હતો.

## મંડળીની શરૂઆત :

જંગલકામદાર સહકારી મંડળીની ચળવળ બુહદ મુંબઇ રાજ્યમાં સને ૧૯૪૭માં શરૂ થઇ હતી. જ્યારે ડાંગ માટે આ ચળવળ નવી ન હતી. ડાંગમાં જંગલ કામદાર ધિરાણ મંડળી અનાજ આપવાના હેતુથી શરૂ થઇ ચૂકી હતી. ત્યારબાદ આઝાદીના સમયમાં આ અંગેની ચળવળો શરૂ થઇ. આ ચળવળ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ કોન્ટ્રાકટરો દ્વારા આદિવાસીઓનું થતું શોષણ અટકાવવાનો હતો. કારણ કે પહેલાં જંગલ કૂપો ખાનગી કોન્ટ્રાકટરો રાખતા હતા અને મજૂરી આદિવાસીઓ કરતા, તેમને ફકત મજૂરી જ મળતી. બીજો કોઇ હિસ્સો આદિવસીઓને મળતો ન હતો. આથી જંગલ કામદાર સહકારી મંડળીઓની રચના કરી, ખાનથી કોન્ટ્રાકટરો દૂર કરી આદિવાસીઓને યોગ્ય રીતે મજૂરી મળે તે આશયથી, જંગલમાં વસતી અને જંગલ પર નભતી આદિવાસી પ્રજાનું શોષણ અટકાવવા, તેમના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે, તેમનું જીવન સ્તર ઊંચું લાવવા માટે જંગલ કામદાર સહકારી મંડળીઓ રચવાની ક્રાંતિકારી નીતિ ભૂતપૂર્વ મુંબઇ રાજ્યના મુખ્યમંત્રી શ્રી બાળાસાહેબ ખેર, અને ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઇએ અપનાવી હતી.

ડાંગ જિલ્લામાં ઇ.સ. ૧૯૫૦માં પ્રથમ સ્થપાયેલ જંગલ કામદાર સહકારી મંડળીની કાર્યવાહી અને પરિણામોની સમીક્ષા કરીને સામાજિક કાર્યકરો શ્રી રતનજીભાઇ પટેલ, શ્રી જુગતરામ દવેએ બીજી મંડળીઓ રજિસ્ટર કરાવી, છતાં મજૂરોનું શોષણ ખાનગી કોન્ટ્રાકટરો દ્વારા થતું રહયું. ત્યારબાદ ૧૯૫૫-૫૬ અને ૫૭-૫૮ના ગાળામાં જ્યાં જ્યાં જંગલ વિસ્તાર હતો ત્યાં ત્યાં આવી જંગલ કામદાર સહકારી મંડળીઓ ઊભી કરી કોન્ટ્રાકટરોને આ કામમાંથી હટાવીને મંડળીઓએ પોતે કૂપોનું કામ સંભાળી લીધું છે.

ગુજરાત રાજ્યમાં જુદા જુદા દસ જિલ્લાઓમાં બધી મળીને કુલ ૧૪૯ જંગલ મંડળીઓ અને તેમાં ૫ સંઘો કામ કરે છે. તેના કુલ સભાસદોની સંખ્યા લગભગ ૭૦થી ૮૦ હજાર ઉપરાંતની છે.

સરકારશ્રીના ખેતીવાડી અને વન વિભાગના ઠરાવ નં.એફ.એલ.સી.-૧૦૫૮-૧૧૧-૩૩-ઈ/આઈ-આઈ તા.૩-૧૨-૫૯થી મંજૂર થયેલ નવી ફોર્મ્યુલા મુજબ ૮૦ : ૨૦ ના ધોરણે જંગલ કામદાર સહકારી મંડળીઓનો જંગલ ખાતા તરફથી જંગલના કૂપોના કામો મંડળીઓને અપાય છે.

મંડળીઓનો યથા સ્થિતિ અહેવાલ :

જંગલ કામદાર સહકારી મંડળીઓના યથાસ્થિત અહેવાલના અભ્યાસ મસયે રાજ્યના કુલ જંગલ વિસ્તાર, જંગલ પેદાશ અને તેમાંથી થતી આવક અંગેની માહિતી. આંકડાકીય રૂપરેખા ગુજરાત રાજ્ય ૧૯૭૬માંથી લેવામાં આવી હતી. જેમાં કુલ જંગલ હેઠળનો વિસ્તાર ૧૮૮૯૨ ચો.કિ.મી. છે. જે જુદા જુદા ચાર સર્કલમાં વહેંચી દીધો છે. વડોદરા, જૂનાગઢ, સુરત અને ગાંધીનગર સર્કલ એમ ચારેય વિભાગોમાં કુલ ૧૪થી ૧૫ જિલ્લામાં પથરાયેલ જંગલ વિસ્તારને સાંકળી લીધો છે. જેની વિગતો ઊંડાણથી વિસ્તાર પ્રમાણે જથ્થો, મહેસૂલી આવક, કુલ ઘન મીટર લાકડું અને તેની કેટલી કિંમત પ્રાપ્ત થઇ હતી તે અહેવાલમાં દર્શાવ્યું છે.

જંગલ કામદાર સહકારી મંડળીઓના અભ્યાસમાં જુદા જુદા ત્રણ જિલ્લાની ચાર મંડળીઓનો સંપર્ક કરી દરેક જિલ્લાની કુલ મંડળીઓ અને પસંદ થયેલ મંડળીની વિગતો પ્રકરણ-૨માં વિગતે દર્શાવી છે. જેની ટૂંકમાં માહિતી જોઇએ તો વલસાડ જિલ્લાની કુલ ૧૬ મંડળીઓમાં ૪૨૦૧૪ સભાસદો હતા. તેમનો શેરફાળો ૩,૨૪,૪૧૦ રૂપિયા નોંધાયેલ હતો. જ્યારે ડાંગ જિલ્લામાં ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન કામ કરતી કુલ ૩૧ મંડળીઓમાં ૧૬૭૨૫ સભાસદો હતા. સુરત જિલ્લાની જુદી જુદી ૪૪ કામદાર સહકારી મંડળીઓમાં ૧૯૧૧૭ સભાસદો નોંધાયેલા હતા. પસંદ થયેલ મંડળીઓમાં ધરમપુર તાલુકાની હનમતમાળ વિભાગ, ડાંગ જિલ્લાની આહવા અને ગાઢવી વિભાગ, સુરત જિલ્લાની ઉચ્છલ તાલુકાની જામલી વિભાગ જંગલ કામદાર સહકારી

મંડળીઓના યથાસ્થિત અહેવાલ પ્રસ્તુત અહેવાલ લેખનના બીજા પ્રકરણમાં ખૂબ જ ઊંડાણથી ચર્ચાવામાં આવ્યું છે.

જંગલ કામદાર સહકારી મંડળીના વહીવટ, કાર્યપધ્ધતિ, જુદા જુદા કામોમાં ચૂકવાતી રકમ અને કૂપની વહેંચણી અને સભાસદોની સર્વેક્ષણ નોંધ :

મંડળીનો વહીવટ : દરેક જંગલ કામદાર મંડળીને પોતાનો કર્મચારીગણ હોય છે.જે મોસમ પૂરતો રોકવામાં આવે છે. તેમને સરકારી ધારાધોરણ મુજબનાં પગાર ભથ્થાં ચૂકવવામાં આવે છે. જેમાં કાયમી ૯ માણસો હોય છે. પ્રમુખ, મંત્રી, હિસાબનીશ, કલાર્ક, પટાવાળા, મુખ્ય ડેપો કલાર્ક, મુકાદમ, એજન્ટ, નિરીક્ષક. આ કર્મચારીઓ મંડળીના વહીવટમાં પ્રવૃત હોય છે. જેમને કૂપની કાપણીથી વેચાણની પ્રક્રિયા અને હિસાબોની નોંધ રાખવા ઉપરાંત મંડળીને લગતા બીજાં કામો કરે છે. જેમની કામગીરીની નોંધ વિગતે અહેવાલના પ્રકરણ ૩મા દર્શાવી છે.

વેચાણ / કાર્યપધ્ધતિ :

કૂપનું કામ જ્યાં જ્યાં ચાલતું હોય ત્યાંથી સમગ્ર માલ ડેપો પર આવી ગયા પછી ખાતા વ્દારા જે તે જંગલ કામદાર સહકારી મંડળીના ડેપો પરના ઈમારતી અને જલાઉ માલની વિગતો આપી હરાજી વ્દારા વેચાણ કરાય છે. હરાજી વ્દારા ટેન્ડરો મંગાવી ટેન્ડર પધ્ધતિથી વેચાણ પ્રક્રિયા હરાજીની કેટલીક શરતોને આધીન રહીને વેચાણ હાથ ધરાય છે.

ઈમારતી માલની હરાજીની કેટલીક શરતો :

(૧) જે ગૃહસ્થ મંડળી યા સંઘના નોમીનલ સભાસદ હોય તો જ હરાજીમાં માગણી કરી શકે છે.

(૨) હરાજીમાં બોલી બોલતાં અગાઉ હરાજીની શરતો પર દરેકે સહી કરવી પડે છે. જે તેમને બંધનકર્તા હોય છે. તેમ કરવામાં ચૂકે તો તેમને હરાજી બોલવા દેવામાં આવતી નથી.

(૩) જંગલ મંડળીના તથા રાજ્ય સરકારના વન ખાતાની કાળી યાદીમાં મૂકાયેલ તથા નાદાર, મગજની અસ્થિરતાની હાલતવાળા તથા ૧૮ વર્ષની અંદરના હોય તેવા ગૃહસ્થોને હરાજીમાં માગણી કરવા દેવામાં આવતી નથી. જે શખ્સ પાસે જંગલ મંડળીનું બાકી લહેણું નીકળતું હોય તેવાને પણ હરાજીમાં ભાગ લેવા દેવામાં આવતો નથી.

(૪) હરાજીમાં માગણીદારે બોલી બોલવાં પહેલાં ખરાપણાની રકમ રૂ.૧૦૦૦ અંકે રૂપિયા હજાર પૂરા મંડળીને રોકડા ભરવા પડે છે. અને આ રકમ માગણીદારના નામે આ હરાજીમાં તેમણે ખરીદેલ તમામ લોટના માલની નિકાલ થાય ત્યાં સુધી અનામત ખાતે જમા રાખવામાં આવે છે.

(૫) જાહેર કરેલા માલનું વેચાણ લોટવાર નકકો કરેલા સ્થળે ખુલ્લી હરાજીથી કરવામાં આવે છે. અનિવાર્ય સંજોગોમાં કોઇકવાર અમુક માલ હરાજીમાંથી પાછો ખેંચી લેવાની જરૂર પડે તો તે લોટ વેચાણમાંથી નીચે સહી કરનાર બાકાત કરી શકે છે.

(૬) માગણીદારે આખા લોટ માટે માગણી વેચાણ ડેપો બેઠા આપવાની છે. તેમણે પૂરેપૂરું નામ અને સરનામું લેખિતમાં આપવું પડે છે.

(૭) જે માલના લોટની માગણી સ્વીકારવામાં આવી હોય તે માટે ખરીદનારે માગણી પ્રતક (બીડ લોટ) ઉપર સહી કરી આપવી પડે છે અને આવી માગણી તેમને બંધનકર્તા રહે છે. આવી માગણી કોઇ પણ સંજોગોમાં કોઇ પણ જાતની ગણતરીની ભૂલચૂક અગર ગફલતી અગર ખોટ કે તોટાને કારણે પરત અગર રદબાતલ કરી શકાતી નથી.

(૮) હરાજીમાં માગણી કરતાં પહેલાં માગણીદારે પોતે માલનો જથ્થો નંગ અને જાત જોઇ ખાતરી કરીને અને તપાસીને માગણી આપી છે એમ માની લેવામાં આવશે. એક વાર હરાજી મંજૂર થયા પછી માલના વર્ણન, જાત, માપ અગર માલના કમીપણા બદલની ફરિયાદ સાંભળવામાં આવશે નહીં. પરંતુ કોઇ કિસ્સામાં માલના લોટના માપ બાબતમાં ભૂલ હોય તો જે તે દિવસના હરાજીની તારીખથી દિન ૧૦ માં ફરિયાદ લેખિતમાં (જે તે મંડળીના પ્રમુખશ્રી/મંત્રીશ્રી) નીચે સહી કરનારને આપવાની રહેશે. જો માપમાં એક ટકા કરતાં વધારે ઘટ જણાશે તો સદા ભાવ મુજબ મજરે આપવામાં આવશે. માલ ઘટ આપવાની નીતિનો દૂર ઉપયોગ કરનાર વેપારી, કર્મચારી સાથે પગલાં લેવામાં આવશે.

(૯) માગણી મંજૂર કરવી યા ના કરવી તે મંડળીના અને વન ખાતાના નાયબ વન સંરક્ષકશ્રી ની મરજી પર રહેશે.

(૧૦) શરતોનો અર્થ અમલ અંગે તે વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો તે અંગે વન સંરક્ષકશ્રીનો નિર્ણય છેવટનો ગણાય છે.

(૧૧) માલની કોરાઇ માલ ખરીદનારે ભોગવવાની રહેશે.

(૧૨) હરાજીમાં માલ રાખનાર સાથે તકરાર પડે તો ગુજરાત સરકારના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદા મુજબ નિવેડો લાવવા અગર જે તે વિસ્તારની ન્યાયની કોર્ટમાં ફોજદારી યા દિવાની રાહે પગલાં લેવા મંડળી અને વન ખાતું મુખત્યાર રહેશે.

(૧૩) માલની કિંમતની ૧૦ ટકા રકમ હરાજી પૂરી થયે રોકડ અગર ડીમાન્ડ ડ્રા : અગર ચેકથી ભરપાઇ કરવામાં આવશે. હુંડી સ્વીકારાતી નથી. બાકીની ૯૦ ટકા રકમ હરાજીની તારીખથી ૯૦ દિવસની અંદર અગર માલ ઉપાડાના પહેલાં જે મુદત પહેલી હોય તે તારીખે માગણીદારે મંડળીના હિસાબે મંડળીને ચૂકતે ભરપાઇ કરવાની રહેશે.

(૧૪) જેમની માગણી હરાજીમાં મંજૂર થશે તેમણે હરાજીમાં રાખેલ માલ ડેપો ઉપરથી હરાજીના તારીખથી ૧૨૦ દિવસમાં ઉપાડી લેવાનો રહેશે. ૧૨૦ દિવસ પછી અનિવાર્ય સંજોગો મંડળી તથા ખાતાના પ્રતિનિધિની મનસૂફી પ્રમાણે જમીન ભાડું રૂ.૧.૮૦ દર ઘનમીટરે દર માસે અગાઉથી વસુલ લઇ ખરીદનારને માલ વાહતુક કરવા બીજા વધારાના બે માસની મુદત વધારી આપવામાં આવશે. આ બે માસ પછી મુદત વીતી ગયા પછી રહી ગયેલ માલ ઉપર ખરીદનારનો કોઇ હકક રહેશે નહીં.

(૧૫) જંગલ ખાતાના નિર્ગત પાસ સિવાય કોઇ પણ માલની હેરફેર કરી શકાશે નહીં.

(૧૬) વેચાણ રાખેલ માલ ડેપો પરથી લઇ જવાનો સમય સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો રહેશે.

(૧૭) માલના તોલાઇનો મજૂરી ખરીદનારે ચૂકવવાની રહેશે.

આજ રીતે જલાઉ લાકડાંની, કોલસાની હરાજીનું પણ ટેન્ડર પધ્ધતિથી જ વેચાણ કરવામાં આવે છે. તેના માટે ઊંડાણપૂર્વક અહેવાલમાં ચર્ચ્યું છે.

દૈનિક વેતન દર :

મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની તા.૨-૭-૭૯ની અધિસૂચનાથી વન ખાતાના મજૂરોના દૈનિક વેતનો નકકી કરવામાં આવ્યાં છે. જેમાં કુશળ મજૂરો, અર્ધકુશળ મજૂરો અને બીન કુશળ મજૂરો અનુક્રમે ૧૨ રૂ., ૧૧ રૂ. અને ૧૦ રૂ. જેટલી દૈનિક મજૂરી ચૂકવાય છે.

તોડખર્ચ અને ખૂંટખર્ચ ઝાડનો ઘેરાઇ અને નગ ઉપર ચૂકવવામાં આવે છે. ઘડતરી કામના દર ઘ.મી.ના ૩૬ રૂ. ૩૫ પૈસા, પોલીસીંગ કામના દર ઘ.મી.ના ૪૭ રૂ.૫૦ પૈસા ફકત છાલ કાઢવાના ૧૫ રૂ.૧૦ પૈસા દોઢો ૩ મીટર ઉપરના (૨૦ નંગના) ૨૯ રૂ.૧૦ પૈસા જલાઉ ગંડેરી કરી ઢગલા કરવા, ઢગલીદીઠ ૧૨ રૂ.૭૦ પૈસા, (૧ મીટર લંબાઇ) ઓડ ખર્ચ રૂ.૨.૧૬થી ૩૦-૦૦ સુધી દર ઘ.મી.ના અને રાબ ક્ષેત્રમાંના જલાઉ માલ રાબ ક્ષેત્રફળની બહાર કાઢવાના દર ઢગલીદીઠ ૦-૭૫ થી ૭-૦૦ સુધી. કોલસા પડાઇના ૮ રૂપિયા, રાબ ભરાઇના દર હેકટરે ૧૦૦૦ રૂપિયા, દવરેખા સાફ કરવાનો ખર્ચ ૨૫૦ રૂપિયા, વાહતુક ખર્ચ કિલોમીટર પ્રમાણે ઘનમીટરદીઠ અને કવીન્ટલદીઠ ચૂકવવામાં આવે છે. દૈનિક

વેતનદર અને ખર્ચની જોગવાઇ અંગેની માહિતી પ્રસ્તુત અહેવાલના પ્રકરણ-૩માં વિગતે દર્શાવી છે.

## કૂપની વહેંચણી :

સંઘ દ્વારા જે તે વિસ્તારમાં કામ કરતી જંગલ કામદાર સહકારી મંડળીઓને કૂપ ફાળવવા અને કાર્ય વિસ્તાર નક્કી કરવા સૌ પ્રથમ જંગલ ખાતું, સંઘ અને મંડળીઓની એક મીટીંગનું આયોજન કરે છે. જેમાં દરેક પોતપોતાના વિસ્તારમાં આવતા કાપવા લાયક કૂપોની યાદી અરજી સહિત માગણીપત્ર ત્રણ કોપીમાં પાઠવે છે.. જેમાંની એક નકલ જિલ્લા રજિસ્ટ્રાર, બીજી નકલ જિલ્લાના સંઘને અને ત્રીજી નકલ જંગલ ખાતાને (જિલ્લા જંગલ અધિકારીને) મોકલી આપવામાં આવે છે. જિલ્લા રજિસ્ટ્રાર તેની ચકાસણી કરીને કૂપની ફાળવણીની સૂચના સંઘને કરે છે. આ વખતે સંઘ જિલ્લા મદદનીશ રજિસ્ટ્રાર પાસે પરવાનગી મેળવીને દસ્તાવેજ કરે છે. અને સંઘને કામગીરી સોંપે છે. આ અગાઉ માગણી પત્રોને ધ્યાનમાં લઇ વન ખાતા દ્વારા જે તે વિસ્તારના કૂપોની પ્રથમ ચકાસણી કરવામાં આવે છે. જેમાં કાપવા લાયક કૂપોને મુખ્ય કૂપ, ઠીનીંગ કૂપ અને સંરક્ષિત કૂપ એમ ત્રણે વિભાગમાં આવતા કૂપોમાંથી ૧ મુખ્ય કૂપ સહિત દરેકને કૂપ ફાળવવામાં આવે છે. આમ ત્રણે પ્રકારમાંથી કુલ વિસ્તાર પ્રમાણે મળેલ કૂપની અંદાજી રકમ નક્કી કરી તેની ડિપોઝીટ મંડળી મૂકે છે. જે ફીકસમાં પોતાના નામે મૂકી તેનું સર્ટિ. ખાતાને રજૂ કરે છે. કૂપનું કામ નક્કી કરવા-પૂર્ણ કરવા માર્ચ-એપ્રિલ સુધીનો સમય નક્કી કરાય છે. જે તે મંડળીને નિર્ધારિત સમયે કૂપ કાપણીનુ કાર્ય પૂર્ણ કરવાનું હોય છે. અહીં કૂપની ફાળવણીની વિગતો ટૂંકમાં ચર્ચી છે. જેની વિગતે નોંધ અહેવાલમાં લીધી છે. આ સિવાય મંડળી દ્વારા કૂપ કામના કામગીરી શરૂઆતથી તે હરાજી દ્વારા વેચાણ અને તેના હિસાબો કામકાજનો વિગતે ખ્યાલ દર્શાવ્યો છે.

## પસંદ કરેલ મંડળીઓના વિસ્તાર પ્રમાણે અભ્યાસમાં આવરી લીધેલ નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ :

જંગલ કામદાર સહકારી મંડળીઓના અભ્યાસમાં આવરી લીધેલ ૧૦૦ કુટુંબોની વિગતવાર નોંધ નીચેના કોઠામાં દર્શાવી છે.

કોઠો

| ક્રમ | વિગત | જિલ્લાનું નામ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | વલસાડ | ડાંગ | સુરત | |
| ૧. | તાલુકાનું નામ | ધરમપુર | આહવા | ઉચ્છલ | ત્રણ તાલુકા |
| ૨. | તાલુકાની કુલ મંડળીઓ | ૧૭ | ૩૦ | ૧૦ | ૫૭ |
| ૩. | પસંદ કરેલ મંડળીઓની સંખ્યા | ૧ | ૨ | ૧ | ૪ |
| ૪. | કાર્યક્ષેત્રનાં કુલ ગામ | ૩૧ | ૨૧ | ૭ | ૫૯ |
| ૫. | પસંદ થયેલ મંડળીના સભાસદોની માહિતી ગામ | ૨ | ૫ | ૧ | ૮ |
| ૬. | સભાસદોની તપાસમાં લીધેલ કુટુંબો | ૨૫ | ૫૦ | ૨૫ | ૧૦૦ |
| ૭. | સભાસદ | બધાં કુટુંબો | બધાં કુટુંબો | બધાં કુટુંબો | ૧૦૦ |
| ૮. | મકાન કાચું | ૨૫ | ૪૯ | ૨૫ | ૯૯ |
| | પાકું | - | ૧ | - | ૧ |
| ૯. | મકાનની જમીનની માલીકી | | | | |
| | પોતાની | ૨૧ | ૪૭ | ૨૫ | ૯૩ |
| | જંગલ ખાતાની | ૧ | ૧ | - | ૨ |
| | જાતિભાઇ | ૨ | ૨ | - | ૪ |
| | ભાડાની | ૧ | - | - | ૧ |
| ૧૦. | કુલ સભ્યો | ૧૧૧ | ૨૬૧ | ૧૫૩ | ૫૨૫ |
| ૧૧. | શિક્ષિત | ૨૨ | ૯૧ | ૨૯ | ૧૪૨ |
| ૧૨. | કમાનાર | ૫૦ | ૧૦૧ | ૯૭ | ૨૪૮ |
| ૧૩. | ૬થી ૧૪ વર્ષના | ૫૧ | ૧૨૭ | ૬૫ | ૨૪૩ |
| ૧૪. | જંગલકામની આવક | ૧૦૯૬ | ૧૧૬૫ | ૧૨૯૨ | ૧૧૮૦ |
| | કુટુંબદીઠ કુલ આવક | ૨૯૧૯ | ૫૦૪૦ | ૪૪૫૮ | ૪૩૬૪ |
| ૧૬. | આ જ વિસ્તારના જંગલ કામ નહીં કરનારની કુલ આવક | ૧૮૬૧ | ૧૪૩૫ | ૩૯૯૪ | |
| ૧૭. | કુટુંબદીઠ ખર્ચ | સરભર | સરભર | સરભર | |
| ૧૮. | દેવાદાર કુટુંબ | ૧૪ | ૨૦ | ૧૨ | ૪૬ |
| ૧૯. | દેવાદાર કુટુંબદીઠ દેવું | ૨૯૦ | ૧૭૧૫ | ૯૮૨ | ૧૦૯૧ |
| ૨૦. | સ્થાવર મિલકત કુટુંબદીઠ | ૮૯૮૨ | ૧૬૯૨૯ | ૮૫૧૬ | ૧૨૮૩૯ |
| ૨૧. | મંડળીના સભાસદ | | | | |
| | અ. સ્વેચ્છાથી | ૧૪ | ૪૭ | - | ૬૧ |
| | બ. કોઈની પ્રેરણાથી | ૧૧ | ૩ | ૨૫ | ૩૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨. સભ્ય થવાનું કારણ | | | | |
| અ. મજૂરી | ૨૫ | ૪૭ | ૨૫ | ૯૭ |
| બ. શેર ભંડોળ | )- | ૩ | - | |
| ૨૩. જંગલ મજૂરી સિવાય ખેતી છૂટક કામ | ૨૫ | ૫૦ | ૨૫ | ૧૦૦ |
| ૨૪. મંડળીના કામથી સંતોષ | ૨૫ | ૫૦ | ૨૫ | ૧૦૦ |
| ૨૫. કાર્યકર્તા સાથે ફરિયાદ | | | | |
| હા | - | ૬ | ૬ | ૧૨ |
| ના | ૨૫ | ૪૪ | ૧૯ | ૮૮ |

આમ પ્રસ્તુત અહેવાલના પ્રકરણ ૩માં ઉપરના જુદા જુદા મુદ્દાઓનો વિગે ખ્યાલ કોઠાઓના વર્ગીકરણ અને વિશ્લેષણ દ્વારા વિગતે દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત ઉચ્છલ તાલુકાના જુદા જુદા બીજા ત્રણ ગામોના ૨૬ વ્યકિતઓના વ્યકિતગત અભ્યાસની વિગતોની ઊંડાણપૂર્વક રજૂઆત કરવામાં આવી છે.

આમ પ્રસ્તુત અહેવાલના જુદા જુદા ત્રણ પ્રકરણોમાં દર્શાવેલ માહિતીનો ખ્યાલ મેળવ્યા પછી પ્રકરણ-૪માં મંડળીઓની કેટલોક ત્રુટિઓ અને મંડળીઓએ સભાસદો માટે અને સભાસદોએ મંડળીઓ માટે શું કરવુ જોઇએ તે અંગેના સૂચનોની વિગતવાર નોંધ દર્શાવવામાં આવી છે.

મંડળીના ત્રુટિઓમાં વારસદારોની નિમણૂક કરવા બાબત, શેર સર્ટીફિકેટસ આપવા બાબત, અંદરો અંદરના લેવડદેવડ અંગે, વ્યવસ્થાપક કમિટીની મીટીંગ દર માસે મળવા બાબત, વસુલાતના પ્રશ્નો અંગે, એડવાન્સ રકમ ચૂકવવા અંગેના કેટલાક ખામીઓ દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત મંડળીએ આજ સુધી શું કર્યુ છે તે અને હજી સભાસદોના હિતમાં શુ કરવું જોઇએ તેમજ મંડળીની સમસ્યાઓ અંગે વિગતવાર વિશ્લેષણ દર્શાવ્યું છે.

...

# ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ

(એક સંશોધન)

અહેવાલ લેખન : પટેલ અરૂણ ભા.

સાર લેખન : પટેલ અરૂણ ભા.

## પ્રાસ્તાવિક :

ભારતના વસ્તીમાં કેટલાંક જૂથો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત છે. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓનો સમાવેશ પણ થાય છે. ભારતમાં વસ્તીની દૃષ્ટિએ આદિવાસીઓની સંખ્યા વિશેષ છે. ભારતની જેમ ગુજરાતમાં પણ આદિવાસી વસ્તી વિશેષ જોવા મળે છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં આદિવાસીઓની વસ્તી ૪૮૪૮૫૮૬ છે અને તે આઠ જિલ્લાઓમાં પથરાયેલી છે. ગુજરાત રાજ્યના ૩૨ તાલુકાઓ એવા છે કે જેમાં આદિવાસીઓની વસ્તી કુલ તાલુકાની વસ્તીના ૫૦ ટકા કરતાં વધુ છે. રાજ્યમાં આદિવાસીઓની કુલ ૨૮ જાતિઓ છે. જેમાં મુખ્યત્વે ૧૦ જાતિઓ સંખ્યાની દૃષ્ટિએ વિશેષ છે. આ દરેક જાતિના લોકો ભિન્ન ભિન્ન સામાજિક, આર્થિક સ્તર પર જીવન વ્યતિત કરી રહયા છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ જુદુ જુદુ જોવા મળે છે.

## સમસ્યા :

આદિવાસીઓ આર્થિક રીતે તેમજ શૈક્ષણિક રીતે પછાત છે. તેમનું કેળવણી વિષયક પછાતપણું અને આર્થિક પછાતપણાનું કારણ અને પરિણામ બંને છે. શિક્ષણની દૃષ્ટિએ જોઇએ તો ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ કુલ વસ્તીમાં ૩૫.૭૯%, તેમાંયે પુરુષોમાં ૪૬.૧૧% અને સ્ત્રીઓમાં ૨૪.૭૫% છે. જ્યારે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૧૪.૧૨% છે. તેમાં ય સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું છે.

સ્વરાજ પહેલાં આદિવાસીઓના શૈક્ષણિક ફેલાવા માટે કે તેમના આર્થિક ઉન્નતિ માટે કોઇ આયોજિત પ્રયાસ થયો ન હતો. બ્રિટીશરોએ આદિવાસીઓને અલગ રાખવાની નીતિ અપનાવી હતી. પરંતુ સ્વરાજ પછી બંધારણના ઘડનારાઓએ પછાત જાતિના કલ્યાણના ઉત્કર્ષની જોગવાઇઓ બંધારણમાં કરી આપી. આથી સ્વરાજ પછી પંચવર્ષીય યોજનાઓમાં કેળવણી અને તાલીમ અંગેની તકો વધારીને તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટેના ખાસ ઉપાયો લેવામાં આવ્યા હતા. પંચવર્ષીય યોજનાઓમાં જેની પર ભાર મૂકવામાં આવ્યો છે તે તકની સમાનતા તે બંધારણનું એક મહત્વનું લક્ષણ છે. આ લક્ષ શિક્ષણ દ્વારા જ હલ થઇ શકશે. આથી આદિવાસીઓના કલ્યાણ અંગેની યોજનાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજનાઓના મોટા ભાગને રોકે છે. આમ તેમનામાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરવામાં આવી રહયા છે.

આજે તો કોઇ પણ આદિવાસી બાળક તેના લાયકાત હોય તો ઉચામાં ઉંચુ શિક્ષણ લઇ શકે અને તે લેવામાં તેને કોઇ પણ જાતની આર્થિક મુશ્કેલીઓ ભોગવવી ન પડે તે પ્રકારની સંપૂર્ણ વ્યવસ્થા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી અનેક પ્રકારની સવલતો મળે છે. અને આદિવાસીઓ આ સગવડોનો બહોળો લાભ લઇ શિક્ષણમાં આગળ પણ વધી રહયા છે. પરંતુ આદિવાસીઓની બિનઆદિવાસીઓની શિક્ષણની દ્રષ્ટિએ હરોળમાં આવવા માટે વધુ મજલો કાપવાની છે. આદિવાસીઓમાં શિક્ષણ વધ્યું તેનાં કારણો આર્થિક વિકાસના કાર્યક્રમોના લાભો તેમને મળ્યા પરંતુ આ લાભો અમુક આદિવાસી જાતિઓએ જ લીધા છે. શિક્ષણની બાબતમાં પણ કંઇક આવું જ બન્યું છે. ગુજરાતમાં શિક્ષણની દ્રષ્ટિએ ધોડિયા, ચૌધરી, ગામીત વગેરે શિક્ષણ લેતા થયા છે. જ્યારે બીજી બાજુએ અન્ય અત્યંત ગરીબ અવસ્થામાં જીવન વ્યતીત કરતી જાતિઓ જેવી કે કોટવાળિયા, કાથોડી, કોલઘા, સીદી વગેરે શિક્ષણની દ્રષ્ટિએ ઘણા પાછળ છે. આ બધી સવલતો હોવા છતાં તેમનાં બાળકો શાળાએ જતાં નથી. આમ જુદી જુદી આદિવાસી જાતિઓમાં શિક્ષણના સ્તરમાં ભિન્નતા જોવા મળે છે. શિક્ષણના અભાવને કારણે આ બધી જાતિના લોકો તેમના માટેની વિકાસ યોજનાઓનો લાભ લઇ શકતા નથી, સાથો સાથ અન્ય વિસ્તારોની સરખામણીએ આદિવાસી વિસ્તારમાં શિક્ષણની સવલતોમાં પણ ઘણો મોટો ફરક હોય છે. એટલે પછાત જાતિના વિસ્તારોમાં તો શિક્ષણ માટેની કોઇ વ્યવસ્થા પણ જોવા મળતી નથી. વિશેષ આદિવાસી વિસ્તારની શાળાઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘણું ઉંચું જોવા મળે છે. આમ એકંદરે ઉપર જણાવેલ અનેક સમસ્યાઓ તેમના શિક્ષણ સાથે સંકળાયેલી છે. તેની પાછળનાં કારણો શોધી કાઢવાં જરૂરી છે. આ બધા પ્રશ્નોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કર્યો છે.

તપાસનો હેતુ :

ઉપર જણાવેલ સમસ્યાને ધ્યાનમાં રાખી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસી વિસ્તારોમાં શૈક્ષણિક મોભો એ વિષય પર અભ્યાસ કરવાનું વિચારવામાં આવ્યું છે. આ અભ્યાસના ઉદેશો નીચે પ્રમાણે છે :

૧. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી કેવા પ્રકારની વ્યવસ્થા છે.

૨. આ પ્રકારની વ્યવસ્થાનો આદિવાસી લોકો કેટલો ઉપયોગ કરે છે, તથા

૩. આદિવાસી વિસ્તારોમાં રહેતા જુદા જુદી જાતિના લોકો શિક્ષણનો લાભ લે છે કે નહીં. અમુક જાતિના લોકો શિક્ષણનો લાભ નથી લેતા તો શા માટે લેતા નથી તે જાણવું.

૪. ભૌગોલિક વિસ્તારોની રીતે જોઈએ તો શું શિક્ષણની વ્યવસ્થા બધે જોઈતા પ્રમાણમાં છે ?

૫. પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ સ્તરે આદિવાસી વિસ્તારમાં અપવ્યય અને સ્થગિતતા -નું પ્રમાણ કેટલું છે અને તે પાછળ કયાં કારણો રહેલાં છે ?

૬. આદિવાસી વિસ્તારમાં કામ કરતા શિક્ષકોનું માળખું કેવા પ્રકારનું છે ? તેમને નડતી મુશ્કેલીઓ શી છે ? એની તપાસ કરવી.

૭. જુદી જુદી જાતિના લોકો શિક્ષણને કઈ રીતે મૂલવે છે ? તે તપાસવું.

૮. અંતમાં આ બધી હકીકતોને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરી આદિવાસીઓ અને તેમાંય વધુ પછાત ગણાતી જાતિઓ શિક્ષણનો લાભ કેમ વધારે પ્રમાણમાં લેતા નથી તે તપાસી વધારે લે તે માટે વ્યવહારુ સૂચનો કરવાં.

અભ્યાસ પદ્ધતિ :

પસંદ થયેલ શાળામાં હાજરીપત્રકો અને પરિણામપત્રકોનો વિગતવાર અભ્યાસ કર્યો હતો. અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ જાણવા માટે પરિણામપત્રકોનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત શાળાના શિક્ષકો પાસેથી એક સંરચનાયુક્ત પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્ર કરી હતી. જે બાળકોએ અભ્યાસ છોડી દીધો છે અને જે બાળકોનો અભ્યાસ ચાલુ છે તેમના કેટલાક વાલીઓનો સંપર્ક સાધી પ્રશ્નાવલી દ્વારા તેમની આર્થિક સ્થિતિ મ તેમજ અભ્યાસ છોડવા પાછળનાં કારણોની માહિતી એકત્ર કરવા માટે સંરચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કર્યો હતો. આ સિવાય તાલુકા અને જિલ્લા કક્ષાએ શિક્ષણ સાથે સંકળાયેલા અધિકારીઓ, ગામના આગેવાનો અને જાતિના આગેવાનો પાસેથી શિક્ષણ અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી. ગુજરાતની બધી જ આશ્રમશાળાઓ અને છાત્રાલયોની પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્ર કરવા પ્રયત્ન કર્યો હતો. છતાં જેટલી પ્રશ્નાવલીના જવાબ મળ્યા તેટલીનો અહીં સમાવેશ કર્યો છે.

અભ્યાસનો વિસ્તાર :

આ અભ્યાસ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં કરવાનો હતો. તપાસની પસંદગી માટે છોટાઉદેપુર, નસવાડી, તિલકવાડા, ભિલોડા, સોનગઢ, માંડવી, ડેડિયાપાડા, લીમખેડા, ઉમરગામ અને આહવા આમ ૧૦ તાલુકાઓ લીધા હતા. દરેક તાલુકામાંથી ૫ પ્રાથમિક શાળા અને એક માધ્યમિક શાળા પસંદ કરી હતી. જ્યારે ડાંગમાંથી ૧૦ પ્રાથમિક શાળા લીધી હતી. આની સાથે સાથે જે તે શાળાના ગામમાં બાળકોના વાલીઓને મળ્યા હતા. કુલ ૫૪ ગામોમાંથી ૪૬૯ કુટુંબો પાસેથી માહિતી મળી હતી. જે ટૂંકમાં આ પ્રમાણે છે :

પસંદ થયેલ કુલ ૪૬૯ કુટુંબોમાં લગભગ ૧૪ જેટલી આદિવાસી જાતિઓનો સમાવેશ થયો હતો. ક્રમ પ્રમાણે જોઈએ તો ભીલ, ગામીત, વસાવા, રાઠવા, કોટવાળિયા, તડવી, કોંકણા, વારલી, હળપતિ, ડુંગરી ગરાસિયા, ચૌધરી, કુનબી, પટેલિયા અને નાયકા જાતિ હતી. કુલ ૪૬૯ કુટુંબોમાંથી ૬૫.૬૭ ટકા કુટુંબના વડાઓ અભણ જોવા મળ્યા હતા. કોટવાળિયા, કુનબી, રાઠવા, નાયકા, તડવી અને વારલી જાતિઓમાં કુટુંબના વડા વધુ પ્રમાણમાં અભણ હતા. જ્યારે વસાવા, ડુંગરી ગરાસિયા, પટેલિયા, કોંકણા અને ભીલ કુટુંબના વડાઓમાં અભણની સંખ્યા ઓછી હતી. જાતિવાર કુટુંબના વડાનો શિક્ષણની સ્થિતિ કોઠા-૧માં આપવામાં આવી છે.

કુલ ૪૬૯ કુટુંબોની શિક્ષણની પરિસ્થિતિ કોઠા-૨માં આપી છે અને તે પરથી જોઈએ તો કુલ પુરુષોમાંથી ૫૪.૨૯ ટકા ભણેલા પુરુષો હતા અને કુલ સ્ત્રીઓમાંથી ૨૮.૧૯ ટકા સ્ત્રીઓ ભણેલ હતી. આ પરથી જણાય છે કે સ્ત્રીઓમાં અભણનું પ્રમાણ (૬૧.૦૦%) ખૂબ જ છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં સ્ત્રીઓ શિક્ષણ ઓછું લે છે અથવા શિક્ષણનું મહત્વ જાણતી નથી. જાતિવાર શિક્ષણ જોઈએ તો વધુમાં વધુ શિક્ષણનું પ્રમાણ ચૌધરી, કોંકણા, ડુંગરી ગરાસિયા, પટેલિયા અને વસાવામાં જોવા મળે છે. જ્યારે ઓછામાં ઓછું શિક્ષણનુ પ્રમાણ નાયકા અને કોટવાળિયામાં જોવા મળે છે. જે સ્પષ્ટ રીતે કોઠામાં જોતાં જણાય છે.

અહીં સમગ્ર રીતે શિક્ષણનું પ્રમાણ ગુજરાતના આદિવાસીઓના શિક્ષણના પ્રમાણ કરતાં વધુ આવે છે તેનુ કારણ એ છે કે આપણે માત્ર શિક્ષણ લેતા બાળકો અને અભ્યાસ છોડી દીધેલ બાળકોના કુટુંબોનું જ સર્વેક્ષણ કર્યુ છે. જેથી શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

તપાસેલ બધાં કુટુંબોમાંથી ૧૪ વર્ષ સુધીનાં બાળકોમાં ૭૨૪ કુમાર અને ૫૦૩ કન્યા જોવા મળે છે. જે બધાં જ શાળાએ જઈ શકે તેમ છે. છતાં હજી પણ ૧૫.૧૮ ટકા કુમાર અને ૨૦.૨૯ ટકા કન્યાઓ ૧૪ વર્ષ સુધીનાં અશિક્ષિત છે. જે શાળાએ જઈ શકે તેમ છે. જાતિવાર આ આંકડા કોઠા-૩ પ્રમાણે છે. તેમાં ૧૪ વર્ષથી નીચેનાં બાળકોમાં અશિક્ષિતનું પ્રમાણ કોટવાળિયા અને નાયકામાં વધારે જણાય છે. જ્યારે આ પ્રમાણ ડુંગરી ગરાસિયામાં ઓછામાં ઓછુ જણાય છે.

## કોઠો-૧

તપાસેલ કુટુંબના વડાઓમાં શિક્ષણનું પ્રમાણ

| ક્રમ | જાતિ | ભણેલા | અભણ | કુલ કુટુંબ |
|---|---|---|---|---|
| ૧. | ભીલ | ૩૪ | ૪૫ | ૭૯ |
| | | ૪૩.૦૪ | ૫૬.૯૬ | ૧૦૦.૦૦ |
| ૨. | રાઠવા | ૫ | ૨૮ | ૩૩ |
| | | ૧૫.૧૫ | ૮૪.૮૫ | ૧૦૦.૦૦ |
| ૩. | નાયકા | ૩ | ૧૫ | ૧૮ |
| | | ૧૬.૬૭ | ૮૩.૩૩ | ૧૦૦.૦૦ |
| ૪. | પટેલિયા | ૯ | ૧૦ | ૧૯ |
| | | ૪૭.૩૭ | ૫૨.૬૩ | ૧૦૦.૦૦ |
| ૫. | તડવી | ૬ | ૨૩ | ૨૯ |
| | | ૨૦.૬૯ | ૭૯.૩૧ | ૧૦૦.૦૦ |
| ૬. | કાપાતે/દૂબળા | ૯ | ૧૯ | ૨૮ |
| | | ૩૨.૧૪ | ૬૭.૮૬ | ૧૦૦.૦૦ |
| ૭. | ડુંગરીગરાસિયા | ૧૪ | ૧૩ | ૨૭ |
| | | ૫૧.૮૫ | ૪૮.૧૫ | ૧૦૦.૦૦ |
| ૮. | ગામીત | ૨૦ | ૩૨ | ૫૨ |
| | | ૩૮.૪૬ | ૬૧.૫૪ | ૧૦૦ઉ૦૦ |
| ૯. | વારલી | ૭ | ૨૨ | ૨૯ |
| | | ૨૪.૧૪ | ૭૫.૮૬ | ૧૦૦.૦૦ |
| ૧૦. | ચૌધરી | ૧૦ | ૧૫ | ૨૫ |
| | | ૪૦.૦૦ | ૬૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૧. | કોટવાળિયા | ૨ | ૨૯ | ૩૧ |
| | | ૬.૪૫ | ૯૩.૫૫ | ૧૦૦.૦૦ |
| ૧૨. | કોંકણા | ૧૩ | ૧૬ | ૨૯ |
| | | ૪૪.૮૩ | ૫૫.૧૭ | ૧૦૦.૦૦ |
| ૧૩. | વસાવા | ૨૭ | ૨૧ | ૪૮ |
| | | ૫૬.૨૫ | ૪૩.૭૫ | ૧૦૦.૦૦ |
| ૧૪. | કુનબી | ૨ | ૨૦ | ૨૨ |
| | | ૯.૦૯ | ૯૦.૯૧ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૧૬૧ | ૩૦૮ | ૪૬૯ |
| | | ૩૪.૩૩ | ૬૫.૬૭ | ૧૦૦.૦૦ |

કોઠો-૨



જાતિ પ્રમાણે શિક્ષણનું વર્ગીકરણ

| ક્રમ જાતિ | ભણેલ | | અભણ | | પંચવર્ષથી નીચે | | કુલ સભ્ય સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. ભીલ | ૧૮૫ | ૬૦ | ૧૦૮ | ૧૫૨ | ૨૩ | ૨૯ | ૩૧૬ | ૨૪૧ |
| | ૫૮.૫૪ | ૨૪.૯૦ | ૩૪.૧૮ | ૬૩.૦૭ | ૭.૨૮ | ૧૨.૦૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨. રાઠવા | ૫૬ | ૨૪ | ૬૪ | ૮૦ | ૬ | ૧૩ | ૧૨૬ | ૧૧૭ |
| | ૪૪.૪૪ | ૨૦.૫૧ | ૫૦.૭૯ | ૬૮.૩૮ | ૪.૭૭ | ૧૧.૧૧ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩. નાયકા | ૧૪ | ૪ | ૩૬ | ૩૯ | ૭ | ૧૦ | ૫૭ | ૫૩ |
| | ૨૪.૫૬ | ૭.૫૫ | ૬૩.૧૬ | ૭૩.૫૯ | ૧૨.૨૮ | ૧૮.૮૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪. પટેલિયા | ૪૫ | ૧૮ | ૨૦ | ૩૭ | ૮ | ૧૦ | ૭૩ | ૬૫ |
| | ૬૧.૬૪ | ૨૭.૬૯ | ૨૭.૪૦ | ૫૬.૯૨ | ૧૦.૯૬ | ૧૫.૩૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૫. તડવી | ૪૫ | ૧૫ | ૩૭ | ૪૫ | ૮ | ૧૧ | ૯૦ | ૭૧ |
| | ૫૦.૦૦ | ૨૧.૧૩ | ૪૧.૧૧ | ૬૩.૩૮ | ૮.૮૯ | ૧૫.૪૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૬. હળપતિ | ૪૫ | ૨૦ | ૩૦ | ૪૬ | ૪ | ૪ | ૭૯ | ૭૦ |
| | ૫૬.૯૬ | ૨૮.૫૭ | ૩૭.૯૮ | ૪૫.૭૧ | ૫.૦૬ | ૫.૭૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૭. ડુંગરીગરાસિયા | ૬૪ | ૩૦ | ૩૪ | ૪૯ | ૪ | ૬ | ૧૦૨ | ૮૫ |
| | ૬૨.૭૫ | ૩૫.૨૯ | ૩૩.૩૩ | ૫૭.૬૫ | ૩.૯૨ | ૭.૦૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮. ગામીત | ૯૮ | ૪૮ | ૫૨ | ૯૪ | ૨૬ | ૧૫ | ૧૭૬ | ૧૫૭ |
| | ૫૫.૬૮ | ૩૦.૫૭ | ૨૯.૫૫ | ૫૯.૮૭ | ૧૪.૭૭ | ૯.૫૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૯. વારલી | ૫૨ | ૧૯ | ૪૩ | ૫૭ | ૯ | ૮ | ૧૦૪ | ૮૪ |
| | ૫૦.૦૦ | ૨૨.૬૨ | ૪૧.૩૫ | ૬૭.૮૬ | ૮.૬૫ | ૯.૫૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૦. ચૌધરી | ૫૬ | ૩૨ | ૨૨ | ૩૫ | ૧૦ | ૯ | ૮૮ | ૭૬ |
| | ૬૩.૬૪ | ૪૨.૧૧ | ૨૫.૦૦ | ૪૬.૦૫ | ૧૧.૩૬ | ૧૧.૮૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૧. કોટવાળિયા | ૧૮ | ૧૭ | ૫૫ | ૪૩ | ૯ | ૫ | ૮૨ | ૬૫ |
| | ૨૧.૯૫ | ૨૬.૧૫ | ૬૭.૦૭ | ૬૬.૧૫ | ૧૦.૯૮ | ૭.૭૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૨. કોકણા | ૬૩ | ૩૦ | ૨૯ | ૪૯ | ૮ | ૬ | ૧૦૦ | ૮૫ |
| | ૬૩.૦૦ | ૩૫.૨૯ | ૨૯.૦૦ | ૫૭.૭૫ | ૮.૦૦ | ૭.૦૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૩. વસાવા | ૧૧૯ | ૫૯ | ૫૨ | ૧૦૨ | ૨૫ | ૨૫ | ૧૯૬ | ૧૮૬ |
| | ૬૦.૭૧ | ૩૧.૭૨ | ૨૬.૫૩ | ૫૪.૮૪ | ૧૨.૭૬ | ૧૩.૪૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૪. કુનબી | ૪૫ | ૨૦ | ૨૭ | ૨૯ | ૬ | ૧ | ૭૮ | ૫૦ |
| | ૫૬.૬૯ | ૪૦.૦૦ | ૩૪.૬૨ | ૫૮.૦૦ | ૭.૬૯ | ૨.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| કુલ | ૮૦૫ | ૩૯૬ | ૬૦૯ | ૮૫૭ | ૧૫૩ | ૧૫૨ | ૧૬૬૭ | ૧૪૦૫ |
| | ૫૪.૨૯ | ૨૮.૧૯ | ૩૬.૫૩ | ૬૧.૦૦ | ૯.૧૮ | ૧૦.૮૧ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

શિક્ષણનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જાતિ | શિક્ષિત: ૦થી ૧૪ પુ. | ૦થી ૧૪ સ્ત્રી | ૧૫ થી ૩૪ પુ. | ૧૫ થી ૩૪ સ્ત્રી | ૩૫થી ૫૯ પુ. | ૩૫થી ૫૯ સ્ત્રી | ૬૦થી ઉપર પુ. | ૬૦થી ઉપર સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | ભીલ | ૯૨ | ૪૯ | ૭૩ | ૧૧ | ૨૦ | ૨ | ૩ | - |
| | | ૨૯.૧૧ | ૨૦.૩૩ | ૨૩.૧૧ | ૪.૫૬ | ૬.૩૩ | ૦.૮૩ | ૦.૯૫ | - |
| ૨. | રાઠવા | ૩૭ | ૨૦ | ૧૭ | ૩ | ૩ | - | - | - |
| | | ૨૯.૩૭ | ૧૭.૦૯ | ૧૩.૪૯ | ૨.૫૬ | ૨.૩૮ | - | - | - |
| ૩. | નાયકા | ૧૦ | ૪ | ૨ | - | ૨ | - | - | - |
| | | ૧૭.૫૪ | ૭.૫૫ | ૩.૫૧ | - | ૩.૫૧ | - | - | - |
| ૪. | પટેલિયા | ૨૦ | ૧૫ | ૧૯ | ૨ | ૫ | ૧ | ૧ | - |
| | | ૨૭.૪૦ | ૨૩.૦૮ | ૨૬.૦૩ | ૩.૦૮ | ૬.૮૫ | ૧.૫૩ | ૧.૩૭ | - |
| ૫. | તડવી | ૨૯ | ૧૫ | ૧૨ | - | ૪ | - | - | - |
| | | ૩૨.૨૩ | ૨૧.૧૩ | ૧૩.૩૩ | - | ૪.૪૪ | - | - | - |
| ૬. | હળપતિ | ૨૬ | ૧૪ | ૧૨ | ૬ | ૫ | ૨ | - | - |
| | | ૩૨.૯૧ | ૨૦.૦૦ | ૧૫.૧૯ | ૮.૫૭ | ૬.૩૩ | ૨.૮૬ | - | - |
| ૭. | ડુંગરીગરાસિયા | ૨૮ | ૧૮ | ૩૦ | ૧૨ | ૫ | ૧ | ૧ | - |
| | | ૨૭.૪૫ | ૨૧.૧૮ | ૨૯.૪૧ | ૧૪.૧૨ | ૪.૯૦ | ૧.૧૮ | ૦.૯૮ | - |
| ૮. | ગામીત | ૪૬ | ૩૧ | ૩૭ | ૧૨ | ૧૪ | ૬ | ૩ | - |
| | | ૨૬.૧૪ | ૧૯.૭૫ | ૨૧.૦૨ | ૭.૬૪ | ૭.૯૬ | ૩.૮૨ | ૧.૭૦ | - |
| ૯. | વારલી | ૨૯ | ૧૭ | ૧૭ | ૨ | ૫ | - | ૧ | - |
| | | ૨૭.૮૮ | ૨૦.૨૪ | ૧૬.૩૫ | ૨.૩૮ | ૪.૮૧ | - | ૦.૯૬ | - |
| ૧૦. | ચૌધરી | ૨૦ | ૧૦ | ૨૭ | ૧૮ | ૯ | ૪ | ૧ | - |
| | | ૨૨.૭૩ | ૧૩.૧૬ | ૩૦.૬૮ | ૨૩.૬૮ | ૧૦.૨૩ | ૫.૨૫ | ૧.૧૪ | - |
| ૧૧. | કોટવાળિયા | ૧૬ | ૧૯ | ૧ | - | ૧ | - | - | - |
| | | ૧૯.૫૧ | ૨૯.૨૩ | ૧.૨૨ | - | ૧.૨૨ | - | - | - |
| ૧૨. | કોકણા | ૩૨ | ૨૪ | ૨૨ | ૭ | ૭ | ૧ | ૧ | - |
| | | ૩૨.૦૦ | ૨૮.૨૪ | ૨૨.૦૦ | ૮.૨૩ | ૭.૦૦ | ૧.૧૮ | ૧.૦૦ | - |
| ૧૩. | વસાવા | ૬૦ | ૪૧ | ૩૬ | ૧૬ | ૨૩ | ૨ | ૧ | - |
| | | ૩૦.૬૧ | ૨૨.૦૪ | ૧૮.૩૭ | ૮.૬૦ | ૧૧.૭૪ | ૧.૦૮ | ૦.૫૧ | - |
| ૧૪. | કુનબી | ૨૬ | ૧૧ | ૧૬ | ૫ | - | - | - | - |
| | | ૩૩.૩૩ | ૨૨.૦૦ | ૨૦.૫૧ | ૧૦.૦૦ | - | - | - | - |
| | કુલ | ૪૭૧ | ૨૮૮ | ૩૨૧ | ૯૪ | ૧૦૩ | ૧૯ | ૧૨ | - |
| | | ૨૮.૨૫ | ૨૦.૧૦ | ૧૯.૨૬ | ૬.૬૯ | ૬.૧૮ | ૧.૩૫ | ૦.૭૨ | - |

| ક્રમ | અશિક્ષિત | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૦થી ૧૪ | | ૧૫થી ૩૪ | | ૩૫થી ૫૯ | | ૬૦થી ઉપર | | કુલ | |
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧. | ૪૪ | ૪૦ | ૩૧ | ૭૪ | ૪૭ | ૬૦ | ૬ | ૫ | ૩૧૬ | ૨૪૧ |
| | ૧૩.૯૨ | ૧૬.૬૦ | ૯.૮૧ | ૩૦.૭૧ | ૧૪.૮૭ | ૨૪.૯૦ | ૧.૯૦ | ૨.૦૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨. | ૧૮ | ૩૧ | ૨૨ | ૨૭ | ૨૪ | ૩૩ | ૫ | ૩ | ૧૨૬ | ૧૧૭ |
| | ૧૪.૨૯ | ૨૬.૫૦ | ૧૭.૪૬ | ૨૩.૦૮ | ૧૯.૦૫ | ૨૮.૨૧ | ૩.૯૬ | ૨.૫૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩. | ૧૨ | ૧૯ | ૧૫ | ૧૨ | ૧૪ | ૧૭ | ૨ | ૧ | ૫૭ | ૫૩ |
| | ૨૧.૦૫ | ૩૫.૮૫ | ૨૬.૩૨ | ૨૨.૬૪ | ૨૪.૫૬ | ૩૨.૦૮ | ૩.૫૧ | ૧.૮૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪. | ૧૧ | ૧૩ | ૬ | ૧૯ | ૮ | ૧૩ | ૩ | ૨ | ૭૩ | ૬૫ |
| | ૧૫.૦૫ | ૨૦.૦૦ | ૮.૨૩ | ૨૯.૨૩ | ૧૦.૯૬ | ૨૦.૦૦ | ૪.૧૧ | ૩.૦૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૫. | ૧૨ | ૨૧ | ૧૪ | ૧૬ | ૧૭ | ૧૮ | ૨ | ૧ | ૯૦ | ૭૧ |
| | ૧૩.૩૩ | ૨૯.૫૮ | ૧૫.૫૬ | ૨૨.૫૩ | ૧૮.૮૯ | ૨૫.૩૫ | ૨.૨૨ | ૧.૪૧ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૬. | ૧૦ | ૧૭ | ૧૪ | ૧૮ | ૧૨ | ૧૩ | - | - | ૭૯ | ૭૦ |
| | ૧૨.૬૬ | ૨૪.૨૯ | ૧૭.૭૨ | ૨૫.૭૧ | ૧૫.૧૯ | ૧૮.૫૭ | - | - | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૭. | ૮ | ૧૫ | ૧૨ | ૨૦ | ૧૭ | ૧૮ | ૧ | [illegible] | ૧૦૨ | ૮૫ |
| | ૭.૮૪ | ૧૭.૬૪ | ૧૧.૧૭ | ૨૩.૫૩ | ૧૧.૬૭ | ૨૧.૧૮ | ૦.૯૮ | ૧.૧૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮ | ૩૧ | ૩૧ | ૨૨ | ૪૭ | ૨૧ | ૨૬ | ૨ | ૪ | ૧૭૬ | ૧૫૭ |
| | ૧૭.૬૧ | ૧૯.૭૫ | ૧૨.૫૦ | ૨૯.૯૪ | ૧૧.૯૩ | ૧૬.૫૬ | ૧.૧૪ | ૨.૫૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૯. | ૧૭ | ૧૬ | ૧૬ | ૩૨ | ૧૯ | ૧૭ | - | - | ૧૦૪ | ૮૪ |
| | ૧૬.૩૫ | ૧૯.૦૫ | ૧૫.૩૮ | ૩૮.૦૯ | ૧૮.૨૭ | ૨૦.૨૪ | - | - | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૦. | ૯ | ૧૫ | ૭ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧ | ૧ | ૮૮ | ૭૬ |
| | ૧૦.૨૩ | ૧૯.૭૪ | ૭.૯૫ | ૧૭.૧૧ | ૧૫.૯૦ | ૧૯.૭૪ | ૧.૧૪ | ૧.૩૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૧. | ૨૨ | ૬ | ૨૩ | ૧૯ | [illegible] | ૧૯ | ૧ | ૨ | ૮૨ | ૬૫ |
| | ૨૬.૮૩ | ૯.૨૩ | ૨૮.૦૫ | ૨૯.૨૩ | ૨૧.૯૫ | ૨૯.૨૩ | ૧.૨૨ | ૩.૦૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૨. | ૧૬ | ૧૨ | ૮ | ૨૧ | ૧૩ | ૧૯ | ૧ | ૧ | ૧૦૦ | ૮૫ |
| | ૧૬.૦૦ | ૧૪.૧૨ | ૮.૦૦ | ૨૪.૭૧ | ૧૩.૦૦ | ૨૨.૩૪ | ૧.૦૦ | ૧.૧૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૩. | ૩૩ | ૪૭ | ૧૬ | ૪૫ | ૨૨ | ૨૯ | ૫ | ૬ | ૧૯૬ | ૧૮૬ |
| | ૧૬.૮૪ | ૨૫.૨૭ | ૮.૧૬ | ૨૪.૧૯ | ૧૧.૨૨ | ૧૫.૫૯ | ૨.૫૫ | ૩.૨૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૪ | ૧૦ | ૨ | ૭ | ૧૪ | ૧૮ | ૧૮ | ૧ | - | ૭૮ | ૫૦ |
| | ૧૨.૮૩ | ૪.૦૦ | ૮.૯૭ | ૨૮.૦૦ | ૨૩.૦૮ | ૩૬.૦૦ | ૧.૨૮ | - | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| કુલ | ૨૫૩ | ૨૮૫ | ૨૧૩ | ૩૭૭ | ૨૬૪ | ૩૧૫ | ૩૦ | ૨૭ | ૧૬૬૭ | ૧૪૦૫ |
| | ૧૫.૧૮ | ૨૦.૨૯ | ૧૨.૭૭ | ૨૬.૮૩ | ૧૫.૮૪ | ૨૨.૪૨ | ૧.૮૦ | ૧.૯૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

તપાસેલ કુટુંબોમાંથી ૭૮૨ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ હતો તેમાં માત્ર ૧૪ વિદ્યાર્થીઓ જ કોલેજ કક્ષાએ જોવા મળ્યા હતા. અને ૧૦૧ વિદ્યાર્થીઓ માધ્યમિક શાળાનો અભ્યાસ કરતા હતા. બાકીના બધા પ્રાથમિક શાળામાં હતા. આ બધામાંથી કુલ ૬૩ વિદ્યાર્થીઓ ચાલુ અભ્યાસે નાપાસ થયા હતા. તેમાં ૫૩ બાળકો એકવાર, ૯ બાળકો બે વાર અને એક બાળક ત્રણ વાર નાપાસ થયાં હતાં. આ નાપાસ થવાનાં મુખ્ય કારણો વિદ્યાર્થીઓ ગેરહાજર હોવાથી (૪૬.૦૩%), અભ્યાસ કાચો હોવાથી (૩૪.૯૨%) માંદગીને કારણે (૧૫.૮૭%) અને ઘરકામ હોવાથી (૩.૧૮%) હતાં.

તપાસેલ બધાં કુટુંબોમાંથી ૨૧૯ વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ છોડી દીધો હતો. તેમાં વધુમાં વધુ ૪થા ધોરણમાંથી (૨૧.૪૩%) અને ૨જા ધોરણમાંથી (૨૦.૦૯%) વિદ્યાર્થીઓ ઊઠી ગયા હતા. કોલેજ કક્ષાએ કોઈ જોવા મળ્યું ન હતું. માધ્યમિક કક્ષાએ આ પ્રમાણ ૧૨.૩૨% હતું.

ઉપર આપણે કુટુંબોની માહિતી જોઈ તે ઉપરાંત કુલ ૫૪ શાળાઓની પણ માહિતી લીધા હતી. આ શાળાઓમાં કુલ વિદ્યાર્થીઓમાં ૬૮.૨૯% કુમાર અને ૬૪.૪૪% કન્યાઓ અનુસૂચિત જનજાતિની જોવા મળી હતી. આ ૫૪ પ્રાથમિક શાળાઓમાંથી ૭ શાળા ત્રણ ધોરણવાળી, ૧૬ શાળા ચાર ધોરણવાળી, ૪ શાળા પાંચ ધોરણવાળી અને ૨૭ શાળા સાત ધોરણવાળી હતી.

ત્રણ ધોરણવાળી શાળામાં કલ ૨૪૭ બાળકો પહેલા ધોરણમાં દાખલ થયાં હતાં. તેમાંથી ૩૬ બાળકોએ નિયત અભ્યાસ પૂરો કર્યો હતો, ૧૦૫ બાળકો ઊઠી ગયાં હતાં અને ૧૦૬ બાળકો નાપાસ થયાં પણ અભ્યાસ જે તે વર્ષમાં ચાલુ હતો. તે જ પ્રમાણે ચાર ધોરણવાળી શાળામાં ૫૭૯ વિદ્યાર્થીઓ પહેલા ધોરણમાં દાખલ થયા હતા તેમાંથી ૬૨ બાળકોએ નિયત અભ્યાસ પૂરો કર્યો હતો, ૨૫૨ ઊઠી ગયા હતા અને ૨૬૫ નાપાસ થવાથી જે તે વર્ષમાં અભ્યાસ ચાલુ હતો. પાંચ ધોરણવાળી શાળામાં કુલ ૧૫૨ બાળકોમાંથી ૧૯ બાળકોએ નિયત અભ્યાસ પૂરો કર્યો હતો, ૬૧ ઊઠી ગયાં હતાં અને ૭૨ બાળકો નાપાસ થવાથી જે તે વર્ષમાં હતા. સાત ધોરણવાળી શાળાઓમાં કુલ ૮૬૦ બાળકો પહેલા ધોરણમાં દાખલ થયાં હતાં. તેમાંથી ૧૧૫ બાળકોએ નિયત અભ્યાસ પૂરો કર્યો હતો. ૫૩૧ બાળકો ઊઠી ગયાં હતાં અને ૨૧૪ બાળકો નાપાસ થવાથી જે તે વર્ષમાં અભ્યાસ ચાલુ હતો.

પસંદ થયેલ આઠ માધ્યમિક શાળાઓમાં કલ ૫૬૯ વિદ્યાર્થીઓ આઠમા ધોરણમાં દાખલ થયા હતા તેમાં ૧૬૯ વિદ્યાર્થીઓએ (૨૯.૭૦%) પોતાનો નિયત અભ્યાસ પૂરો કર્યો હતો, ૨૩૮ વિદ્યાર્થીઓ ઊઠી ગયા હતા અને ૧૬૨ વિદ્યાર્થીઓ નાપાસ થવાથી જે તે વર્ષમાં અભ્યાસ ચાલુ રાખેલ હતો.

પ્રાથમિક શાળામાં સામાન્ય રીતે બધે જ સરખા વિષયો છે અને વિદ્યાર્થીઓ બધા વિષયોમાં પાસ થતા હોય છે. પણ માધ્યમિક શાળામાં અંગ્રેજીમાં મોટા ભાગના આદિવાસી વિદ્યાર્થીઓ નાપાસ થતા હોય છે. પણ માધ્યમિકશાળામાં અંગ્રેજીમાં મોટા ભાગના આદિવાસી વિદ્યાર્થીઓ નાપાસ થતા હોય છે. ત્યાર બાદ હાયર ગણિત અને વાણિજ્ય ગણિતમાં પણ વધારે વિદ્યાર્થીઓ નાપાસ થતા માલુમ પડે છે. ગુજરાતમાં ઘણી જગ્યાએ આદિવાસી વિસ્તારમાં આવેલા આદિવાસી કુટુંબોને માત્ર બે ટંક પૂરતો ખોરાક મળતો નથી જેથી તેમના માબાપને (બાળકોને) શિક્ષણ આપવા પ્રત્યે તેઓ વિચારી શકતા નથી. અને આવા વિસ્તારોમાં જે ગુજરાત સરકારે મજૂરી દર નક્કી કરેલ છે તે પ્રમાણે મળતો નથી. જેથી કુટુંબમાં માત્ર એકાદ બે વ્યક્તિ જ કમાવવા જાય તો પણ પૂરું થઈ શકતું નથી. જેને લીધે નાની વયથી જ એટલે કે બાળકોને શિક્ષણ આપવાનો સમય હોય તેને બદલે મજૂરીએ જવું પડે છે. કેટલીક જગ્યાએ ગામમાં જે સ્થાનિક વિસ્તારમાં રોજી રોટી પણ મળી ન રહેવાથી તેઓ બહાર ગામ મજૂરીએ જાય છે. જેથી તેમના બાળકો શાળામાં ભણતાં હોય તેમને પણ સાથે લઈ જાય છે. અને તેને પરિણામે બાળકોનું ભણવાનું તૂટી જાય છે. ટૂંકમાં આર્થિક સ્થિતિ નબળી હોવાથી બાળકોને શિક્ષણ માટે ચોપડાઓ, નોટબુકો, કાગળ, પેન, પેન્સિલ, કંપાસ, કપડાં વગેરે વસ્તુઓ ખરીદવા પૈસા હોતા નથી તેથી આદિવાસીઓ પોતાના બાળકોને ભણાવવા માગતા નથી. અને બાળક શાળાએ જાય તો તેમનું ખેતીનું કામ બગડે, નાના બાળકની સંભાળ રાખવાની મુશ્કેલી પડે વગેરે અનેક કારણો બાળકોના વાલીઓ પાસેથી મળ્યાં હતાં. આ જ કારણો શિક્ષકો પણ બતાવે છે.

કેટલીક જગ્યાએ એક જ વર્ગવાળી શાળામાં ચાર ધોરણના વિદ્યાર્થીઓને સાથે બેસાડતા હોય છે અને તે જ વર્ગમાં મધ્યાહ્‌ન ભોજન માટે સામગ્રી મૂકી હોય. ઓટલા પર શિશુકેન્દ્ર ચાલતું હોય ત્યારે શિક્ષકો કેવી રીતે શિક્ષણ આપી શકે અને વિદ્યાર્થીઓ પણ કેવી રીતે શિક્ષણ લઈ શકે. એક શિક્ષકવાળી શાળામાં ચાર ધોરણના બાળકોને કેવી રીતે શિક્ષણ આપી શકે. ગમે તે ત્રણ વર્ગના બાળકોને તો બેસી રહેવું જ પડે. આમ આ શિક્ષણનો આ પ્રકારે બગાડ થાય છે. ઘણી જગ્યાએ બાળકોને વર્ગ બેસાડતા નથી પણ ઝાડ નીચે બેસાડી શિક્ષણ આપે છે. ચોમાસામાં શાળામાં પાણી પડતું હોય અને એક જ વર્ગ હોય અને વિદ્યાર્થીઓ બહુ હોય ત્યારે બાળકોને ઘરે મોકલી દેવાં પડતાં હોય છે.

ગામમાં ચાર ધોરણ સુધીની શાળા હોય અને બાળકોને આગળ ભણવાની ઈચ્છા હોય અથવા વાલીઓને ભણાવવાની ઈચ્છા હોય પરંતુ નજીકમાં શાળા ન હોવાથી તેઓ બહાર જઈ ભણી શકતાં નથી. અને જેઓ બહાર આશ્રમશાળામાં જવાની તૈયારી બતાવતા હોવા છતાં પણ ત્યાં પ્રવેશ ન મળવાથી તેઓ પછી રખડતા થઈ જાય છે. (દા.ત. જૂનવાણ ગામ) આ રીતે શિક્ષણમાં જે આદિવાસીઓ પાછળ છે તે પાછળ જ રહેતા જાય છે. તે માટે સરકારે આશ્રમશાળાઓ વધુ ખોલવી જોઈએ. જે

એક આશ્રમશાળા ૫ કિ.મી.ના આજુબાજુના બધાં જ ગામ આવરી શકે અને દરેકને આશ્રમશાળાનો લાભ મળી શકે. બને ત્યાં સુધી બધાં જ આદિવાસી બાળકોને પ્રવેશ આપવો જોઈએ.

પ્રાથમિક શિક્ષણ તો લગભગ બધાં જ બાળકો લઈ શકે છે પણ માધ્યમિક શિક્ષણ લેવામાં કેટલીક મુશ્કેલીઓ પડે છે. માધ્યમિક શાળાઓ ઘણી દૂર હોવાથી અને માધ્યમિક શિક્ષણમાં પુસ્તકો, નોટબુકો, વગેરે વસ્તુઓ ખરીદવા આદિવાસી બાળકો પાસે પૈસા હોતા નથી. અને તેથી તેઓ માધ્યમિક શાળાએ જઈ શકતા નથી. આ માટે છાત્રાલય ખોલવાં જોઈએ જેથી એક છાત્રાલયની આજુબાજુના ૫ કિ.મી. સુધીના બાળકો રહી શકે. અને બાળકોને પુસ્તકો, કપડાં, જમવાનું વગેરે છાત્રાલયમાંથી મળી શકે. પહેલાં ધોરણમાં જ્યારે આદિવાસી બાળક પહેલવહેલું શાળાએ આવે ત્યારે એક યા બીજા કારણસર તેને અભ્યાસમાં રસ લાગતો નથી. અને મોટા ભાગનાં બાળકો પહેલા ધોરણથી અભ્યાસ છોડી દે છે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણને કારણે પહેલા વર્ષે શાળાના નોંધણીપત્રક પર બધા ફરજિયાતમાં આવતા બાળકોની નોંધ શિક્ષક કરી દે છે પણ એમાંથી ખરેખર કેટલા વિદ્યાર્થીઓ શાળાએ આવતાં હશે તે આંકડાઓ પરથી પૂરેપૂરું સમજાય.

બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી દે છે તેનાં કારણો તપાસતાં જણાયું હતું કે મોટા ભાગના આદિવાસીઓ ગમે ત્યાં ધંધામાં રોકાયેલા હોવા છતાં આર્થિક રીતે તે ગરીબ છે અને આર્થિક પરિસ્થિતિ તેમના શિક્ષણના વિકાસની આડે આવે છે તેમ કહી શકાય. કેટલીક વખત એવી દલીલ કરવામાં આવે છે કે આદિવાસીઓમાં શિક્ષણની ભૂખ જ નથી તેઓ શિક્ષણની જરૂરિયાત જોતા નથી તેથી તેઓ ભણવા આવતા નથી. પરંતુ આ દલીલમાં તથ્ય ઓછું છે. આદિવાસી શિક્ષણની જરૂરિયાત સમજે છે પરંતુ મોટે ભાગે આર્થિક કારણોસર પોતાનાં બાળકોને શાળાએથી ઉઠાડી લે છે. જો છોકરો શાળાએ જાય તો ઘેર નાનાં છોકરાંની સંભાળ કોણ રાખે, ઢોર ચારવા કોણ જાય, ઓછી આવકથી ભરણપોષણ કેવી રીતે થાય આથી છોકરો શાળામાં જવાને બદલે મજૂરીએ જાય તો પોતાના જેટલું તો મેળવી લે ને ? આમ આદિવાસોની આર્થિક સ્થિતિ અને અસ્થાયી ધંધા રોજગાર અને શિક્ષણના વિકાસની આડે આવે છે.

આ તપાસમાંથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સૌથી વધુ બગાડ પહેલા ધોરણમાં થાય છે એને જો અટકાવવામાં આવે તો બગાડ ઓછો થાય. આમ પહેલું ધોરણ આ આદિવાસી શિક્ષણ માટે નબળી કડી છે. આને નિવારવાના ઉપાયો વિચારવા જરૂરી છે. આદિવાસીઓના શિક્ષણને સંખ્યાની દૃષ્ટિએ તથા ગુણવત્તાની દૃષ્ટિએ સુધારવું હોય તો વર્તમાન સંરચનામાં કેટલાક સુધારા કરવા પડશે.

१. સ્થાનિક બોલી જાણના આદિવાસી શિક્ષકને પહેલા ધોરણની જવાબદારી સોંપવી જોઈએ. આ શિક્ષકને અન્ય ધોરણની જવાબદારી સોંપવી જોઈએ નહીં. આમ પહેલા ધોરણ માટે અલગ શિક્ષકની વ્યવસ્થા કરવી જોઈએ.

૨. આદિવાસી વિસ્તારોમાં એક શિક્ષકની શાળાઓનું પ્રમાણ વધુ છે તેથી તે પહેલા ધોરણ પર વધુ ધ્યાન આપી શકતો નથી. માટે એક શિક્ષકની શાળાનું પ્રમાણ ઘટાડવુ જોઈએ.

૩. પહેલા ધોરણ પૂરતો શાળાના સમયમાં ફેરફાર કરવો જોઈએ. પહેલા ધોરણના બાળકને ૧૧થી ૫ વાગ્યા સુધી શાળામાં ગોંધી રાખવાને બદલે એવો સમય નક્કી કરવો કે જેથી તે બાકીના સમયમાં તે મા બાપને મદદ કરી શકે.

૪. આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણના ભાગ તરીકે દરેક ગામમાં બાલવાડીઓ ખોલવી જોઈએ. આથી વાલીઓ બાળકને શિક્ષણ સંસ્થામાં મોકલવાની ટેવ પડે તથા બાળકોના શિક્ષણ માટે જરૂરી સામાજિકરણ થઈ જાય. આથી બાળકો પ્રાથમિક શાળા માટે તૈયાર થાય છે.

૫. પહેલા ધોરણમાં મા બાપનો સહકાર મેળવવો ખૂબ જ જરૂરી છે. પછીના ધોરણમાં તો બાળકને શાળાની ટેવ પડી જતાં તેનો જાતે શાળામાં આવવા લાગશે. આથી પહેલા ધોરણ પૂરતું મા બાપનો સહકાર મેળવવા ઘનિષ્ટ સંપર્ક કેળવવાનું શિક્ષકોને સૂચવવુંજોઈએ.

૬. આદિવાસીઓની આર્થિક સ્થિતિ નબળી છે તેથી શાળામાં આવનાર બાળકોને મફત સ્લેટ, પેન, પુસ્તકો, નોટ બુક તેમજ પહેરવેશની વ્યવસ્થા કરવી જોઈએ.

૭. આદિવાસી વિસ્તારની શાળામાં ગમે તેટલી વધુ સંખ્યામાં સ્થાનિક આદિવાસી ભાઈબહેનો શિક્ષકોની ભરતી કરવી જોઈએ. આને લીધે શિક્ષણનું સ્તર સુધારવામાં તો મદદ મળશે જ પરંતુ સાથે સાથે સ્થાનિક યુવાનોને નોકરીની તકો મળતાં સ્થાનિક લોકોને પોતાનાં બાળકોને ભણાવવામાં રસ જાગૃત થશે.

૮. શિક્ષકોને ગામમાં રહેઠાણની પૂરી સગવડો આપવી જોઈએ. શિક્ષકો શાળામાં નિયમિત રીતે હાજર રહેતા નથી આ માટે નિરીક્ષણની વ્યવસ્થા મજબૂત કરવી જોઈએ. આ દિશામાં પંચાયતે સક્રિય બનવુ જોઈએ.

આદિવાસી વિસ્તારની શાળાઓમાં બગાડ ઓછો કરવો હશે તો ઉપર જણાવેલ કેટલાક પગલાં લેવાં પડશે. આદિવાસી સમાજને વિકસિત કરવો હોય તો તેને આર્થિક રીતે પગભર કરવો પડશે. શિક્ષણ એમાં સહાય થાય એવું હોવુ જોઈએ. જે શિક્ષણ શિક્ષિતોને પાંગળો બનાવે છે તે આદિવાસી માટે અને દરેક માટે નકામું છે. આનો કોઈ નવીન વિકલ્પ હોવો જોઈએ.

...

## : ગામીત :

(ગુજરાતની એક અનુસૂચિત જનજાતિનો સાંસ્કૃતિક અભ્યાસ)

લેખક : ડૉ. સિધ્ધરાજ સોલંકી
સારદોહન: સાયમન કુા. મેકવાન

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજયની કુલ વસતિ ૩,૪૦,૮૫,૭૯૯ની છે જેમાં અનુસૂચિત જનજાતિની વસતિ ૨,૪૩૮,૯૭ની છે જે રાજયની કુલ વસતિના ૧૪.૨૨% છે. ૧૯૮૧ની વસતિ ગણતરીમાં જુદી જુદી આદિવાસી જાતિના વસતિના આંકડા ઉપલબ્ધ ન હોવાથી ૧૯૭૧ની વસતિ ગણતરીને ધ્યાનમા લેતાં ગામીત જાતિ ૨,૭૬,૫૯૧ની કુલ વસતિ સાથે ભીલ, દૂબળા, અને ધોડિયા પછીના ચોથા ક્રમમાં આવે છે. ગુજરાતની આદિવાસી વસતિમાં ગામીત જાતિનું પ્રમાણ ૭.૪૧% છે.

ગામીતોનો મુખ્ય વિસ્તાર સુરત જિલ્લાના સોનગઢ અને વ્યારા તાલુકાઓ છે કે જ્યાં કુલ ગામીત વસતિના લગભગ અડધા લોકો આ બે તાલુકાઓમાં વસવાટ કરે છે. આ ઉપરાંત સુરત જિલ્લાનાજ ઉચ્છલ, નિઝર, વાલોડ, બારડોલી, માંગરોળ તાલુકાઓમા, વલસાડ જિલ્લાના વાંસદા તાલુકામા, ડાંગ જિલ્લાના સુબીર-ગલ્હાણ પટ્ટીમાં, ભરૂચ જિલ્લાના સાગબારા, વાલિયા તાલુકાઓમાં તેમજ વડોદરા જિલ્લાના કરજણ, પાદરા અને વડોદરા તાલુકાઓમાં તેઓની વસતિ મુખ્યત્વે પથરાયેલી છે.

### ગામીતોનું મૂળવતન :

ગામીતો પોતાને સૂર્યવંશી રજપુત જાતિના વંશનો માને છે. તેઓ મુળ કયાંના હશે અને અહિંયા કેવી રીતે આવીને સ્થિર થયા હશે એ વિશે કોઇ પ્રમાણભૂત માહિતી મળી શકી નથી. પરંતુ એક અગ્રણી ગામીત અભ્યાસીએ આ દિશામાં પ્રકાશ પાડીને કેટલાક અનુમાનો બાંધવા તરફ પ્રેરયા છે. ગામીતો મૂળ સિંધપ્રદેશમાંથી ખેવરઘાટ અને બોલનઘાટના માર્ગે ભારતમાં આવીને મારવાડ વિસ્તારમા સ્થિર થયા હશે. આજે પણ ગામીત વૃધ્ધાઓ હોળીના પર્વે લોલ ગાય છે એ ઉપરથી આ અનુમાન કરી શકાય. આ લોલ નીચે પ્રમાણે છે.

દીહો ગયો માળવે હોનારા તુ
હોડો હોડો ઘડજે હોનારા તુ

સમયજતાં તેઓ મારવાડથી સ્થળાંતર કરીને અમદાવાદની આસપાસ આવીને વસ્યા હશે એવું બીજા લોલ ઉપરથી અનુમાન કરી શકાય છે.

અમદાવાદમાં કોય કામ લાહુવા
અમદાવાદમાં લોલ
અમદાવાદમાં આડલો વાદો લાહુવા
અમદાવાદમાં લોલ.

અમદાવાદની આસપાસના વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આ લોકો પાવાગઢ પાસેના ચાંપાનેર નગરમાં વસતા હશે. અને મહંમદ બેગડાએ ચઢાઈ કરીને પાવાગઢનું પતન કર્યું તેથી આ લોકો દક્ષિણ તરફ નાશી છૂટ્યા. આમાંના કેટલાક લોકો રાજપીપળાના જંગલોમાં વસ્યા જેઓ વસાવા તરીકે પાછળથી ઓળખાવા લાગ્યા અને કેટલાક લોકો સહ્યાદ્રિના જંગલોમાં ગામ વસાવીને રહેવા લાગ્યા જેઓ પાછળથી ગામીત તરીકે ઓળખાવા લાગ્યા. આ લોકોએ પોતાનો જાન બચાવવા સ્થાનિક વસતીના આદિવાસી જેવો પહેરવેશ અને રહેણી કરણી અપનાવી લીધા. તેઓ એક આદિવાસી જાતિ છે એવું દેખાઈ આવે અને પાછળથી તેઓ આદિવાસી બની ગયા.

ગામીત સામાજિક સંગઠન :

ગામીતોમાં મુખ્ય ત્રણ જુથ હોવાનું ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું છે. આ ત્રણ જુથો ૧. શુદ્ધ ગામીત, ૨. વોલવડા જેઓ ગામીત પુરુષ કે સ્ત્રી અને અન્ય આદિવાસી જાતિના પુરુષ/સ્ત્રી સાથેના લગ્ન સંબંધથી જન્મેલા છે અને ૩. માવચી જેઓ ડાંગ જિલ્લામાં વસે છે અને આજેપણ ઘણુંજ પરંપરાગત સંસ્કૃતિ જીવન જીવે છે અને આર્થિક રીતે ઘણાજ પછાત છે. ગામીતો વોલવડા અને માવચીઓને તુચ્છ કે હલકા માને છે અને તેમની સાથે રોટી બેટીનો વ્યવહાર રાખવામાં આવતો નથી. તેમજ તેમના ઘરનું પાણી પણ તેઓ પીતા નથી.

કુળ :

એક અભ્યાસુ માહિતીદાતાએ આપેલી માહિતી મુજબ ગામીત જાતિના નાના મોટા બાવન જેટલા કુળ પરંતુ આમાંથી માત્ર ૧૫ કુળનીજ માહિતી મળી શકી છે જે નીચે પ્રમાણે છે. કુંવર/કુમાર, દેશાઈ, રાપુંજ/રાવત, વાદી, રાવળ, માળવી વળવી, માવચી, વાસાવા, ભુરીશ, ભારતી/ભારત, વારલી, ચૌધરી, ગાવીત/ગ્રામીણ, ગવળી વગેરે.

જાતિપંચ :

અન્ય આદિવાસી જાતિઓની જેમ ગામીત જાતિમાં પણ રોજબરોજના પ્રશ્નો ઉપરાંત સામાજિક ઝઘડાઓના ઉકેલ માટે ગામીત અરજદારો પોતાના પંચ પાસે પહોંચી જાય છે અને પંચ તેમને યોગ્ય ન્યાય આપે છે અને આ ન્યાય તેમને સ્વીકાર્ય હોય છે. જો યોગ્ય ન્યાય ન મળ્યાની લાગણી થાય તો છેવટે સમગ્ર ગામીત જાતિપંચ સુધી રજુઆત કરી શકાય છે. સમગ્ર ગામીત જાતિપંચનો નિર્ણય કે ચૂકાદો શિરોમાન્ય ગણવામાં આવે છે. જૂજ કિસ્સાઓમાં આ નિર્ણય સામે ન્યાયની અદાલતમાં પડકારવામાં આવે છે.

ગામીત જાતિને પોતાનું આગવું બંધારણ હોય છે જે મુજબ સમગ્ર જાતિપંચથી માંડીને ગામપંચ સુધીનું માળખું ગોઠવાયેલું હોય છે. તેમાં ફરજો અને અપેક્ષાઓની સ્પષ્ટતાઓ થયેલી છે. વળી આ જાતિપંચ સંપૂર્ણ લોકશાહી પદ્ધતિએ ગોઠવાયેલું છે.

લગ્ન :

ગામીતોમાં મામા-ફોઇના લગ્નને પસંદગી આપવામાં આવે છે. છોકરા પક્ષ તરફથી માગું કરવામાં આવે છે. જો યોગ્ય લાગે તો બન્ને પક્ષને અનુકુળ બને એ રીતે ''પીયણ આવવાનું'' કે ''સગાઈ કરવા આવવાનું'' નકકી કરે છે.

સગાઈ :

છોકરાપક્ષ વાળા છોકરી પક્ષને ઘેર જાય છે. ત્યાં પીયણ આવવાની ક્રિયા કરવામાં આવે છે. આ વખતે બન્ને પક્ષના સગાંઓને અને મુખીને નોતરવામાં આવે છે. અને લેવડદેવડ પણ નકકી થાય છે.

સગાઈની વિધિમાં કન્યા અને છોકરાને પાટલા ઉપર સામસામે ઉભા રહી ચાંલ્લો કરવાનો હોય છે. કન્યા આભુષણ સજીને માથે પાણીનો લોટો લઈને બહાર આવી પાટલા ઉપર ઉભી રહે છે. આ સમયે સ્ત્રીઓ ગીતો ગાય છે. ત્યારબાદ સામસામે ચાંલ્લો કરીને છોકરો કન્યાનો નાળિયેર આપે છે અને પાણીના લોટામાં સવા રૂપિયો નાંખે છે. જોકે ખંધાડ લગ્ન માટે કન્યા પક્ષના લોકો છોકરા પક્ષને ઘેર જાય છે.

ઘરજણી ખાવી / ઘર જોવા જવું :

સગાઈ બાદ છોકરાપક્ષની સગવડતા મુજબ કન્યા પક્ષના લોકોને નોતરવામાં આવે છે. આજદિવસે દહેજ પેટે ચેક રકમ પણ કન્યા પક્ષને આપવામાં આવે છે. અને લગ્નની તારીખ પણ નકકી કરવામાં આવે છે.

લગ્ન વિધિ :

લગ્ન માટે નક્કી કરેલ દિવસે કન્યાની જાત ચાલીને અથવા ગાડામાં છોકરા પક્ષના ઘેર આવે છે. ગામને પાદરે તેમનું સ્વાગત કરવામાં આવે છે.

લગ્ન વિધિ હવે તો બ્રાહ્મણ પણ કરાવે છે અને કેટલાક લોકો ચોરી પણ ચીતરાવે છે. અથવા કુટુંબના વડીલ હોય તે લગ્નની વિધિ કરાવે છે. વિધિમાં કન્યા અને વરને પાટલા ઉપર સામસામે બેસાડવામાં આવે છે. તેઓ બન્ને એકબીજાને કંકુનો ચાંલ્લો કરે છે અને ફૂલહાર પહેરાવે છે. ત્યાં એકઠા થયેલા લોકો યથાશક્તિ રોકડ ભેટ આપે છે.

લગ્ન વિધિ બાદ જમણ આપવામાં આવે છે અને સાથે દારૂ પણ પીવડાવવામાં આવે છે. અને ત્યારબાદ નાચવાનું ચાલે છે. સવારે વરકન્યાને અવરણ્યા સાથે સિમયાદેવને પગે લગાડવા લઈ જવામાં આવે છે.

આણું :

લગ્નના ચાર-પાંચ દિવસ બાદ કન્યાપક્ષવાળા કન્યાને આણા ઉપર તેડવા માટે વરપક્ષને ઘેર જાય છે. કન્યાને આણા ઉપર મોકલતી વખતે થોડું અનાજ પણ કન્યાને આપવામાં આવે છે. અને નક્કી કરેલ દિવસે વરપક્ષવાળા કન્યાને પોતાને ઘેર તેડી લાવવા જાય છે. આ સમયે પણ કન્યાને તેના પિયર તરફથી થોડું અનાજ પણ આપવામાં આવે છે. આણું પતી ગયાબાદ અવારનવાર આવવા-જવાનું પાછું રહેતું હોય છે.

પંખાડ લગ્ન પ્રથા :

પંખાડ લગ્ન પ્રથામાં છોકરીની જાન નહિ પરંતુ છોકરાની જાન કન્યાને ઘેર જાય છે.

પ્રેમલગ્ન :

આ પ્રથા પણ પ્રચલિત છે. સાળીવટું-દિયરવટું. આ પ્રથા પણ પ્રચલિત છે.

પુનર્લગ્ન - વિધવાવિવાહ : માન્ય છે.

મૃત્યુ વિધિ :

મૃતદેહને દાટવામાં કે બાળવામાં આવે છે. મૃતદેહને છેલ્લી વિધિ કરવા લઈ જતા પહેલાં સ્નાન કરાવીને હળદળ લગાડી સારાં કપડાં પહેરાવીને ઠાઠરી ઉપર મુકીને પુરૂષ હોયતો સફેદ અને સ્ત્રી હોય તો લાલ કપડું ઓઢાડવામાં આવે છે.

ત્યારબાદચાળીને નદી કિનારે અંતિમવિધિ માટે લઈ જવામાં આવે છે. મૃતદેહ દાટવાની/બાળવાની વિધિ પતી ગયાબાદ ડાઘુઓ નદીએ નાહીને મસાણના ઘર નજીક આવીને બેસે છે ત્યાં તેમને ગોળ કે ખાંડ આપવામાં આવે છે.

દહાડો – પાણી :

મરણના ત્રીજા દિવસે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસ નોતરેલા સગાઓ દાળ, ચોખા, શાક વગેરે પોતાની સાથે લાવે છે. સગાઓ લાવેલા વસ્તુઓનું બાફણું બનાવવામાં આવે છે. આજ દિવસે મરનારના પુત્રો તેમજ અંગત સગાઓ માથાનું મુંડન પણ કરાવે છે. બાફણાના નવ ભાણા બનાવી તેને ટોપલામાં મુકીને નદી કિનારે લઈ જવામાં આવે છે. અગ્નિદાહનના સ્થળે આગિયો આ સ્થળને સાફ કરીને પાણીથી પવિત્ર કરે છે અને ચાર ખૂંટા રોપી તેમાં લીલું ઘાસ, મસાણની નાની મૂર્તિ મૂકીને ઘાસ ઉપર માટલું મુકવામાં આવે છે અને માટલા ઉપર બાજ મુકીને દારૂની છાક પાઠવવામાં આવે છે. આ વિધિ પૂરી થતાં સૌ સ્નાન કરીને બાફણાનું ભોજન લે છે તેમજ દારૂ પણ પીએ છે.

પતરૂં મૂકવું :

મૃતવ્યક્તિની યાદમાં પતરૂં મુકવાની પ્રથા પ્રચલિત છે. મરણના ૧૫ દિવસ કે બે મહિના બાદ પાળિયો કે પતરૂં મૂકવાની વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે સગાંઓને નોતરવામાં આવે છે.

આ દિવસે ભગત નદી કિનારે જઈ અણઘોખાણ પથ્થર શોધીને ટોપલામાં મૂકી ઘેર લાવે છે. અને ત્યાં ધુણતા ધુણતા જુદા જુદા દેવ–દેવીઓના નામ બોલે છે. અને આ રીતે ભગત પથ્થરમાં જીવ આવ્યો છે એવું કહે છે. ત્યારબાદ આ પથ્થર પતરૂં કે પાળિયું તરીકે ઓળખવાય છે. ત્યારબાદ ભગત વાજિંત્ર વગાડનાર અને સગાંઓ પતરૂં મુકવાની જગ્યાએ જાય છે. ત્યાં આ પથ્થર મુકીને નાની લાલ ધજા પણ મુકવામાં આવે છે અને મરઘા કે બકરાનો વધ કરવામાં આવે છે. દર વર્ષે પતરાની પૂજા કરવામાં આવે છે.

ધાર્મિક જીવન :

ગામીતો અનેક નાના મોટા દેવ–દેવીઓમાં ઉંડી શ્રધ્ધા ધરાવે છે. હવે તો તેઓ હિન્દુધર્મના દેવ–દેવીઓને પણ પૂજે છે તેમ છતાં તેમના પરંપરાગત દેવ–દેવીઓમાં તેમની શ્રધ્ધા અડીખમ જોવા મળે છે. તેમના મુખ્ય દેવ–દેવીઓમાં દેવલી માળી, ગૌમુખ, ડુંગરદેવ, ગોવાળ દેવ, કેસરીગઢ–અનાજના દેવ, મોગરાદેવ, આણુંદાદેવ, કુવાલી, હોવાડીયો દેવ, ભોળાખાંભ, તોરણીયા વગેરેને ગણાવી શકાય. આ

દેવ-દેવીઓને ચોખ્ખા કે શુધ્ધ માનવામાં આવે છે. આ ઉપરાંત તેમનામાં અશુધ્ધ કે મેલા દેવ-દેવીઓનો પણ સમાવેશ થાય છે. તેમાં સાતભેન મહત્વનો માનવામાં આવે છે. જયારે કોઇને નુકશાન કરવું હોય, કોઇના ઉપર વેર વાળવાનું હોય, રીસાઇને જતી રહેલી પત્નીને પાછા આવે તે માટે કે કોઇ યુવતી/યુવક સાથે પરવાની ઇચ્છા પ્રબળ હોય અને સંજોગોવસાત લગ્ન ન થતું હોય વગેરે જેવા પ્રસંગોએ આ દેવની માનતા માનવામાં આવે છે અને માનતા માનવાની વિધિ કરવામા આવે છે. ગામતો જયારે કોઇ મુશ્કેલીમાં હોય જેમ કે પરણિત સ્ત્રીને બાળક ન જન્મવું, ખેતીમાં પાક નિષ્ફળ જતો હોય, ઘણા લોકો તેમજ પશુઓ માંદા પડે અને રોગચાળો ચાલતો હોય વગેરે જેવા પ્રસંગોમાથી પાર ઉતરવા માટે આ દેવોની માનતા માનવામાં આવે છે. બધા દેવ-દેવીઓમાં દેવલીમાળીનો મહિમા વધુ છે.

માનેલી માનતા પ્રમાણે પોતાની ઇચ્છા પુરી થાય કે મુશ્કેલીમાંથી સહી સલામત બહાર નીકળી જવાય તો માનેલી માનતા પૂરી કરવામાં આવે છે. માનતા પૂરી બે વિધિથી કરવામાં આવે છે જેને નાની વિધિ અને મોટી વિધિ એમ કહેવામાં આવે છે. જો પ્રશ્ન સામાન્ય હોય તો નાની વિધિ કરવામા આવે છે જેમા જે દેવની માનતા માનેલી હોય તેમને નાળિયેર, સિંદૂર, અગરબત્તી, ફૂલ, શેરડીના ટૂકડા વગેરે ધરે છે. અને પ્રશ્ન વિકટ હોય જેમ કે પરણિત સ્ત્રીને બાળક ન થવું, ખેતીમાં પાક સારો ન થવો વગેરે માટે મોટી વિધિની માનતા રાખવામા આવે છે. મોટી વિધિ ખૂબજ મહિમાથી ઉજવવામાં આવે છે અને આ માટે સગાંઓને પણ નોતરવામાં આવે છે.

<u>તહેવારો</u> :

અન્ય આદિવાસી જાતિઓની જેમ ગામીત જાતિ પણ તહેવારો અને ઉત્સવો ખૂબજ હર્ષોલ્લાસથી ઉજવનારી જાતિ છે. તહેવારો અને ઉત્સવોના પ્રસંગોએ તેઓ પોતાની આર્થિક સ્થિતિ કે સમસ્યાઓને બાજુએ રાખીને ઉત્સવમાં પૂરા ઉત્સાહથી ભાગ લે છે. વર્ષ દરમિયાન તેઓ જે તહેવારો ઉજવે છે તેમાં ગામદેવ, હોળી, નાદરીયો દેવ કે ગોવાળ દેવ, વાઘદેવ કે રિમારિયો દેવ કે શીવ મહાદેવ, શરાદા, દશેરા, પાંડે, દિવાળી, હેળા, વગેરે ગણાવી શકાય. તહેવાર અને ઉત્સવના દિવસે તેઓ મિષ્ઠાન કે સારું ખાવાનું બનાવે છે, સારાં કપડા પહેરે છે, દારૂ પીએ છે અને નાચગાન કરે છે. તેમના તહેવારોની વિશિષ્ઠતા એ છે કે આ તહેવાર માટે કોઇ તારીખ કે તિથિ નકકી નથી હોતી. ગામપંચના લોકો તેમજ ગામલોકો ભેગા મળીને આ દિવસ ઠરાવે છે. એટલે દિવાળીનો તહેવાર જુદા જુદા ગામોમા જુદા જુદા દિવસોએ ઉજવવામાં આવે છે.

ગામીતો પોતાના દેવ-દેવીઓમાં શ્રધ્ધા ધરાવતા ઉપરાંત તેમની ઉપર હિન્દુ ધર્મના કેટલાક સંપ્રદાયોની અસર પણ જોવા મળે છે. કેટલાક ગામીતો આ સંપ્રદાયોના અનુયાયીઓ પણ બન્યા છે. આ સંપ્રદાયોમાં મોક્ષમાર્ગી, સતા ફલદેવજી, સ્વામી-નારાયણ, નવાનાથવાળા ગોરખનાથ, વીરપુરવાળા જલારામ બાપા, રામશમાં વાળા, ગાયત્રીમાં વગેરેનો સમાવેશ થાય છે જ્યારે વ્યારા તાલુકાના ગામીતોમાં ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયોની અસર પણ જોવા મળે છે અને ઘણા ગામીત કુટુંબોએ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો છે.

<u>આર્થિક જીવન</u> :

ગામીતોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીના તેમનામાં ઉંડી સુઝ છે. પરંતુ તેમના બધા લોકો પાસે ખૂટતી જમીન નથી અને જે લોકો પાસે જમીન છે તે ઘણા થોડા પ્રમાણમાં અને ખૂબ ફળદ્રુપ પણ નથી. વળી સિંચાઈની સમસ્યા તો ખરીજ અને આધુનિક બીયારણ, ખાતર, દવાઓ વગેરેનો ઉપયોગ કરવાનું આર્થિક રીતે તેમના ગજા બહારનું છે. તેથી જમીન ધરાવતા ખેડૂતો માટે પણ પૂરક વ્યવસાય હોવો અનિવાર્ય છે. ખેતી ઉપરાંત તેઓ ખેત મજૂરી અને છૂટક મજૂરી, સુથારીકામ, લુહારી-કામ જેવા નાના પાયાના ગૃહોદ્યોગ, નાની હાટડીઓ માંડીને પરચુરણ વેચવાનો ધંધો, તો કેટલાક લોકો નાની-મોટી નોકરી કરીને પોતાનું ગુજરાણ ચલાવે છે. સોનગઢ અને વ્યારા તાલુકાના ગામીતોની સરખામણીમાં ડાંગ જિલ્લાના સુબીર-ગઢવાણ વિસ્તારમાં રહેતા માવચીઓની સ્થિતિતો અત્યંત કરૂણ છે. અને તેમજ સાથે તુચ્છ વ્યવહાર કરવામાં આવે છે. ત્યાં વસતી તમામ આદિવાસી જાતિઓમાં તેમને સૌથી છેવટના સ્તરના ગણવામાં આવે છે અને તેમને અસ્પૃશ્ય ગણીને તેમને દૂર જ રાખવામાં આવે છે. અને તેથી સરકારી વિવિધ કલ્યાણ યોજનાઓનો તસુ સરખો ભાગ પણ તેઓ સુધી પહોંચતો નથી.

<u>તેઓના વિકાસ માટે</u> :

ગામીતોમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. તેઓમાં દિનપ્રતિદિન શિક્ષણનું પ્રમાણ વધી રહયું છે. લોકો બિનઆદિવાસીઓના વધુને વધુ સંપર્કમાં આવતા રહયા છે. અને આ રીતે તેમનામાં જાગૃતિ આવી રહી છે. આ પરિસ્થિતિમાં જો તેમના માટે કંઈ વિચારવામાં નહિં આવે તો તેમનામાં ઘોર નિરાશા આવી જશે અને તેમનો આક્રોસ વધી જશે. આ પરિસ્થિતિમાં ઘટાડો થાય એ માટે ગામીત

કુમારો અને યુવકો વધુને વધુ પ્રમાણમાં સ્વરોજગારી આપે એવી તાલીમ મેળવે એ ખૂબજ જરૂરી છે. ઉપરાંત તેઓ તાલીમ મેળવીને આ રોજગારીને વળગી રહી તેનો વિકાસ કરે એ પણ એટલું જ અગત્યનું છે. તેઓ જે ખેતી કરે છે તેમાં ઉપજ વધે અને ઓછામાં ઓછું વર્ષ દરમિયાન ચાલી શકે એટલું અનાજ કેમ પેદા કરવું ? એ માટે તેમને તૈયાર કરવા પડશે.

તેઓમાં સ્થળાંતરનો પ્રવાહ મંદ રહે એ માટે તેમના મુખ્ય વિસ્તારોમાં ખેતી, જંગળ અને ગૃહોદ્યોગ આધારિત અન્ય ગૌણ ઉદ્યોગો પણ શરૂ કરવા જોઈએ. જેથી તેમનો સાસ્કૃતિક વારસો અંકબંધ જળવાઈ રહે.

## : નાયકા :

(એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન)

અહેવાલ લેખન : શ્રી ગુલાબભાઇ ડી.પટેલ
સારદોહન : શ્રી ગુલાબ પટેલ

૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ૩૮૦૧૫૧૬૨ આદિવાસી વસ્તી હતી. જે ભારતની કુલ વસ્તીના ૬.૯૩ ટકા છે. અને દેશમાં ગુજરાત ચોથા નંબરે આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. ૧૯૭૧ માં ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૩૭ લાખ હતી. આમાં નાયકા અનુસૂચિત જનજાતિની વસ્તી ૨૩૪૯૯૯ હતી. ૧૯૮૧ માં ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૪૮૪૮૫૮૬ છે. જે ગુજરાતની કુલ વસ્તીના ૧૪.૨૨ ટકા છે.

### તપાસનો વિસ્તાર :

નાયકાઓની મુખ્ય વસ્તી વલસાડ, સુરત, ડાંગ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં પથરાયેલી છે. આ ઉપરાંત જૂજ પ્રમાણમાં નાયકાઓની વસ્તી ધરાવતા ખેડા, ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લાઓનો સમાવેશ થાય છે. ગુજરાતના ૧૨ જિલ્લાઓમાં નાયકા વસ્તી જોવા મળે છે. આમ નાયકા જાતિની વસ્તી મોટા સમુદાયમાં હોવાથી અભ્યાસ એકમ તરીકે અમુક જ વિસ્તારને એટલે કે વડોદરા જિલ્લાના છોટા-ઉદેપુર તાલુકાનું ગુડાગામ, પંચમહાલ જિલ્લાનાં દેવગઢબારીઆ તાલુકાનુંપાધોરાગામ, વલસાડ જિલ્લાના પારડી તાલુકાનુ કરાયા તથા ચીખલી તાલુકાનુ વડપાડા ગામને પસંદ કરવામાં આવ્યા હતાં.

નાયકા કોમ એ આપણાં દેશમાં વસતી મૂળ અસલની કોમો પૈકી એક છે. પરંતુ તે બીજી કોમોના પ્રમાણમાં થોડી ઓછી તથા છૂટી છવાઇ દૂર જંગલોમાં વસતી હોઇ, આજ સુધી તેમનાં તરફ ખાસ કોઇનુ ધ્યાન ગયું નથી. જો કે તેમની વસ્તી ચૌદ જિલ્લા-ઓમાં છે. આદિવાસીઓમાં પણ આ જાતિ એ ઘણી પાછળ છે.

પરિણામે તેમની માહિતી પણ ઝાઝી મળતી નથી. તેઓ મૂળ કોણ છે, ક્યાંથી આવીને વસેલા છે વગેરે બાબતોમાં મતભેદ પ્રવર્તે છે.

"નાયક" શબ્દની વ્યુત્પત્તિ કરતાં પણ નાયક શબ્દ બરાબર સમજી શકાતો નથી. નાયક એટલે દોરનાર અને લઇ જનાર, નેતા, પહોંચાડનાર, શ્રેષ્ટ, પ્રધાન, મુખ્ય એવા અર્થ થાય છે.

અનાર્ય પ્રજાના પગલાં ગુજરાતમાં પડયાં ત્યાં અહીંનો સઘળો પ્રદેશ અરણ્યમય હતો. નર્મદાની દક્ષિણે ભરૂચથી માંડીને વસાઇ સુધીનો પ્રદેશ દંડકારણ્યના નામથી ઓળખાતો. જેમ જેમ આર્યો ગુજરાતમાં પ્રવેશી જંગલો સાફ કરી વસતા ગયા તેમ તેમ આ અનાર્યો ડુંગરાળ, પહાડી અને ગાઢ જંગલોના પ્રદેશમાં જઇને વસવા લાગ્યા. દક્ષિણ ગુજરાતમાં રાજપીપળા, ડાંગ, વાંસદા, ધરમપુર જેવા વિસ્તારમાં ડુંગરો અને જંગલો હોવાથી એ પ્રદેશ આ અનાર્યોનું વતન થઇ પડયો. આ અનાર્યો તે જ આજની કહેવાતી કાળીપરજ. કાળીપરજ શબ્દ હિણપત ભરેલો હોવાથી સરકારે એ નામ બદલીને રાનીપરજ શબ્દ રાખ્યો છે. આ રાનીપરજ કોમમાં આદિવાસી જાતિઓનો સમાવેશ થયેલો છે.

આ અનાર્યો જંગલમાં સમૂહમાં રહેતા અને તેમની સંભાળ માટે એક નાયક રહેતો જે સમગ્ર વસ્તી ઉપર દેખરેખ રાખતો. જેમ જેમ આર્યોની બીક ઓછી થતી ગઇ તેમ તેમ આ અનાર્યો તેમની જોડે સંપર્કમાં આવવા લાગ્યા. ધીરે ધીરે તેઓ પહાડી પ્રદેશ છોડીને સપાટ મેદાનમાં જઇને વસવા લાગ્યા. આ રીતે સપાટ પ્રદેશમાં ભીલોનો એકાદ નાયક આવીને વસ્યો હશે અને તેના વંશજો નાયક ઉપરથી "નાયકડા" કે "નાયકા" કહેવાયા.

નાયકાની ઉત્પત્તિ વિષે બીજી માન્યતા એવી છે કે રજપૂત રાજા આવા ભીલોના એકાદ નાયકની કન્યા જોડે પરણ્યો હશે અને તેના ઉપરથી તેના વંશજો "નાયક" કે "નાયકડા" કહેવાયા હશે. આ મતના પ્રતિપાદન માટેનો પૂરાવો એ છે કે, આ કોમમાં છોકરાને રજપૂત કોમની લગ્ન વિધિની જેમ લગ્ન વેળાએ કમરે તલવાર લટકાવવાનો રિવાજ છે. આથી સંભવ છે કે રજપૂતોમાંથી પણ આ કોમ ઉતરી આવી હોય.

... 3.

દેખાવ અને સ્વભાવ :

રંગે શ્યામ, શરીરે મધ્યમ કદના અને કસાયેલા છે. સ્વભાવે સ્વતંત્ર મિજાજ અને મહેમાનગીરી કરી જાણે તેવા છે.

ભૌતિક જીવન :

ક્ષેત્રકાર્ય દરમ્યાન ૨૦૦ કુટુંબોનો સંપર્ક સાધેલ તેમાં બધાં જ કુટુંબો પોતાનું મકાન ધરાવે છે. જે પોતાની, સંબંધીની, જંગલની અથવા સરકારી જમીનમાં ઘર બાંધી રહે છે. બધાં જ ઘરો કાચાં અને મોટાભાગના એક ઓરડાવાળા નાના ઘરમાં સદાજે સાતથી આઠ સભ્યો તો સરેરાશ રહેતા હોય છે. ઘર નાના હોવા છતાં ચોમાસામાં બધો જ સામાન ઘરમાં ભરી રાખે અને પશુઓ પણ સાથે રાખતા હોવાથી ખૂબજ સંકડાશમાં દિવસો પસાર કરવા પડે છે.

ઘરવખરીનું પ્રમાણ ખૂબજ ઓછુ જોવા મળે છે. રાત-દિવસ સતત પરિશ્રમ કરવા છતાં એમને બે ટંક પૂરતા પ્રમાણમાં ખાવાનું પણ મળતું નથી. જેથી ઘરવખરી વધુ વસાવવાની વાત જ કયાં? રોજીદા જીવન જરૂરિયાતના સાધનોમાં ચાર-પાંચ એલ્યુમિનિયમના અને બે-ત્રણ માટીના વાસણો રાખે છે. કેટલાક કુટુંબોમાં પિત્તળની થાળી, લોટા, ગ્લાસ જોવા મળે છે. કન્યાને દહેજમાં મળેલ પિત્તળનું બેડું તથા પતરાની પેટી જૂજ કુટુંબોમાં જોવા મળે છે.

કેટલાક કુટુંબો કાથીના ખાટલા એકાદ-બે રાખે છે તો કેટલાક એવા કુટુંબો છે તેમની પાસે એક પણ ખાટલો નથી. તપાસમાં લીધેલ ૨૦૦ કુટુંબોમાં ૩૧૮ કાથીના ખાટલા હતા. તપાસમાં લીધેલા ૨૦૦ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૧૪૮૫ છે. જેથી બધાં સભ્યોને સૂવા માટે પૂરતા ખાટલા નથી અને ગોદડા કે ગાદલા પણ એવો વસાવી શકવા શકિતમાન નથી. એવો જમીન પર સાદડી અથવા કંતાન (બારદાન) મળે તો તે પાથરી સૂવે છે. કેટલાક તો ફાટેલા તૂટેલા લૂગડા પાથરી સૂવે છે. જે તેઓની ગરીબી દર્શાવે છે. બીજા સાધનોમાં ટેબલ-ખુરશી, રેડિયો,

...૪.

સાયકલ, પડિયાળ, દળવાની ઘટી, ટોપલા-ટોપલી જેવા સાધનો કોઇ કોઇ રાખે છે, પરતુ તેનુ પ્રમાણ પણ ખૂબજ ઓછુ જોવા મળે છે.

નાયકાઓ શાકાહારી તેમજ માસાહારી છે. સવારે ભડકુ અથવા રાબ પીએ છે. બપોરે ચોખા, જુવાર અથવા મકાઇના રોટલા અને તુવેર-વાલ અથવા લાગની દાળ ખાય છે. સાજે પણ રોટલા-દાળથી ચલાવી લે છે. ઉત્સવ કે તહેવાર પ્રસંગે જો પૈસાની સગવડ હોય તો દિવસે દાળ-ભાત બનાવે છે. સાજે તહેવાર પ્રમાણે દિવાસાના દિવસે ઢેબરા, રક્ષાબંધન વખતે પાતરા, દિવાળી વખતે પનેલા બનાવી ખાય છે. મોટાભાગે તેલ વગરની વરાળમા બાફીને તૈયાર થાય એવી વાનગીઓ વધુ બનાવે છે. તહેવારના દિવસે મોટાભાગે મરઘીનુ માસ અને કાદા-બટાટાનુ શાક એઓ ખૂબજ આનદથી ખાય છે. બીજુ બકરાનુ માસ અને માછલી પણ ખાય ખરા.

પીણા :

નાયકાઓ કોઇ પણ પીણા નિયમિત પીતા નથી. પરતુ જયારે મળે ત્યારે અને પૈસાની સગવડતાએ પીએ છે. દારૂ, તાડી, ચા એમના મુખ્ય પીણા છે અને તે પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો એમ બધા જ પીએ છે. સામાજિક પ્રસગો વખતે અને તહેવારો વખતે એનુ પ્રમાણ વધી જાય છે. જેઓ દારૂ, તાડી ન પીતા હોય એમને ચા પીવડાવે છે.

પહેરવેશ :

નાયકાઓનો પોષાક પણ તેમની પ્રાદેશિક તથા આર્થિક પરિસ્થતિને અનુરૂપ નકકી થયેલ છે. પુરૂષો સામાન્ય રીતે ધોતિયુ, પહેરણ તથા માથે ટોપી પહેરે અથવા રૂમાલ બાધે છે.

યુવાનો પેન્ટ, શર્ટ અને ચપલ પહેરતા જોવા મળયા હતા. સ્ત્રીઓ રગબેરગી પોષાક વધુ પસદ કરે છે. કાળા રગના લુગડાના બે ભાગ કરી કછોડોવાળીને લુગડુ પહેરેલી સ્ત્રીઓ કરાયગામ અને વડપાડા ગામમા ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળી હતી અને ગુડા તથા પાધોરા ગામની સ્ત્રીઓ ટૂકી ઓઢણી, કબજો તથા ચણિયો

પહેરે છે. ચણિયાને નીચેના અધવચ્ચેના ભાગથી વાળી ડબલ કરી કમરના ભાગ ઉપર કાછડો મારી દે છે. જેથી કામ કરતી વખતે સરળતા રહે અને કપડાનો બગાડ પણ ઓછો થાય. નાની વયના બાળકો કેટલાક ઉઘાડા જ આમ તેમ ફર્યા કરે છે. સ્કૂલમાં જઇ શકે તેવા છોકરા ટૂકી ચડ્ડી અને ટૂકા બાંયનો બુશર્ટ પહેરે છે. નાની બાળાઓ સ્કર્ટ અને ચોળી પહેરે છે. ખેતી અને ઘરકામ તથા મજૂરી કરી શકે તેવી છોકરીઓ મોટી ઉમરની સ્ત્રીઓની માફક કછોટોવાળી લુગડાનો નાનો ટૂકડો પહેરે છે અને ચોળીનો ઉપયોગ કરે છે.

ઘરેણાં :

નાયકા સમાજમાં પુરૂષો ઘરેણાંનો ઉપયોગ નહીંવત કરતા જોવા મળયા હતા. તપાસ દરમ્યાન માત્ર કરાયા ગામમાં ભૂવાની પાસે એના હાથના કાંડામાં ચાંદીનુ કડુ પહેરેલ જોવા મળયુ હતુ.

નાયકાઓની આર્થિક પરિસ્થિતિ જ ખૂબજ નબળી હોવાથી એઓ ઘરેણાં ખરીદી શકતા નથી. પહેલા થોડા ઘણા ઘરેણાં હતા પણ આર્થિક મુશ્કેલી આવવાથી વેચી નાંખ્યા. તપાસમાં લીધેલા ૨૦૦ કુટુંબોમાંથી એક પણ કુટુંબ પાસે સોનાના દાગીના પ્રાપ્ત ન હતા. કેટલાક કુટુંબો પાસે ચાંદીના દાગીના જોવા મળયા હતા. મોટાભાગે તો કલાઇ, રૂપાના કે જસતના દાગીનાનો ઉપયોગ વધુ કરે છે. કેટલીક બહેનો બનાવટી દાગીના પહેરે છે.

નાયકા સ્ત્રીઓ માથે ચાંદીના વાળા પહેરે છે. જેને "કકરી" કહેવામાં આવે છે. પગમાં ચાંદીનુ ભોરિયુ, સાંકળા અથવા દોલ્લા પહેરે છે. જેઓ ચાંદી ખરીદી શકતી નથી તેઓ કલાઇના દોલ્લા અને સાંકળા બનાવડાવી પહેરે છે. હાથમાં પ્લાસ્ટીકની અથવા કાચની બગડી પહેરે છે. નાકમાં બનાવટી નથની પહેરે છે જે હાટ અથવા નજીકના બજારમાંથી ખરીદી લાવે છે.

... ૬.

આર્થિક જીવન :

નાયકાઓ વંશપરંપરાગતથી ખેતી કરે છે. એમની પાસે જમીનનું પ્રમાણ ઓછું હોવાથી અને કેટલાક કુટુંબો પાસે તો બિલકુલ જમીન નથી એટલે ખેતમજૂરી કરે છે. કુટુંબનું કદ મોટું હોવાથી જેમની પાસે જમીન છે તેઓ આખું વર્ષ ચાલી રહે એટલું અનાજ મેળવી શકતા નથી અને ખેતમજૂરી પણ આખું વર્ષ પૂરતા પ્રમાણમાં મળતી નથી. જેથી જીવનનિર્વાહ માટે બીજા ધંધાઓમાં છૂટક મજૂરી, નોકરી, વેપાર-ધંધાઓ, જંગલ મજૂરી અને વન્ય પેદાશ જેવા કામો કરી થોડી ઘણી આવક મેળવી જીવનનિર્વાહ કરે છે.

ખેતી :

નાયકાઓનો મોટો વર્ગ ખેતી કરે છે. તપાસમાં લીધેલા ૨૦૦ કુટુંબોમાંથી ૧૭૨ કુટુંબો પાસે કુલ જમીન ૧૪૮.૫૯ એકર હતી. જે કુટુંબદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ ૦.૮૬ હેકટર (૮૬ ગુન્ઠા) છે. તેઓ ખેતીનો વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. ખેતીના સાધનો પણ તેઓની પાસે ખૂબજ ઓછા જોવા મળે છે. અરસપરસ ચલાવી લે છે.

ખેતમજૂરી :

ખેતી ઓછી હોવાથી પૂરક ધંધાઓ તરીકે નાયકાઓ ખેતમજૂરી કરે છે. તપાસમાં લીધેલા ૨૦૦ કુટુંબોમાંથી ૧૬૦ કુટુંબો ખેતમજૂરી કરતા જોવા મળ્યા હતા. આમ નાયકાઓ ખેતી અને ખેતમજૂરી એમ બંને પ્રકારના ધંધાઓ કરતા હોય છે. આખું વર્ષ ખેતમજૂરી ન મળતા તેઓ છૂટક મજૂરીએ જાય છે.

છૂટક મજૂરી :

નાયકાઓ છૂટક મજૂરીમાં વાડ કરવી, ખોદકામ કે રસ્તા બાંધકામ ચાલતું હોય ત્યાં કામે જવું, ઘાસની ગાંસડી બાંધવા પુરષે વર્ગે જવું વગેરેમાંથી દૈનિક રૂ.૫-૦૦ તેઓ મેળવે છે. કેટલીક વખત ઉચ્ચક કામ કરી તેઓ વધુ આવક પણ મેળવે છે.

નોકરી :

નોકરીઓમાં મોટે ભાગે માસિક ઓફિસો/ગામ વિસ્તારમાં જુદા જુદા કારખાનાઓમાં તેઓ નોકરી કરે છે. અને માસિક રૂપિયા ૨૦૦/- સુધી આવક મેળવે છે. દરમ્યાન કેટલાક તેમાંથી નોકરી જતાં જોવા મળ્યા હતા. કેટલાક પુરુષો બિનઆદિવાસીઓને ત્યાં ચાકર તરીકેની નોકરી કરે છે અને માસિક રૂપિયા ૧૦૦/- મેળવે છે.

જંગલ મજૂરી અને વન્ય પેદાશ :

જંગલ મજૂરીમાં તેઓ કુપમાં જવું, સરકારી જમીન ઉપર ડુંગર ઉપર વૃક્ષોની માવજત કરવી તથા વન્ય પેદાશ મહુડાં ભેગાં કરવા, ખાખરાનાં પાન વીણી લાવી વેચવા, બળતણના લાકડાં ભેગા કરી વેચવા અને લાખ એકઠી કરી તેમાંથી થોડી ઘણી આવક મેળવે છે.

આમ આજે નાયકાઓ એક કરતાં વધુ ધંધાઓ કરે છે. તેઓ જો એકજ ધંધો કરે તો એમને આખા કુટુંબનું ભરણ-પોષણ તેમાંથી થઈ શકતું નથી, જેથી તેઓને એક કરતાં વધુ ધંધાઓ કરી જીવન-નિર્વાહ કરવો પડે છે.

પશુપાલન :

નાયકાઓ પશુપાલન કરે છે. પરંતુ તેમનાં પશુઓ ઘણાં નબળાં હોવાથી એઓ દૂધમાંથી આવક મેળવી શકતા નથી. ગાય, ભેંસ અથવા બકરાં કેટલાક પાળે છે. તેમાં ગાય માત્ર વાછરડા-વાછરડી મેળવવા માટે અને છાણિયું ખાતર મેળવવા માટે જ પાળે છે. મોટાભાગનાં કુટુંબો મરઘાં પાળે છે અને તેમનાં ઈંડામાંથી થોડી ઘણી આવક થાય તે ઘરની સ્ત્રીઓ લે છે.

આવક :

નાયકાઓની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂપિયા ૨૯૯૪ હતી. તપાસમાં લીધેલાં લગભગ બધાં જ કુટુંબો ગરીબીની રેખા નીચે હતાં.

...૭૯.

વપરાશી ખર્ચ :

નાયકાઓ પોતાની જરૂરિયાત માટે જે વિવિધ ખર્ચ કરતા હતા તેમા કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂપિયા ૨૮૬૬ હતુ.

અહીં એ સ્પષ્ટ છે કે નાયકાઓમા ખર્ચ કરતા આવક વધુ છે. પરંતુ તપાસમા લીધેલા કરાથા ગામમાંથી કેટલાક યુવાન-યુવતીઓ વાપી જી.આઇ.ડી.સી. વિસ્તારમા આવેલ કારખાનામા નોકરીએ જાય છે. જેથી તેમની આવક ખર્ચ કરતા થોડી વધારે છે જેથી સમગ્ર ચિત્ર આવે છે અને બીજા કુટુંબોમા પણ જે આવક આવે તેમાથી જ વપરાશી ખર્ચ પૂર્ણ કરવાનો હોય છે. નાયકાઓ પાસે ભૌતિક મિલકત ઓછી હોવાથી તેઓને કોઇ પૈસાનુ ધીરાણ પણ કરતા નથી. જેથી ખર્ચ પણ તેઓ ઓછો કરે છે. દિવસ દરમ્યાન એક ટંક ભોજન કરી ચલાવવું પડે એવી એમની આર્થિક પરિસ્થિતિ છે. કેટલાક કુટુંબો સગાસંબધીઓ પાસે દેવુ કરે છે.

સામાજિક સંગઠન :

નાયકા સમાજમા પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. કુટુંબનુ કદ સરેરાશ સાત વ્યકિતઓનુ છે. તપાસમા લીધેલ ૨૦૦ કુટુંબોમાથી ૪૯.૫ ટકા સંયુકત અને ૫૫.૫ ટકા કુટુંબો વિભકત હતા. કુટુંબમા પુત્રોના લગ્ન બાદ નાના ઘરમા સંકડાશના કારણે અલગ ઘર બનાવી કુટુંબનુ વિભાજન થાય છે.

સગાઇ સંબંધોમા લગ્ન પર આધારિત અને લોહી પર આધારિત જોવા મળે છે. ઘર જમાઇની પ્રથા પણ કેટલાક કુટુંબોમા જોવા મળે છે.

નાયકા સમાજમા સામાજિક પાસાને મજબૂત ટકાવી રાખવાનુ કાર્ય જાતિપંચ કરે છે. સમાજમા ઉભા થતા સામાજિક પ્રશ્નોનુ નિરાકરણ કરવાનુ કામ જાતિપંચ કરે છે. જાતિપંચ એ નાયકા સમાજના જ વડીલ વ્યકિતઓનુ બનેલુ સામાજિક સંગઠનનુ મજબૂત અંગ છે. જે વ્યકિતઓ પંચના સભ્યો હોય તેને "પંચીયા"

... ૯.

તરીકે ઓળખે છે. આવા "પચીયા" દરેક ગામમાં હોય છે. જે પોતાના સમાજની ચાલતી આવતી આગવી સંસ્કૃતિને ટકાવી રાખવાનું કામ કરે છે. આ રીતે પચનું મુખ્ય કામ તો નાયકા સમાજના બધા લોકોને સમાજના નીતિ નિયમોનું પાલન કરાવવાનું છે અને ઉભા થતા સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરવાનું છે. ખાસ કરીને લગ્ન, છૂટાછેડા, ઝગડા વગેરે પ્રસંગોમાં જે મુશ્કેલીઓ આવે તેનું નિરાકરણ કરે છે. એક બીજા ગામોના નાયકો ઘણા જ ગાઢ સંબંધથી જોડાયેલા જોવા મળે છે.

સામાજિક રીતરિવાજ :

નાયકા સમાજમાં રજસ્વલા સ્ત્રીને નાવણ અથવા ડોય ધોવની કહેવામાં આવે છે. આ સમયગાળા દરમ્યાન સ્ત્રી ઘરમાં રસોઇ બનાવવી, પાણી ભરવું તથા ધાર્મિક સ્થળોએ પૂજા કરવી વગેરે કામો કરતી નથી. ઘર બહારના કામોમાં સફાઇ કરવી, ખેતીકામ વગેરે કામો કરે છે. પાંચમા દિવસે માથું ધોયા બાદ દરેક કાર્ય કરી શકે છે.

સગર્ભા અવસ્થા દરમ્યાન કોઇ ખાસ પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં થાય છે. જન્મ બાદ કોઇ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

બાળકના જન્મ બાદ સાતુ ઉઠાડવાની કે પાંચુરો પૂજવાની વિધિ કરવામાં આવે છે. તપાસ દરમ્યાન સુરત, વલસાડ જિલ્લામાં આ વિધિ બાળકના જન્મ બાદ પાંચમાં દિવસે કરે છે. જેથી પાંચુરો કહે છે અને પંચમહાલ તથા વડોદરા જિલ્લામાં આ વિધિ સાતમાં દિવસે કરવામાં આવતી હોવાથી સાતુ ઉઠાડવાની ક્રિયા તરીકે ઓળખાય છે. આ દિવસે સાંજે પાંચેક વાગ્યે સોયાણી જન્મેલ બાળકના ઘરે આવે છે, બાળકને રમાડે છે, સ્નાન કરાવે અને જે જગ્યાએ પ્રસૂતિ થયેલી હોય એ જગ્યાએ દીવો સળગાવે છે અને ત્યાં બાળકની ઝોળી બાંધી તેમાં બાળકને સુવડાવી સોયાણી હીંચકા નાખતી બોલતી જાય કે, બાળક મોટું થાય, સારું રહે વગેરે બોલે છે. ત્યાર બાદ સોયાણીને ખવડાવી-પીવડાવી આનંદિત કરે છે.

બાળકના જન્મ બાદ સવા માસ સુધી સ્ત્રી કૂવા પર પાણી ભરવા જતી નથી. બાળકનુ નામ બાળકની ફોઇ બા પાડે છે. કેટલાક કુટુંબોમા એના ઘરના વ્યકિતઓ જ નકકી કરી દે છે. થોડા મહિના બાદ બાલ નિમાલાની વિધિ કરે છે, પરતુ તેમા બીજુ ખાસ કરતા નથી. માત્ર ગામનો ગાજીયો અથવા ફળિયામાથી વડીલ વ્યકિત બાળકના બાલ બાપે છે અને તેના બદલામા રૂ.૫/- આપે છે.

નાયકા સમાજમા લગ્ન પહેલાના જાતિય સબધો જોવા મળે છે. જયારે મજૂરી માટે બહાર ગામ જાય ત્યા છોકરા-છોકરીઓ વધુ સંપર્કમા આવતા આવા સબધો બધાય છે. જે લગ્નમા પરિણમે છે.

સામાન્ય રીતે ૧૪ થી ૨૨ વર્ષના ગાળા દરમ્યાન સગાઇ કરે છે અને પછી એજ વર્ષે લગ્ન કરી દેવામા આવે છે. સગાઇ વખતે પ્રથમ છોકરાપક્ષના છોકરીના ઘરે જાય છે અને પછી છોકરીપક્ષ-વાળા છોકરાને ત્યા ઘર જોવા આવે છે. એ વખતે બને જગ્યાએ ખવડાવે અને દારૂ, તાડી પીવડાવે છે.

લગ્ન :

લગ્નની ઉમર ૧૪ થી ૨૨ વર્ષના ગાળા દરમ્યાન લગ્ન કરેલા જોવા મળે છે. લગ્ન એકસાથી છે. પરતુ કેટલીક વખત પ્રથમ પત્નીને બાળક થતા ન હોય અને પ્રથમ પત્ની બીજી પત્ની લાવવાની પતિને છૂટ આપે અને પતિને બીજી પત્ની લાવવાની ઇચ્છા હોય તો લાવી શકે છે.

લગ્નમા કન્યાપક્ષને છોકરાપક્ષવાળા દહેજ આપે છે. તેમા પંચમહાલ અને વડોદરા જિલ્લામા રૂ.૬૫૦/- રોકડા આપે છે. જયારે વલસાડ જિલ્લામા દહેજને બે રીતે વહેચી નખે છે. એક તો રોકડા રૂ.૨૫૦/- અને બીજુ ડાગર ૪૦ ટોકરી, ૧૦ કિલો કઠોળ, એક જોડ ચાદીના સાકળા, બે જોડી કપડા આપવામા આવે છે. લગ્ન બાદ એક ગાય દહેજમા આપવી એવુ નકકી કરે છે. જાન છોકરીના ઘરે રાત્રે જાય છે. જેમા અદાજે ૧૫૦ માણસો

... ૧૧.

જાય છે. લગ્નમાં અંદાજે ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે. બીજા દિવસે કન્યાપક્ષવાળા આણું કરવા આવે છે.

છૂટાછેડા :

પતિ-પત્ની વચ્ચે બનતું ન હોય ત્યારે એકબીજાની સમંતિ મેળવી છૂટાછેડા લેવામાં આવે છે. જો પુરૂષ સ્ત્રીને રાખવા માગતો હોય, પરંતુ સ્ત્રી રહેવા માગતી ન હોય તો જે દહેજ છોકરાપક્ષથી આપવામાં આવ્યું હોય તે બધું જ પાછું લઇ લેવામાં આવે છે. અને લગ્નના ખર્ચ તરીકેની રૂા.૨૦૦૦ થી ૩૦૦૦ સુધીની રકમ ઉપરથી લે છે. પરંતુ પુરૂષ સ્ત્રીને કાઢી મૂકે તો કોઇ પૈસા આપવામાં આવતા નથી. જે દહેજ આપેલું હોય તે પાછું માગતા નથી અને કન્યાને કન્યાદાનમાં મળેલી બધીજ સામગ્રી કન્યા પોતે લઇ જાય છે. નાયકાઓમાં પુનઃલગ્ન થઈ શકે છે અને દિયરવટું, સાળીવટું પણ થાય છે.

મૃત્યુ :

મૃત્યુ સંસ્કારમાં બાળવાની પ્રથા છે. નાના બાળકો કે જેમનાં દાંત ઉગવાના બાકી હોય તેમને દાટવામાં આવે છે. મૃત્યુ બાદ બારમું કરે છે. બારમા દિવસે આ વિધિ કરવામાં આવે છે. પરંતુ વલસાડ જિલ્લા બાજુ બાર દિવસે આ વિધિ કરે છે. પંચમહાલ વિસ્તાર બાજુ આ વિધિ સ્ત્રીની કરવી હોય તો ૧૨ અથવા ૧૩ મા દિવસે અને પુરૂષની વિધિ કરવી હોય તો ૧૦ કે ૧૧ મા દિવસે કરે છે અને આ વિધિને "સંરામણી" ના નામે ઓળખે છે. એ દિવસે બધા સગાસબંધીઓ આવે છે. આ વિધિ પાછળ અંદાજે રૂા.૪૦૦થી ૫૦૦ સુધીનો ખર્ચ થાય છે.

ધાર્મિક જીવન :

નાયકાઓ હિંદુ ધર્મ પાળે છે. એમનાં દેવ-દેવીઓ બે રીતે વહેંચાયેલા જોવા મળે છે.

(૧) ઘરમાં વસતા દેવ-દેવીઓમાં - હીરવાદેવ, ગોરીચેળો, કણસરીદેવી, મેમાઇ અને જળદેવનો સમાવેશ થાય છે.

... ૧૨.

(૨) ઘર બહાર વસતા દેવ-દેવીઓમા - હિમલીયાદેવ, ભરમદેવ, ઝાપલીઓદેવ, બાળદેવ, કુવારોદેવ, ગામખેડોમાતા, વાઘેશ્વરી-માતા, વાઘથોદેવ અને ખતરીદેવનો સમાવેશ થાય છે. આ બધા જ દેવ-દેવીઓની નિયમિત તેઓ પૂજા કરતા નથી. પરંતુ અમુક પ્રસંગોપાત ધૂપદીપ કરે છે.

નાયકાઓની અર્થવ્યવસ્થા સાથે ધર્મનો સબંધ સંકળાયેલો છે. કોઇ પણ પ્રવૃત્તિની શરૂઆતમા તેઓ પ્રથમ ધાર્મિક ક્રિયાઓ કરતા હોય છે. આર્થિક પ્રવૃત્તિની શરૂઆત કરવી હોય કે પછી સામાજિક કાર્યની શરૂઆત કરવી હોય પરંતુ ધાર્મિક ક્રિયાકાંડ તો આ બને કાર્યની શરૂઆતમા કરતા હોય છે.

ગ્રામ્ય વિસ્તાર હોવાથી ભૂત-પ્રેત, ડાકણ, ભૂવા, ભગતમા વધુ શ્રધ્ધા ધરાવે છે.

ઉત્સવો :

હિંદુ સમાજમા આવતા તહેવારો હોળી, દિવાસો, દશેરા, દિવાળી, રક્ષાબંધન અને શીતળા સાતમ વગેરે ઉત્સવો મનાવે છે. આ ઉપરાંત ધાર્મિક મેળા, જાત્રા કરે છે. આર્થિક પ્રવૃત્તિના સંદર્ભમા પૂજા, હોમ-હવનની ઉજાણી ઉજવે છે. ચોમાસા સિવાય ઉનાળા અને શિયાળામા ગામડાઓમા હાટ ભરાય છે. ત્યા આજુ-બાજુના ગામ લોકો ચીજવસ્તુઓ ખરીદવા તથા વેચવા માટે આવે છે.

સમસ્યાઓ :

નાયકાઓની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી છે જેથી તેઓ અનેક પ્રકારની સમસ્યાઓમા સપડાયેલા છે. ખાસ કરીને રહેઠાણ અંગેની, જમીનની, ખેતીની, મજૂરીની, નોકરીની, આરોગ્યની અને શિક્ષણ વગેરેની સમસ્યાઓથી તેઓ પીડાય છે. આવી વિવિધ પ્રકારની સમસ્યાઓ ધીમે ધીમે હલ કરવા માટે કેટલાક પગલા હાથ ધરવા જોઇએ તો જ આ સમાજ અન્ય સમાજની હરોળમા આવશે.

વિકાસના સૂચનો :-

આર્થિક વિકાસ :

(૧) નાયકાઓના ઘરો કાચા અને મોટાભાગે એક ઘડવાળા નાના ઘરમા કુટુંબના બધા સભ્યો અને પશુપાલનથી માંડી ઘરવખરીની બધી જ સાધન સામગ્રી તેઓના નાના ઘરમા રાખતા હોવાથી ખૂબજ સંકડાશમા રહેવું પડે છે. તો આરોગ્યપ્રદ ઘરોની વ્યવસ્થા કરવી જોઇએ.

(૨) તેઓની પાસે જમીનનું પ્રમાણ ખૂબજ ઓછુ છે અને કેટલાક પાસે તો બિલકુલ જમીન નથી. એવા કુટુંબોને સરકારી, ગૌચરની કે જંગલની જમીન હોય ત્યા ઘર બાંધવા માટે જમીન આપવી જોઇએ. શકય બને તો મોટા કુટુંબોને અને જેમની પાસે ખેતીની તદૃન ઓછી જમીન હોય એવા કુટુંબોને પણ ખેતી માટે ઓછામા ઓછી એકાદ-બે એકર જમીન આપવી જોઇએ. જેથી થોડુ ઘણુ ખેતીમા ઉત્પાદન કરી શકે.

(૩) કુદરત ઉપર આધારિત ખેતી કરતા હોવાથી ધાર્યુ ઉત્પાદન મેળવી શકતા નથી. જેથી સિંચાઇની સગવડ કરવી જોઇએ. અને ખેતીમા વધુ ઉત્સાહિત કરવા માટે સરકારશ્રીની જે યોજનાઓ છે તેનો ખ્યાલ આપી બધા જ લાભ મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ અને સહકારી મંડળી દ્વારા પણ સમયસર ધીરાણ, ખાતર, બિયારણ આપવુ જોઇએ.

(૪) ગ્રામ્ય વિસ્તારોમા તેઓ રહેતા હોવાથી પશુપાલન સારી રીતે કરી શકે એમ છે તે માટે દૂધાળા પશુઓની સગવડ કરી આપવી જોઇએ. જેથી તેઓને પૂરક રોજી મળી રહે. આપેલા પશુઓની સબસીડી આપવી અને વસૂલાતની રકમ દૂધ મંડળી ઉભી કરી ત્યા ઉત્પાદનમા આવેલ દૂધમાથી વસૂલાત કરવી જોઇએ.

(૫) ખેતમજૂરોને સરકારશ્રીના ધારાધોરણ મુજબ લઘુત્તમ વેતન મળવું જોઇએ.

... ૧૪.

(૬) બારે માસ મજૂરી મળતી નથી. જેથી અનુકૂળ હોય તેવા ગૃહોદ્યોગો આપવા જોઇએ.

(૭) ટેકનીકલ ધંધાઓની તાલીમ આપવી જોઇએ.

(૮) બાલવાડીઓ ખોલવી જોઇએ અને જયાં જરૂર લાગે ત્યાં નવા છાત્રાલયો શરૂ કરવા જોઇએ.

(૯) આશ્રમશાળા અને પ્રૌઢશિક્ષણના વર્ગો ચલાવવા જોઇએ.

(૧૦) આશ્રમશાળા જે ગામમાં ચાલતી હોય તે ગામના બાળકોને પણ આશ્રમશાળામાં પ્રવેશ આપવો જોઇએ.

ooooooooooo

## : કોટવાળિયા :

### એક વ્યવસાયી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન અને મૂલ્યાંકન: ટૂંકસાર

અહેવાલ લેખન: ભીખાભાઇ પટેલ
સારદોહન : ભીખાભાઇ પટેલ

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજ્યમા આદિવાસીઓની વસ્તી ૧૯૭૧ મુજબ ૩૭ લાખ ઉપરની છે. જેમા ૨૯ જુદી જુદી આદિવાસી જાતિઓનો સમાવેશ થયેલો છે. આ જાતિઓ પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. આ આદિવાસી સમાજોમા ગરીબી એટલી બધી જોવા મળે છે કે ઘણા દિવસો સુધી એક ટંકનું ભોજન પણ મેળવી શકતા નથી. ભારતની બધીજ અનુસૂચિત જનજાતિઓની જેમજ ગુજરાતની આ માસુમ પ્રજાના વિકાસ માટે અલગ અલગ બંધારણીય અને વહીવટી જોગવાઇઓ કરવામા આવી છે. તેમને ગરીબીની રેખા નીચેથી ઉપર લાવવાના સઘન પ્રયત્નો જુદી જુદી વિકાસ સંસ્થાઓ વ્દારા કરવામા આવી રહ્યા છે. આ બધી યોજનાઓના ઉદ્દેશ્ય ખરેખર ઘણા ઉંચા છે. પરંતુ યોજનાઓ માટેનું જે માળખું હોવું જોઇએ તે ન હોય તેવું લાગે છે. વળી ઉંડાણના વિસ્તારોમા અને એ સમાજના તળિયામા રહેલ ગરીબો આજ સુધીમા આ વિકાસ યોજનાઓથી વંચિત રહ્યા છે. એમની ગરીબાઇ ઘટવાને બદલે વધતી જાય છે. આદિવાસી સમાજોમા પણ અંદરો અંદર અંતર વધતું જાય છે. બિનઆદિવાસીઓથી પણ આદિવાસીઓનું અંતર વધતું જતું જોવામા આવે છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર વ્દારા ગત વર્ષે કોટવાળિયા જાતિનો અભ્યાસ કરી તેને માટે શું સૂચવી શકાય તે અંગે એક અભ્યાસ હાથ ધરી આ કામ મને સોંપવામા આવ્યું. જેથી આવી આદિવાસી જાતિઓ વિષે અને તેમનામા થતી વિકાસની ઉપર્યુક્ત પ્રક્રિયા વિષે અજ્ઞાનતા સેવતા બહુજન સમાજને કંઇક બતાવી શકાય. ગુજરાતની અનુસૂચિત જનજાતિ કોટવાળિયા અંગે કંઇ ખાસ કામ થયું નથી. તેમજ આ જાતિ માટે ૧૯૭૭-૭૮થી વિકાસ યોજના ચાલુ થઇ હોવાથી તેનું મૂલ્યાંકન કરવાનો સમય

થઈ ગયો હોવાથી આ જનજાતિનો અભ્યાસ કરવો જોઈએ એમ મને લાગ્યુ.

<u>અભ્યાસના હેતુઓ :</u>

૧. માનવના સમાજ જીવનના અનેક વિધ પાસાઓનો અભ્યાસ કરવામા મને રસ છે. તેમાય આદિમ સમાજ જીવન અભ્યાસમા મને વધુ રસ છે. આ રસ પ્રેરિત મે એક નાના જનજાતિ સમુદાયનો અહી અભ્યાસ કર્યો છે. ગુજરાતમા વસતા આદિવાસીઓમા જે નાના નાના જૂથો છે, દા.ત. કાથોડી, કોલઘા, સીદી અને પઢાર વગેરે, તેમના સઘન અભ્યાસો થયા છે પણ કોટવાળિયા જાતિ વિષે કંઈ ખાસ માહિતી ઉપલબ્ધ નથી. આ એક ઉણપને નિવારવા માટે મે આ વિષય પસદ કર્યો છે.

૨. કોટવાળિયા લોકો મૂળથી વંશપરંપરાગત રીતે વાસનો ધંધો કરતા આવ્યા છે. જેથી તેમની વાસ અંગેની જાણકારી ઘણી જ છે. તેનો ખરેખર ક્યાસ મેળવવો, વાસમાથી બનતી વિવિધ વસ્તુઓ કેવી રીતે બનાવે છે તેની પધ્ધતિ જાણવી, તેને શક્ય તેટલી શબ્દોમા અને ચિત્રોમા રજૂ કરવી, કલાઓ અને હુનરનો ભેદ જાણવો, આ મારી સમક્ષ હતુ. આ રીતે વ્યવસાયને અને સમાજવ્યવસ્થાની તથા અર્થવ્યવસ્થાની સાથે શો સબધ છે તે તપાસવાનો પણ મારો વિચાર હતો. કોટવાળિયાઓની આર્થિક સંરચના, સ્ત્રી-પુરૂષ અને બાળકોનુ કાર્ય વિભાજન, દૈનિક કાર્યક્રમ, આર્થિક સમૂહો, વાર્ષિક અર્થચક્ર, વાસના ધંધા સાથે કેવી રીતે ઓત-પ્રોત બને છે તે તપાસનુ પણ ધ્યેય હતુ. વળી સમાજ વ્યવસ્થા અને વ્યવસાય, ધર્મ અને વ્યવસાય કેવી રીતે સંકળાયેલા છે તે પણ મારે જોવુ હતુ.

મારે એ પણ જાણવુ હતુ કે કોટવાળિયા જાતિને પોતાના ધંધા ઉપરાત અન્ય કયા સાધનો ઉપર આધાર રાખવો પડે છે, તેમની આવક કેટલી છે, ધંધા માટેની બજાર વ્યવસ્થા કેવી છે, ધંધા અંગેની મુશ્કેલીઓ કેવી છે, આ બધુ વિગતે જાણવાનો ઉદ્દેશ રાખ્યો હતો.

૩. તેમના વિકાસ માટે સરકાર દ્વારા અને બીજી સંસ્થાઓ દ્વારા થયેલા પ્રયત્નો અને તેના પરિણામે તથા બીજા કારણોથી આ સમાજમાં આવેલુ પરિવર્તન પણ મારે તપાસવા હતા.

૪. કોટવાળિયાઓ માટેની જે ખાસ યોજના જે સન ૧૯૭૭-૭૮ થી ચાલુ છે તેનુ મૂલ્યાંકન કરવુ હતુ. જેથી એ યોજનાની સફળતા અને/અથવા આંશિત નિષ્ફળતા માટેના કારણો જાણી શકાય અને ભવિષ્ય માટે યોજના ફરી કરવા માટે યોગ્ય પગલા લઇ શકાય.

<u>સંશોધન પધ્ધતિઓ :</u>

આ તપાસ નિબંધની પ્રાથમિક માહિતી ક્ષેત્રકાર્ય દ્વારા એકઠી કરવામાં આવી છે. દ્વૈતિયક માહિતી ગ્રંથાલયની મદદથી મેળવી છે. કોટવાળિયા વિષે લખાયેલુ બધુ સાહિત્ય મેં જોયુ છે. પ્રાથમિક માહિતી માટે જુદી જુદી પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોટવાળિયા જાતિની આ તપાસ માટે મે લગભગ બે માસ ક્ષેત્રકાર્ય કર્યુ હતુ. દરેક કુટુંબમાં જઇ તેનો સંપર્ક કરીને મુલાકાત માર્ગદર્શિકાના ઉપયોગથી માહિતી એકઠી કરી હતી. સહભાગી નિરીક્ષણ પધ્ધતિ દ્વારા અભ્યાસને લગતી વિશેષ પ્રકારની (દા.ત. કુટુંબ જીવન વગેરેની) સામગ્રી એકઠી કરી હતી.

<u>વસતિ : વિસ્તાર :-</u>

કોટવાળિયા જાતિ એ ગુજરાતના જુદા જુદા વિસ્તારમાં વસવાટ કરે છે. ખાસ કરીને તેમની વસતિ દક્ષિણ ગુજરાતમાં વધુ છે. તેમની જિલ્લાવાર વસતિ આ પ્રમાણે છે : ડાંગ ૪૮૮, વલસાડ ૨૩૩૩, સુરત ૮૪૮૮, પંચમહાલ ૨, ભરૂચ ૧૩૩૯, સાબરકાંઠા ૨૨, ખેડા ૨૪, વડોદરા ૬૫, અમદાવાદ ૧૨૬ અને મહેસાણા ૧૫ એમ કુલ ૧૨૯૦૨ ની વસ્તી ૧૯૭૧ માં હતી. જેમાંથી ડાંગ એક ગામ અને સુરત જિલ્લાના એક ગામ આમ કુલ બે ગામોને કેન્દ્રમાં રાખી અભ્યાસ હાથ ધર્યો છે.

ઉપર પ્રમાણેનુ વધુ કાર્ય મેં નીચે પ્રમાણેના પ્રકરણોમાં સમાવી લીધુ છે: પ્રકરણો ઉત્તરોત્તર એક બીજા સાથે સંકળાયેલ છે અને ઉદ્દેશોની સિધ્ધિને પ્રાપ્ત કરતા જાય છે.

<u>પ્રાસ્તાવિક</u> :

વિષય પસંદગી - આજ સુધી થયેલા સંશોધનો અને નવું શુ છે તે જોવું.

પસંદગી માટેના હેતુઓ

તપાસ વિસ્તાર

સંશોધન પધ્ધતિઓ

૧. ઐતિહાસિક અને ભૌગોલિક પૃષ્ઠભૂમિ.

વિસ્તાર પરિચય - જંગલ-વાંસ પરિચય

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

૨. ભૌતિક સંસ્કૃતિ :

ઘર

ઘરની બનાવટ

ઘરવખરી

ઘરવખરીમાં વાંસની બનાવટોનો ઉપયોગ

ખોરાક, પીણાં, ઘરેણાં પોષાક નૃત્ય અને શિકારના સાધનો.

વાંસકામ માટેના સાધનો.

૩. આર્થિક જીવન :

મુખ્ય વ્યવસાય

વાંસ અને આર્થિક જીવન

આર્થિક શ્રમ વિભાજન - દૈનિક જીવન

વાંસ, વાંસના પ્રકાર, વાંસની સાચવણી,

વાંસમાંથી બનતી વિવિધ વસ્તુઓના નામ અને ઉપયોગ - વસ્તુઓ બનાવવાની રીત,

જુદી જુદી વસ્તુઓની કિંમત

ગૌણ વ્યવસાય :

આવક, ખર્ચ, બચત, દેવું.

૪. ગામાજિક સંગઠન :

કુટુંબ - સભ્ય સંખ્યા, કુટુંબના સભ્યોના અંદરોઅંદરના અને અન્ય જાતિ સાથેના બહારના સમુદાયો સાથેના સંબંધો જાતિપંચ - કાર્યો.

૫. સામાજિક રીતરિવાજો :

જન્મ - છઠ્ઠીની વિધિ, નામકરણવિધિ, સગાઇ લગ્ન, લગ્નના સંબંધો ક્યા ક્યા ગામમાં છે તે લગ્ન સ્થળ, લગ્ન વિધિ, સગાઇ સંબંધો અને વ્યવહાર.

૬. ધાર્મિક જીવન :

ધર્મ ભાવના, ધાર્મિક જીવન - આર્થિક પાસુ, ભૂત-પ્રેત માન્યતા, ભગતનુ સ્થાન, કુળદેવી, મેળા અને દેવ-દેવીઓનું મહત્વ, હાટ અને મેળાઓ.

૭. મૂલ્યાંકન અભ્યાસ :

યોજનાઓ વિષેનો ખ્યાલ - ઉદ્દેશો.
કેટલા કુટુંબોને આવરી લેવાયા, કોટવાળિયાઓ માટેની યોજનાથી થયેલા લાભ, યોજનાના અમલ પછી થયેલી કામગીરી.
પર્ચ - વિકાસ યોજના નીચે આવરી લેવાયેલ કુટુંબોને ખરેખર શું લાભ થયો છે, યોજનાની સફળતા થઇ - યોજનામાં શું ખૂટે છે.

૮. ઉપસંહાર :

સૂચનો, ભાવિ આયોજન માટે યાદ રાખવા જેવા મુદ્દાઓ.

...૬.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ : વિસ્તાર અને વસતિ :

ગુજરાત રાજ્યના જુદા જુદા આઠ જિલ્લાઓમાં કુલ ૩૯ સ્થળોએ કોટવાળિયા જાતિની વસતિ આવેલી છે. તેમની કુલ વસતિ ૧૯૭૧ પ્રમાણે ૧૨૯૦૨ ની છે. કોટવાળિયા જાતિને બરોડિયા, વિટોળિયા કે વાંસફોડા પણ કહેવામાં આવે છે. આ જાતિની ઉત્પત્તિ વિષે ઘણા મતભેદો જોવા મળે છે.

આપણા મહાકાવ્યોમાં આપેલ ઉલ્લેખ પ્રમાણે આસુર જાતિના માણસો માથાના વાળ ઘણા લાંબા રાખતા, એવું પણ આ જાતિમાં જોવા મળે છે. આ પ્રજા મૂળ કયા વંશની છે, કયાંથી આવીને ગુજરાતમાં વસવાટ કર્યો તે અંગે કોઇ ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ તેમની ભાષા, રહેણીકરણી, સ્વભાવ ઉપરથી અનુમાન બાંધી શકાય કે જયારે દ્રાવિડો ભારતમાં આવ્યાં તે પહેલાનાં અહીં સ્થાયી થયા હશે. એમ કહેવાય છે કે રાજા-મહારાજાઓના વખતમાં રાજ્યના રક્ષણાર્થે કોટવાળને રાખતા તેથી પ્રાચીન ગ્રામ-વિસ્તારોમાં ખબર કે આમંત્રણ આપી શકાય. તેના પરથી આ કોટવાળિયા તેમના વંશજો હશે. કેટલીક દંતકથાઓ પ્રમાણે આ જાતિ એ મૂળ ગામીતમાંથી ઉતરી આવી હોય તેમ માનવામાં આવે છે. ગામીત જાતિના આભૂષણો અને કેટલીક સ્વભાવગત ટેવોનું અને રિવાજો આ બંને જાતિમાં સામ્ય જોવા મળે છે.

ભૌતિક જીવન :

કોટવાળિયા જાતિ મોટે ભાગે ગ્રામ વિસ્તારમાં વસવાટ કરે છે. એટલે તેમની અર્થવ્યવસ્થાને સમજવા માટે તેમની ભૌતિક સંસ્કૃતિનો અભ્યાસ કરવો જરૂરી છે. કારણ કે તેની અસરો તેમના જીવનનિર્વાહ ઉપર ઘેરી હોય છે. આ લોકો વાંસકામ ઉપર જ નભે છે અને ઓછામાં ઓછી જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ ધરાવે છે.

ઘર :

તપાસમાં લીધેલા ૮૦ કુટુંબોમાંથી ક્ષેત્રકાર્ય દરમ્યાન સંપર્ક કરેલા. આ કુટુંબોમાંથી ૫૦ કુટુંબો સરકારી વસાહતમાં વાંસની દિવાલ અને વિલાયતી નળિયાવાળાં મકાન ધરાવે છે. જ્યારે ૩૦ કુટુંબો છાજવાળાં કાચા મકાનમાં વસે છે. આ કુલ ઘરોમાંથી ૫૨ ઘરો બે ઓરડાવાળા અને ૨૮ ઘરો એક ઓરડો ધરાવે છે. ઘરોની જમીન સરકારી અને ગાવકણની છે. દરેક ઘરનું ક્ષેત્રફળ સરેરાશ ૧૫' x ૧૨' નું જોવા મળે છે. જેમાં સરેરાશ ૫ થી ૬ સભ્યો રહે છે.

ઘરવખરી :

આ લોકોની આર્થિક સ્થિતિ સારી નથી. સખત પરિશ્રમ કરે છે અને સારા પૈસા મેળવે છે. છતાં દારૂની બદીને લીધે ઘરવખરીની ચીજો નહિવત જોવા મળે છે. એલ્યુમિનિયમના, પિત્તળના, માટીના એમને ત્યાં હોય છે. સ્ટીલનાં વાસણ કદાચ જ જોવા મળે છે. મુખ્ય ખોરાક જુવાર અને ચોખા છે. ઘણીવાર ભડકું અને ઢીંચણું બનાવીને ખાય છે. પેટ ભરીને ખાવાનું મળતું જ હશે.

ઘરેણામાં ખૂટકી, દોન્ના, કંદોરો, વીંટી પુરૂષો પહેરે છે. સ્ત્રીઓ - ચાંદીની ગાંઠી, જૂના સિક્કાનો હાર, સફેદ છીપલાની માળા, પિત્તળ જસતની બંગડીઓ, નથની, વેઢનાં અને કાંસાના કલ્લાં પહેરે છે.

પહેરવેશમાં પુરૂષો ખમીસ, કોડિયું, ધોતીયું અને ડગલો તેમજ માથે ફાળિયું પહેરે છે. સ્ત્રીઓ કછોટોવાળીને પહેરણ પહેરે છે. ચોળી-લુગડું અને સાડલો પણ પહેરે છે. કોટવાળિયા બાળકો ચડ્ડી, લંગોટી અને નાનું ઝભલું પહેરે છે.

આ લોકો દારૂ ખૂબજ પીએ છે. આ ઉપરાંત બીડીનું વ્યસન પણ તેમનામાં ભારોભાર છે. સ્ત્રીઓ, પુરૂષો અને નાના બાળકો

પણ વ્યસની હોય છે. દારૂ એ એમના જીવનનો સાચો માર્ગદર્શક હોય તેમ માનતા હોય છે.

નૃત્ય-ગીતો તેમના જીવનનું એક સબળ પાસુ ગણાય છે. તેમનું સંગીત તેમના ગીતો અને વાજીંત્રોમાં સમાયેલું છે; ગીતોમાં માધુર્ય હોય છે, કંઠ મીઠો છે, નૃત્યો તાલબધ્ધ હોય છે. વાંસની પીપુડી અને ડોલરૂ તેમજ ઢોલ મુખ્ય વાજીંત્રો છે. સામાજિક પ્રસંગો - તહેવારોએ તેમજ ધાર્મિક પ્રસંગોમાં ખાસ નૃત્ય ગોઠવે છે. જે તેમનું આનંદ પ્રમોદનું સાધન છે.

આર્થિક જીવન :

કોટવાળિયા લોકોનો મુખ્ય વ્યવસાય વાંસકામ છે. આ ઉપરાંત છૂટક મજૂરી પણ કરે છે. વાંસકામમાં પુરૂષ-સ્ત્રી અને બાળકો રોકાયેલા રહે છે. છેલ્લા પાંચ વર્ષથી કોટવાળિયા યોજનામાં આ લોકો સારૂ મહેનતાણું મેળવતા થયા છે. અને ઘરબારણે સારી સુવિધાઓ મેળવે છે.

કુટુંબમાં મહદઅંશે બે થી ત્રણ વ્યકિત કમાનાર હોય છે. તેઓ ચોમાસામાં છૂટક મજૂરી અર્થે પણ જાય છે. ખર્ચમાં મોટેભાગે નિભાવ ખર્ચ વધુ હોય છે. બાકી સામાજિક, ધાર્મિક પ્રસંગોએ પણ થોડો ઘણો ખર્ચ કરતા થયા છે. તેમના જીવનમાં બચત ભાગ્યે જ જોવા મળે છે. હાલમાં કોટવાળિયા યોજનામાં તેમને ચૂકવાતા મહેનતાણા- માંથી રૂા.૧૦/- લેખે બચત પેટે કાપી લેવામાં આવે છે. તે જ તેમની બચત ગણાવી શકાય. આ લોકોમાં શિક્ષણના અભાવે આર્થિક જીવન અસ્ત-વ્યસ્ત છે. દેવું કોઇપણ કુટુંબને નથી. સ્વભાવિક જ છે કે દેવું કરવા માટે તેની સામે અસ્કયામત જરૂરી છે, પરંતુ જયાં રહેવાનું ખોરડું પારકું છે ત્યાં દેવું તો કરી શકે જ નહીં અને આપેય કોણ? એ એક સવાલ છે.

આર્થિક જીવનનો વિગતવાર ખ્યાલ આવક-ખર્ચના કોઠાઓ સાથે અહેવાલમાં આપવામાં આવ્યો છે.

...૯.

સામાજિક જીવન અને સંગઠન :

કુટુંબ :

કોટવાળિયાઓમાં પિતૃવંશીય, પિતૃસ્થાનીય કુટુંબ વ્યવસ્થા જોવામાં મળે છે. પિતાની ઘરની જવાબદારી અને ફરજો મહત્વની જોવા મળે છે; વડીલ તરીકે તેનું મહત્વ વધારે હોય છે. ઘરના દરેક સભ્યો તેના કહ્યામાં રહે છે. માતા સામાજિક સંબંધો, લગ્ન, જન્મ અને ધાર્મિક પ્રસંગોએ મહત્વનો ભાગ ભજવે છે.

આ લોકો પોતાની જાતિમાં જ લગ્ન કરે છે. મામા-ફોઇના સંતાનો સાથે પણ લગ્ન થઇ શકે છે. એક સ્થળે અને ગામમાં જ લગ્ન સંબંધો વધુ જોવા મળે છે. જ્યાં જ્યાં કોટવાળિયાઓની વસ્તી છે ત્યાં તેટલા ગામોમાં સામાજિક સંબંધો ધરાવે છે. અંદરોઅંદર સાથ સહકાર સારો હોય છે.

કુટુંબમાં અન્ય જાતિના સાથેના સંબંધો સારા જોવા મળે છે. અન્ય જાતિઓની જેમ તેમનું જાતિપંચ પણ જોવા મળે છે. પણ તેનું કોઇ સ્પષ્ટ સ્વરૂપ નથી. જાતિપંચ તેમના સામાજિક વ્યવહારોનું નિયમન અને સામાજિક વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરે છે. આ ઉપરાંત લગ્ન, મૃત્યુ, છૂટાછેડાના પ્રશ્નોનું પણ નિરાકરણ કરે છે.

સામાજિક રીતરિવાજો :

રજસ્વલા સ્ત્રીને છેટી બેઠી એવા નામે ઓળખે છે. આ સ્ત્રી સામાન્ય રીતે આ વખતે ઘરનું રસોઇનું કામ કરતી નથી.

જન્મ :

જન્મ વિધિ ઘેર જ કરાવવામાં આવે છે. અનુભવી બાઇને બોલાવવામાં આવે છે. જેને "હુહવારણ ડોહની" કહેવામાં આવે છે. હુહવારણ પ્રસવ થઇ ગયા પછી બે-ત્રણ દિવસ સુધી આવતી રહે છે. તેને ખાવા-પીવાનું અને અન્ય વસ્તુ આપવી પડે છે. પ્રસુતાને ઢીલો ભાત/કાંજી પાંચ-છ દિવસ સુધી આપવામાં આવે છે.

આ જાતિ ગરીબ હોવાથી આ સમયે પણ ઠીક ઠીક કામ કરવું પડતું હોય છે. જન્મ બાદ છઠ્ઠા દિવસે છઠ્ઠીની વિધિ કરાવે છે. સાથે સાથે નામકરણની વિધિ કરવામાં આવે છે. આની ઉંડાણ ભરી ચર્ચા નિબંધમાં કરવામાં આવી છે.

લગ્ન :

સગાઇની શરૂઆત છોકરા પક્ષથી કરવામાં આવે છે. અને સગાઇની વિધિ છોકરી પક્ષને ત્યાં થાય છે. ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરે સગાઇ વડીલો દ્વારા કરવામાં આવે છે. તેમાં છોકરા-છોકરીની સંમતિ પણ જોવામાં આવે છે. પહેલાં ઘર જોવા જાય છે પછી વેવિશાળ નક્કી થયા પછી લગ્નનું ગોઠવે છે. તેમાં ઓછા ખર્ચે પતાવટ થાય છે. લગ્ન વિધિ વડીલો કરાવે છે. લગ્નમાં આ લોકોની "રૂપિયા આપવા" અથવા ઘર જોવા જવુની વિધિ અટપટી છે. આ બધાનું વિગતે આલેખન અહેવાલમાં કરેલ છે.

મૃત્યુ :

મૃત્યુ વિધિમાં અન્ય આદિવાસી જાતિ અને હિંદુ સમાજને મળતી આવે છે. પરંતુ મૃત્યુની બધી વિધિ પૂર્ણ થયા પછી ખતરૂ બેસાડવાની વિધિ ખાસ જોવા મળે છે. મરણ પાછળ સ્થિતિ પ્રમાણે ખર્ચ કરાય છે. આઠ-દસ દિવસ પછી દહાડો પણ કરે છે. મૃત્યુ પછી ખતરાની પૂજા પણ કરાય છે.

સામાજિક રીતરિવાજોમાં કોટવાળિયા જાતિની જન્મથી માંડીને છઠ્ઠીની વિધિ, નામકરણ, લગ્ન, સગાઇ, ઘર જોવા જવું દરેક વિગતની અહેવાલમાં ઉંડાણથી ચર્ચા કરી છે.

ધાર્મિક જીવન :

"કોટવાળિયા" હિંદુ ધર્મ પાળે છે. હિંદુ ધર્મના દેવદેવીઓની પૂજાવિધિ કરે છે. તેમની કુળદેવીમાં "ભવાની અને "ચાપડ" દેવીને વધારે મહત્વ આપે છે. તેઓ વર્ષમાં એકવાર બધા કોટવાળિયા "ભાદાયાન" સુધી રહોનો તહેવાર ઉજવે છે. એટલે કે વર્ષમાં જ્યારે

પણ વ્યવસ્થા થાય ત્યારે ગોવાળદેવની પૂજાવિધિ કરી આ તહેવાર ઉજવે છે. આ વખતે દારૂ-માસનો વધુ ઉપયોગ કરે છે. હિમારીયા દેવ જે ગામનું રક્ષણ કરે છે તેને વધુ માને છે. આ ઉપરાંત ભગત-ભૂવાનું આજે પણ મહત્વ છે. ભોગ-બલિ પણ આપે છે. હિંદુ ધર્મની અસર જોવા મળે છે. કોટવાળિયાઓનું સમગ્ર જીવન ધાર્મિક પાસા સાથે વણાયેલું છે. આ ઉપરાંત ઉત્સવોમાં હોળી, ભાદાથાન સુખી રહો, દિવાળી વગેરે ઉત્સવો ઉજવે છે. જે વિસ્તારથી અહેવાલમાં દર્શાવ્યા છે. અર્થ વ્યવસ્થા અને ધર્મનો સબંધ પણ બતાવ્યા છે.

કોટવાળિયા યોજનાઓનું મૂલ્યાંકન :

આદિવાસીઓના કલ્યાણ અર્થે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં વનવિકાસ નિગમની સ્થાપના સને ૧૯૭૬ ના ઓગષ્ટમાં કરવામાં આવી. તેમાં વનવાસીઓને પાણી માટેની, ઘરગથ્થુ કે ખેતી વિષયક ઉપયોગ માટે પથ્થર અને માટીની, ઘાસ અને પાંદડાની, વિના મૂલ્યે ઘર માટે લાકડું અને વાંસ પૂરા પાડવાની સવલતો તથા કૂપોમાંના ઉત્પાદનમાંથી ૧૦ ટકા સુધીનું ઇમારતી લાકડું નવા મકાન માટે અથવા બજાર ભાવના ૪૦ ટકા રાહત દરથી સવલતો અપાય છે. તેમાંય કોટવાળિયા માટે રાહત દરે વાંસ આપવાની સવલત, ઘેર બેઠા વાંસ નજીવા દરે પહોંચાડવા, વાંસમાંથી તૈયાર થયેલી વસ્તુઓની ખરીદી અને તેનું યોગ્ય વળતર મળી રહે તે જોવામાં આવે છે. કોટવાળિયા માટે ૧૯૭૭ ના વર્ષથી સ્પેશ્યલ યોજના ઘડી કાઢીને તેમના ઉત્કર્ષ માટે અને સ્વાવલંબન પ્રાપ્ત કરે તે માટેની વિધિ યોજનાઓ અમલમાં મૂકી છે. જેની સવિસ્તાર નોંધ અહેવાલમાં મૂકી છે.

ઉદ્દેશો :

(૧) આ નિગમની સ્થાપના થતાં પહેલાં આપણી આ દીન-દીન અને અબૂધ આદિવાસી પ્રજા કે જેનું જીવન કેવળ વનમાંથી ઉપલબ્ધ થતી ચીજ-વસ્તુઓ ઉપર જ નિર્ભર છે, તેમના અજ્ઞાનનો ગેરલાભ કેટલાક ઇજારદારો લેતા. આદિવાસીઓની ગૌણ વન પેદાશો

ખરીદતા તેમાં તોલ-માપ અને નાણાંની ચૂકવણીમાં ગેરરીતિઓ આચરતા; વળી મજૂરીના બદલામાં રોકડ રકમને બદલે સસ્તી ચીજવસ્તુઓનો વિનિમય કરતા. આથી ઉપરની હકીકત નજર સમક્ષ રાખી ઇજારા પધ્ધતિ અને શોષણ નાબૂદ કરવા સક્રિય પગલાં લેવા માંડયાં.

(૨) તેમની આર્થિક ઉન્નતિ માટે પ્રક્રિયા, પૃથ્થકરણ તેમજ ગૌણ વન પેદાશો આધારિત ઉદ્યોગો, વાંસ ઉદ્યોગ તેમજ વનીલ ઉદ્યોગાની સ્થાપના કરી તેમને શોષણ મુક્ત કરવા.

(૩) યોગ્ય વિકાસ અને સંશોધન દ્વારા રોજગારીની તકો વધારવી;

(૪) ગૌણ વન ઉપજોની વૈજ્ઞાનિક ગુણવત્તા સુધારવા તથા પ્રક્રિયા કરવા પ્રશિક્ષણ કેન્દ્રો ઉભા કરી તાલિમ આપવી.

(૫) આદિવાસીઓ સ્વાવલંબી બને અને વધુ ને વધુ લાભો મેળવતા થાય તે મુખ્ય ધ્યેય છે.

ફલસ્વરૂપે :

(૧) વાંસમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવી નાના કુટિર ઉદ્યોગની શરૂઆત વધઇ મુકામે થઇ છે.

(૨) કોટવાળિયાઓને ૧૦૦૦ નંગ વાંસ ઘર બેઠા પૂરા પાડવામાં આવે છે; આ પહેલાં કુટુંબદીઠ માસિક ૭૫ વાંસ પૂરા પાડવામાં આવતા હતા. તેમાં વધારો કરાયો છે.

(૩) કોટવાળિયા જાતિ માટે ન્યુકલીઅસ બજેટમાંથી ધંધા માટેનાં દાતરડું, છરો, કુહાડી અને કોદાળી દરેક કુટુંબને આપવામાં આવ્યા છે.

(૪) વનિલ ઉદ્યોગની સ્થાપના થવાથી વાંસ કામદારોની કલાનુ મહત્વ વધશે. તેમનામાં કંઇક નવું કરવાની તમન્ના જાગી છે.

(૫) પ્રશિક્ષણ દ્વારા તાલીમ અપાય છે. કોટવાળિયાઓની સાથે સાથે અન્ય આદિવાસી કુટુંબોને પણ વાંસકામની તાલીમ અપાય છે.

(૬) યોજનામાં આવરી લેવાયેલા ડાંગ અને સોનગઢના દરેક કુટુંબોને સરકારી વસાહતની સુવિધા આપવામાં આવી છે.

(૭) તૈયાર થયેલી ચીજોના વેચાણ માટે પ્રદર્શનોની ગોઠવણી ઉભી કરવામાં આવી છે. જે ટૂંક સમયમાં શહેરી વિસ્તારને આવરી લઈ વેચાણની વ્યવસ્થા અંગે વિચારાઇ રહ્યુ છે.

(૮) સંશોધન અને વિકાસ કાર્યક્રમો દ્વારા વધુ ઉંડાણથી કામગીરી ચાલુ છે.

(૯) કોટવાળિયા બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી બાલમંદિરો દરેક વસાહતમાં ચલાવવામાં આવે છે; તદ્ઉપરાંત કોટવાળિયા માટે છાત્રાલય સાથે શિક્ષણની વ્યવસ્થા ગોઠવાઇ છે. શિક્ષણ ક્ષેત્રે સારી સુવિધા પ્રાપ્ત થઇ છે.

(૧૦) આ યોજનાથી ખરેખર તેમની આવક વધી છે. પરંતુ વધેલી આવકનો ઉપયોગ હેતુસર આવે તે રીતે થતો નથી.

યોજનાની ત્રુટિઓ :

(૧) યોજનાનુ વખતસર અમલીકરણ થયું હોય તેવું જણાતુ નથી.

(૨) જે કાર્યક્રમો અમલમાં મૂકયા છે તેની સાથેનો સામાજિક-આર્થિક વિસ્તરણ થવું જોઇએ તે દેખાતુ નથી.

(૩) યોજનાનુ સતત નિરીક્ષણની કામગીરી અને વખતો-વખતનુ મૂલ્યાંકન થવું જોઇએ. તેમાં યોજનાને આગળ ધપાવવા માટે જે થવું જોઇએ તે મંદ ગતિએ થાય છે તેવું લાગે છે.

(૪) કોટવાળિયા વસાહત અને તેની ઉપર જે લક્ષ્ય રાખવું જોઇએ તે પ્રમાણે ખૂબજ ઓછુ થાય છે.

(૫) કોટવાળિયા યોજના કડક નિયંત્રણમાં ચાલતી હોય અને કોટવાળિયાઓને સ્વતંત્રતા ઓછી હોય એવો કંઇક આભાસ ઉત્પન્ન થાય છે.

(૬) કોટવાળિયા સમાજના વધુ અને ત્વરિત વિકાસ માટે બે વાત થવી જરૂરી છે. (અ) એમનો વ્યવસાયિક વૈવિધ્યકરણ અને (બ) કેટલા કુટુંબોમાં મૂડીકરણ. આ બંનેનો અભાવ જણાય છે.

આ અંગે વિગતે ચર્ચા અહેવાલમાં કરી છે.

## ઉપસંહાર અને આયોજન :

આ જૂથ શરૂથી જ આર્થિક સ્થિતિએ કંગાળ રહી ગયું છે. વળી અમુક સામાજિક બદીઓ પણ જોવા મળે છે. જેના ઉપાયો અંગે અને આર્થિક સધ્ધરતા માટે વિકાસ કઇ રીતે થઇ શકે તે માટે તેમના બુજર્ગ વર્ગ અને યુવાન મિત્રોએ જે વિકાસ માટેના સૂચનો બતાવ્યા છે તેની ચર્ચા કરેલી છે. સાથોસાથ મારા અવલોકન દરમ્યાન મને જે તેઓની મુશ્કેલીઓ પ્રથમ દૃષ્ટિએ તરી આવી તે, અને તેને માટે શું કરી શકાય, ભવિષ્ય માટે શું થઇ શકે તે માટે એક વિકાસલક્ષી આયોજન પણ આપ્યું છે. જેની વિગતવાર નોંધ અહેવાલમાં કરી છે.

o-o-o-o-o-o-o-o

# ગુજરાતના સેનમા

(એક અનુસૂચિત જાતિનો વિકાસલક્ષી સમાજશાસ્ત્રીય અભ્યાસ)

અહેવાલ લેખન : કાન્તિલાલ ડા.મકવાણા
સારદોહન : કાન્તિલાલ ડા. મકવાણા

## પ્રાસ્તાવિક :

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ગુજરાત રાજ્ય, સમાજ કલ્યાણ ખાતા દ્વારા અગભૂત યોજનામાં ગુજરાતના હરિજનોના સર્વેક્ષણનું કામ સોપાયું. અગભૂત યોજનાની કામગીરી કરતા કરતા એમ લાગ્યું કે હરિજનોમાં પણ એવી કેટલીક પેટા-જાતિઓ છે જે વિશિષ્ટ અને આગવી પ્રતિભા ધરાવે છે અને કેટલીકની ખાસ સમસ્યાઓ છે, કેટલીક ખૂબજ પછાત છે. તેવી જાતિઓનો સવાંગી અભ્યાસ કરવો જરૂરી છે, જેથી તેમના વિષે વિકાસની યોજના સૂચવી શકાય. આ અભ્યાસ માટે કેન્દ્ર દ્વારા બે જાતિઓ પસંદ કરવામાં આવી "સેનમા" અને "તૂરી". આમ આ જાતિઓની તપાસનું કામ આરંભાયું.

"સેનમા" જાતિની તપાસ કરતા ઘણી બધી આપણાથી અજાણ હોય તેવી વિગતો જાણવા મળી છે. જે આ અહેવાલમાં સામેલ છે. આ જાતિના મહત્વના પાસાઓ જેવા કે આર્થિક - સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક વગેરે જાણીને તેના આધારે તેઓનો વિકાસ કઇ રીતે થઇ શકે તે અંગેના તેઓ દ્વારા, સંશોધકો તથા પ્રશાસકો દ્વારા રજૂ થયેલા સૂચનો આ અહેવાલમાં સામેલ કર્યા છે.

ગુજરાતના સેનમાઓના મહત્વના પાસાઓની સંક્ષિપ્તમાં રજૂઆત આ પ્રમાણે છે.

## વસતિ, વિસ્તાર અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસતિ ૧૮૨૫૪૩૨ ની છે. સેનમા જાતિનો સમાવેશ અનુસૂચિત જાતિમાં થયેલો છે. તેઓની રાજ્યમાં કુલ વસ્તી ૩૭૮૦૩ ની છે. ગુજરાતના ચાર જિલ્લાઓ

... ૨.

કચ્છ, અમરેલી, ડાંગ અને વલસાડ સિવાય જિલ્લાઓમાં તેઓ પથરાયેલા જોવા મળે છે. ભરૂચ, વડોદરા, ભાવનગર, સુરત અને જૂનાગઢમાં નહિવત છે. તેમની સૌથી વધુ વસતિ અનુક્રમે અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં આવેલી છે.

સેનમા જાતિની તપાસ માટે કુલ ૧૦૦ કુટુંબનો અભ્યાસ કરવા માટે વિરમગામ તાલુકાના વાસવા અને વણીગામ પસંદ કરવામાં આવ્યાં હતાં. વાસવા ગામમાંથી ૭૫ કુટુંબો અને વણીગામમાંથી ૨૫ કુટુંબો એમ કુલ ૧૦૦ કુટુંબો અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. આ કુટુંબો પરના તારણો અહેવાલમાં આપ્યાં છે.

**ઉત્પત્તિ અને ઇતિહાસ :**

ભંગી અને નાડિયાથી ઉંચી તથા અન્ય હરિજન કોમોથી નીચી મનાતી આ કોમ મૂળ ઉત્તર ગુજરાતના વતની છે. આજે પણ તેઓનો કેટલોક વ્યવહાર પાલનપુર વિભાગમાં વસતા સેનમા લોકો સાથે જળવાયેલો છે.

સેનમા જાતિની ઉત્પત્તિ અંગે કોઇ આધારભૂત ચોકકસ માહિતી મળતી નથી. તેઓને પૂછતાં મૌન સેવે છે અથવા "ખબર નથી" એમ કહે છે. જ્યારે અન્ય જાતિના સદસ્યોને પૂછતાં સેનમા જાતિની ઉત્પત્તિ અંગે કહ્યું કે "બાપ ગરાસિયા અથવા કોળી પટેલ અને મા ભંગી આ બંને આંતરજ્ઞાતિય લગ્નથી જોડાયા. ગામે તેઓનો બહિષ્કાર કર્યો તેથી તેઓ સીમમાં વસ્યા. તેઓની જે પ્રજા થઇ તે "સીમમાં" નું અપભ્રંશ "સીનમા", "સેનમા" થા. સેનવા થયું હશે એમ કલ્પી શકાય. ગામને તેમની સેવાની જરૂર જણાતા સીમમાંથી બોલાવીને હરિજનો પાસે વસાવ્યા. આજે પણ તેઓનો વાસ હરિજન વાસ પછી આવે છે.

**ભૌતિક સંસ્કૃતિ :**

સેનમા જાતિના રહેણાકના ઘરો મોટાભાગે કાચા, માટીની દિવાલ અને દેશી નળિયાની છાજવાળા જોવા મળે છે.

...3.

ઓસરી અને ઓરડાવાળા આ મકાનમાં ન્હાવા ધોવાની કોઇ સગવડતા હોતી નથી. નાના એવા આ ઘરમાં સભ્ય સંખ્યા વધુ હોવાથી રહેવાનો પ્રશ્ન તેમનો સળગતો પ્રશ્ન છે.

ઘરવખરીના સાધનોમાં માડ પોતાની જરૂરિયાતને સંતોષી શકે તેટલા ટાચા હોય છે, એટલે એકસાથે તેઓ જમવા બેસી શકતા નથી કારણ કે સભ્ય સંખ્યા પ્રમાણે થાળી, ગ્લાસ અને કપ-રકાબીની સંખ્યા પૂરતી હોતી નથી.

સૈનમા પુરૂષનો દેખાવ અન્ય પછાત જાતિઓથી એ રીતે વિખૂટો પડે છે કે તેઓ ઘઉવર્ણ અને શ્યામ વર્ણના હોય છે. શરીર હુષ્ટપુષ્ટ અને કસાયેલુ હોય છે. મૂછો ભરાવદાર રાખે છે, બાહ્ય દેખાવે શૂરવીરની છાપ ઉભી કરે છે. તેઓનો પોષાક હાથવણાટથી તૈયાર કરેલ જાડા કપડાનો બનેલો હોય છે. કેડથી નીચેના ભાગે જાડી પછેડી પહેરે છે. શરીરના ઉપરના ભાગમાં આખી બાયના સફેદ તથા રંગીન પહેરણ પહેરે છે. જેમાં કોઇ કોઇ ચાંદીના તથા પ્લાસ્ટીકના બટન પહેરે છે. માથે સફેદ ફાળિયુ પહેરે છે.

સૈનમા સ્ત્રીઓ ગૌર વર્ણી, ઘઉવર્ણી તથા ભીનેવાન જોવા મળે છે. શરીર હુષ્ટપુષ્ટ કહી શકાય તેવુ હોતુ નથી. મધ્યમ કક્ષાનુ અથવા દૂબળુ હોય છે. માથે અંબોડો વાળે છે. કપાળમાં કુમકુમનો ચાંદલો અને સેંથામાં સિંદૂર પૂરે છે. સ્ત્રીઓ પહેરવેશમાં પૂરા હાથનો આખો સાડલો પહેરે છે. સાડલો ભડક અને મિશ્રતરંગી હોય છે. ચોળીની જગ્યાએ જાડુ કપડુ ચોળી પહેરે છે. તેઓ પ થી ૬ મીટરના ઘેરવાળો રંગીન ઘાઘરો પહેરે છે. જે લાલ, પીળો કે ભૂરા રંગનો હોય છે. સૈનમા જાતિમાં ચાંદી-રૂપાના ઘરેણાનો ઉપયોગ વધુ જોવા મળે છે.

ખોરાકમાં સવારે લુખ્ખી ચા પીએ છે, બપોરે શાક-રોટલો, છાસ-રોટલો, ડુંગળી-રોટલો કે દાળ-રોટલો ખાય છે અને સાંજે મગની દાળ મિશ્રિત ખીચડી અને તેલ ખાય છે યા જુવારની રાબ પીને પણ ચલાવી લે છે. માંસાહાર નિષિધ્ધ નથી. તેઓમાં દારૂનુ વ્યસન બિલકુલ જોવા મળતુ નથી.

શિક્ષણ :

સેનમા જાતિમાં શિક્ષણની તદ્દન કંગાળ સ્થિતિ જોવા મળે છે જેમકે કુલ વસ્તીના ૮૩ ટકા અભણ છે. જયારે ૨૭ ટકા ભણેલા છે. તેમાં પણ ૧૩.૧ ટકાનો અભ્યાસ ચાલુ છે અને ૩.૯ ટકા માત્ર અક્ષરજ્ઞાન જ ધરાવે છે.

સેનમા સ્ત્રીઓમાં ૯૨.૭ ટકા સ્ત્રીઓ અભણ છે, ૧.૭ ટકા શિક્ષણ મેળવેલ છે જયારે ૫.૧૬ ટકા સ્ત્રીઓનો અભ્યાસ ચાલુ છે.

આર્થિક જીવન :

સેનમા પુરૂષો ખેતમજૂરીનું કામ કરતા હોવાથી ખેતીનું તમામ કામ કરે છે. આ ઉપરાંત ઘેર આવીને દાભડો વણે છે, ઢોર હોય તો તેની માવજત કરે છે, બાળકને રમાડે વગેરે કામો ઉપરાંત સામાજિક પ્રસંગોમાં હાજરી આપે છે, મહેમાનની આગતાસ્વાગતામાં અગ્રેસર હોય છે.

સેનમા સ્ત્રીઓ અનેકવિધ કામો કરવામાં પુરૂષથી પણ આગળ નીકળી જાય છે. છાણવાસીદુ કરવું, પાણી ભરવા જવું, ચા મૂકવી, વાસણો સાફ કરવા, રાંધવું, અનાજ સાફ કરવું, દળવું, છૂટક - મજૂરીએ દાડીએ જવું, ઘેર આવી રસોઇ કરવી, ઘાસમાંથી ઈંઢોણી વગેરે બનાવવી વગેરે અનેકવિધ પ્રવૃત્તિમાં રત રહે છે.

તપાસેલ કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૪૭.૨ ટકા પુરૂષો કમાતા હતા. જયારે કમાતી સ્ત્રીઓ ૫૨.૮ ટકા હતી એટલે કે નહિ કમાનાર વ્યકિતઓમાં પુરૂષોની સંખ્યા વધુ જોવા મળે છે.

જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ :

(૧) ખેતી
(૨) ખેતમજૂર કે છૂટક મજૂર
(૩) દાભડાના ઘાસમાંથી દોરડાં, ઈંઢોણી અને સોથીયા બનાવીને.
(૪) કાલા ફોલવાની મજૂરી
(૫) ઢોલ વગાડવાનું કામ કરવું
(૬) હજામત કરવી.

... ૫.

આવક :

સેનમાઓની આવક માટેના સ્ત્રોતો જોઇએ તો ઘણા છે. પરંતુ જેટલી આવક મહેનતના પ્રમાણમાં મળવી જોઇએ તેટલી મળતી નથી. પરિણામે તેઓની સ્થિતિ કંગાળ રહે છે. તેમાં પણ કેટલાય કુટુંબો તો ગરીબી રેખાની નીચે જીવન વ્યતીત કરતા જોવા મળે છે.

ખર્ચ :

સેનમાઓ જીવનનિર્વાહ માટે અનાજથી માંડીને કપડાં, પગરખાં, મુસાફરી, દવાદારૂ, સામાજિક અને ધાર્મિક બાબતોમાં ખર્ચ કરતા જોવા મળયાં હતાં. તેઓની સાથે ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું હતું કે લગ્નમાં, ધાર્મિક પ્રસંગોમાં, મામેરામાં અને બારમામાં તો તેઓ દેવું કરીને પણ ખર્ચ કરે છે. સામાન્યત: તેઓનો ખર્ચ આવક કરતા વધુ છે.

દેવું :

તપાસમાં લીધેલ કુલ ૧૦૦ કુટુંબોમાંથી ૮૪ કુટુંબો દેવાદાર હતાં. જયારે ૧૬ કુટુંબો જ દેવા વિનાના જોવા મળયાં હતાં. વ્યકિતદીઠ રૂપિયા ૨ હજારથી માંડીને ૨૫ હજાર સુધીનું દેવું તેઓમાં જોવા મળ્યું હતું. આ દેવું ગામના દુકાનદારનું થા દરબારનું અથવા સગાવ્હાલાનું હોય છે. સમયસર પૈસા ચૂકતે ન કરી શકવાને કારણે વ્યાજનું વ્યાજ ચઢતું જાય છે અને તેઓ વધુને વધુ દેવામાં ડૂબતા જાય છે.

સામાજિક રીતરિવાજ :

સેનમા જાતિમાં રજસ્વલા સ્ત્રીને "માસિક આવ્યાં" એમ કહેવાય છે. સેનમા જાતિમાં કયા કામ થાય અને કયા ન થાય તે અંગે કોઇ ચોકકસ નિયમ પાળવામાં આવતા નથી, પરંતુ સામાન્યત: તે રાંધી શકતી નથી, પાણિયારે અડી શકતી નથી, ધાર્મિક સ્થાનોએ તે સ્પર્શ સુધ્ધાં કરી શકતી નથી. આ અંગે તેઓ કહે છે કે

... ૬.

આ બધુ પાળવુ એ નારીનો ધર્મ છે. ધર્મ પાળવા માટે પાળવુ પડે.

પ્રથમવાર ગર્ભ રહ્યાના છઠ્ઠા કે સાતમા માસે કન્યાના સાસરિયામાં "ખોળો ભરવાની વિધિ કરવામાં આવે છે. પહેલી સુવાવડ પિયર થાય છે સિવાય કે બાધા માનતા ન હોય.

જન્મ બાદ છઠ્ઠા દિવસે છોકરા કે છોકરીનુ નામ હરિજનોના બ્રાહ્મણ જુએ છે. છોકરાનુ નામ રાજા, દેવા, વાલા, જેઠા, હરિ, હીરા, કાના, રૂપા ગાડા વગેરે રાખે છે. જ્યારે છોકરીના નામો હીરી, નાથી, ગગા, જમના, કમળી, વાલી, મલુ, મુળી વગેરે રાખે છે. માનતાનુ બાળક હોય તો પૂજારો દેવલો કે બુટીયો રાખે છે.

સગાઇ :

સેનમા જાતિમા લગ્ન કરવાની ઉંમર છોકરી માટે ૧૫ થી ૧૭ વર્ષ અને છોકરા માટે ૧૮ થી ૨૦ વર્ષ ગણવામાં આવે છે. "સૌરાષ્ટ્રની પછાતકોમો" નામના પુસ્તકમાં જણાવ્યુ છે કે વિવાહ બાળપણમાં કરે છે, પરંતુ મારી તપાસ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે તેઓ નાની વયના બાળકોની સગાઇ કરતા નથી જ્યાં સુધી તે પુખ્ત ન બને.

સગાઇની વિધિ કન્યાના ઘેર હરિજન બ્રાહ્મણ દ્વારા વરપક્ષના નજીકના સગા સાથે કન્યાના ભાઇઓ, મામા, કાકા તથા વસ્તી (પંચ) ની હાજરીમાં થાય છે. આ વખતે દહેજ તથા લગ્નની તારીખ નક્કી થાય છે.

લગ્ન :

સેનમા સમાજમાં સગોત્રી લગ્નનો નિષેધ છે. તેઓ પોતાના કુળમાં કન્યા આપતા નથી કે લેતા નથી. મામા-ફુઇના સંતાનો વચ્ચે પણ સંબંધ બાંધી શકાતો નથી. બાળલગ્નનો પણ નિષેધ છે.

જાન કન્યાના ઘેર જાય તે પહેલા પાંચ દિવસ બંનેના ઘેર ગણેશ સ્થાપનની વિધિ કરવામાં આવે છે. પીઠી ભાળી અથવા

... ૭.

મા ચોળે છે. જાન જવાની હોય તેના આગળના દિવસે વરનો મામો મામેરુ ભરે છે. તે બ્હેન માટે જોડ કપડા, બેડુ અને બનેવી માટે પાઘડી આપે છે.

જાન જાય તે પહેલા વાસમા ફુલેકુ ફેરવે છે. વરરાજાનો પહેરવેશ સફેદ ધોતી, રંગીન પહેરણ, માથે સાફો પગમા નવી મોજડી અથવા બુટ પહેરે છે. વરરાજા હાથમા તલવાર અથવા ખંજર, નાળિયેર અને અત્તરથી મઘમઘતો રૂમાલ રાખે છે. જાનમા વધુમા વધુ ૪૦ જાનૈયા જઇ શકે છે. વરની સાસુ જાનનુ સામૈયુ કરે છે. માયરામા વર-વહુનો અગ્નની સાક્ષીએ હરિજનોના બ્રાહ્મણ દ્વારા હસ્તમેળાપ થાય છે. ચોરીની વિધિ પતી ગયા પછી જમવાની વ્યવસ્થા ગોઠવાય છે. જમીને કન્યાના માવતરને વર - પક્ષવાળા ૩૦૦ થી ૪૦૦ સગાઇમા જે નક્કી થયુ હોય તે પચ વચ્ચે માંડવામા ચૂકવે છે. ત્યારબાદ રામ-રામ કરીને જાન વહુને લઇને પોતાને ત્યા આવે છે. સાથે અણવર તરીકે વહુનો ભાઇ આવેલ હોય છે. જે બે-ત્રણ દિવસ પછી કન્યાને પાછો તેડી જાય છે.

છૂટાછેડા :

પતિ-પત્નીને ઝઘડા થતા હોય તો બંનેને સમજાવીને પ્રશ્ન હલ કરવામા આવે છે. સ્ત્રી વ્યભિચારી હોય તો અને કયારેક વાંઝીયાપણુ પણ છૂટાછેડાનુ કારણ બનતુ હોય છે. સગાઓને બોલાવીને સમજાવટથી બંનેને છૂટા કરવામા આવે છે. આ વખતે કોઇપણ પક્ષે આપવા લેવાનુ હોતુ નથી. એકદમ સરળતાથી છૂટાછેડા અપાતા હોવા છતા આ જ્ઞાતિમા ખૂબજ ઓછા પ્રમાણમા છૂટા-છેડાના કિસ્સા બનતા હોય છે.

મૃત્યુ :

સેનમા સમાજમા મૃત્યુ પછી ભંડારવાનો રિવાજ પ્રવર્તે છે. મરનાર પુરૂષના શરીર પર સફેદ કફન ઓઢાડવામા આવે છે. નાનુ બાળક હોય તો રાતુ કફન અને સ્ત્રી મૃત્યુ પામી હોય તો ચૂંદડી ઓઢાડે છે અને વિધવા સ્ત્રી જો રામશરણ થઇ હોય તો મફાસી રાતા રંગનુ રાજીયુ ઓઢાડવામા આવે છે.

...૮.

સ્મશાનમાં મૃતદેહ પર પાણીની અંજલિ છાંટીને હરિજન બ્રાહ્મણ મોક્ષ ગાયત્રીનો જપ કરે છે. વિધિ વિધાન કરી, ખાડામાં મીઠું નાખીને છેલ્લું દર્શન કરીને મૃતદેહ ખાડામાં ઉતારે છે. સગાવહાલાં મુઠ્ઠી મુઠ્ઠી ધૂળ લઇ ખાડામાં નાખે છે. ત્યારબાદ ખાડો પૂરી દેવામાં આવે છે. ઉંચી માટીનો ટેકરો કરી ઉપર અગરબત્તી ભરાવે છે અને ગુલાલ તથા ફૂલ ભભરાવે છે.

ત્રીજા દિવસે તરૈયો કરે છે. મૃત વ્યકિત પાછળ શકિત પ્રમાણે દાન કરવામાં આવે છે. મૃત વ્યકિતની તમામ વસ્તુઓ દાન પેટે બ્રાહ્મણને આપવામાં આવે છે.

કુટુંબના વ્યકિતનો પાળિયો મૂકવામાં આવે છે અને ભૂવો મરી જાય તો તેને પણ બેસાડવામાં આવે છે. પાળિયો ગામના પાદરમાં માતાજીના સ્થાનક પાસે મૂકવામાં આવે છે. બાર મહિને કાળીચૌદશે તેને તેલ સિંદૂર ચડાવવા જવું પડે છે.

ધાર્મિક જીવન :

હિન્દુ ધર્મ પાળતો સેનમા સમાજ મૂર્તિ પૂજામાં તથા દેવ-દેવીઓમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓમાં એવી માન્યતા પ્રવર્તે છે કે કોઇ અલૌકિક શકિત આ જગતનું સંચાલન કરે છે તેને ન ગણકારીએ તો દુ:ખી થવાય તેની પૂજા કરવી જોઇએ. આ અલૌકિક શકિત દેવદેવીઓમાં જોવા મળે છે. તેઓ વાછડાદાદા, હડચમાતા, બુટમાતા, જદુ, જય, મેલડી, ખોડીયાર વગેરે કૂળદેવીઓને માને છે.

તેઓ વરોધ નામની સામૂહિક વિધિ કરે છે. ફળિયામાં રહેતા કુટુંબો પાસેથી ફાળો ઉઘરાવીને દર ત્રીજી સાલે ચૈત્ર કે મહા મહિનામાં કરે છે. વરોધ કરવાથી માતાજીની અસીમકૃપા આપણા પર વરસે, સાજુ-માંદુ ન થાય આ વિધિ દ્વારા ભૂખ્યા દેવી-દેવતાઓને નૈવેદ્ય દ્વારા ભોજન કરાવવાનો હેતુ છે.

રામાપીરનો પાટ પણ તેઓ પોતાના ગુરૂમહારાજ પાસે કરાવે છે. તે માનતાનો કે હોંશનો હોય છે.

નવું મકાન બનાવે ત્યારે પાયો ખોદીને વિધિપૂર્વક મુહૂર્ત કરે છે. પાયો જેટલો ઉંડો તેટલી મુહૂર્તની વસ્તુઓ હોય છે. નવા મકાનમાં રહેવા જતા પહેલા પણ તેઓ ધાર્મિક વિધિઓ હરિજન બ્રાહ્મણ દ્વારા કરાવે છે.

પશુ ખરીદી પહેલા પણ મુહૂર્ત જોઇને વિધિ કરીને પશુને પોતાને ઘેર બાંધે છે. ખેતીનું કામ શરૂ કરતા પહેલા પણ કાળ - ચોઘડિયા જોઇ વિધિ કરીને કામ શરૂ કરે છે.

તહેવારો - ઉત્સવો :

સામાન્ય રીતે માતાજીના મુખ્ય તહેવારો ઉપરાંત હિન્દુ સમાજના તમામ તહેવારો સેનમાઓ પોતાની રીતે ઉજવે છે. તેઓના મુખ્ય તહેવારો ઉત્તરાયણ, શિવરાત્રી, હોળી, સાતમ-આઠમ, નવરાત્રી અને દિવાળી છે. અખાત્રીજને પણ તેઓ તહેવાર જેમજ માને છે.

સેનમાઓની સમસ્યાઓ અને વિકાસલક્ષી ઉકેલ :

(૧) તેઓમાં ખેતીનું સંપૂર્ણ જ્ઞાન છે. દરબારો અને કોળી પટેલો તેમની મજબૂરીનો લાભ ઉઠાવી થોડા પૈસા આપીને ખેતીનું તમામ કામ કરાવે છે. તેઓને સરકારશ્રી તરફથી થોડી થોડી જમીન મળે તો ગુલામીસમી આવી પ્રથામાંથી તેઓ મુક્ત થાય અને પોતાની જાતે તેઓ પગભર થઇ શકે. સાથે-સાથે ખેતીના આધુનિક સાધનો આપીને તેની તાલીમ આપી હોય તો તેઓ મહેનતના પ્રમાણમાં વધુ આવક મેળવી શકે. કેટલાક સ્થળે તેઓએ જમીન માંગી છે ત્યાં ગૌચરની જમીન છે કહીને આપતા નથી. તેઓને પડતર જમીન આપવા પણ વહીવટકારો સંમત થતા ન હોવાથી તેઓએ વલણ બદલવું પડશે. જો તેઓને ખેતી માટે જમીન મળે તો તેઓનો વિકાસ ઝડપી થાય તેમ તેઓ માને છે.

(૨) લઘુત્તમ વેતનનો દર તેઓને મળતો નથી અને કામના કલાકો નિશ્ચિત નથી. સરકારે નક્કી કરેલ વેતન મળે અને કામના

કલાકો નિશ્ચિત થાય તો ઘેર આવીને તેઓ બીજું કામ કરી શકે અને આવકમાં વધારો થઇ શકે.

(૩) કેટલાક સેનમા ભાઇઓ પાસે થોડી જમીન છે પરંતુ બળદ નથી અને સાધનો નથી પરિણામે જમીન ગીરવે મૂકવી પડે છે. જો સરકારશ્રી તરફથી ખેતીના તમામ સાધનો અને બિયારણ મળે તો મહેનતમાં અમે પાછા પડીએ તેમ નથી એમ તેઓનું કહેવું છે.

(૪) રહેઠાણનો તેમનો મૂળભૂત પ્રશ્ન છે. ઘર એક છે અને કુટુંબો વધી ગયા છે. એક કુટુંબમાં ૬ થી માંડીને ૨૦ વ્યક્તિઓ અને ત્રણથી વધુ કુટુંબો રહે છે. તેથી સંકડાશ ખૂબ પડે છે. યુધ્ધના ધોરણે ઘરથાળની જમીન મળે તો અમારી આ રહેઠાણની સળગતી સમસ્યા હલ થાય એમ તેઓએ કહયું હતું.

(૫) આ કોમ દાભડાના ઘાસમાંથી ઇંઢોણી, સોથીયા, છીંકીયા અને દોરડા-દોરડી બનાવે છે. તેમની સહકારી મંડળી રચીને વેચાણ કરવામાં આવે તો તેમને સારી એવી આવક મળે. તેઓની સહકારી મંડળી રચવા માટે પ્રયત્નો કરવા જોઇએ.

(૬) વાસવા ગામમાં સવર્ણ ભાઇઓની શેરીઓમાં અને મકાનોમાં વીજળી છે. હરિજનોને ત્યાં નથી તો તેઓને વીજળીનું જોડાણ આપવું જોઇએ જેથી મોડી રાત સુધી જાગીને ઇંઢોણી, દોરડા વગેરે બનાવી શકે.

(૭) તાલુકા પંચાયતે ૫૧ કુટુંબોને ૧૦૦૦ રૂપિયા રાહતરૂપે આપ્યા હતાં. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે આ પૈસા શાહુકારો અને જમીનદારોના ખીસ્સામાં દેવા પેટે ભરપાઇ થઇ ગયા. પરંતુ અમારા મતે રોકડ રકમ આપવાને બદલે એક દૂધાળું ઢોર આપવામાં આવે તે વધારે ઉચિત છે કારણ કે ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું કે પશુપાલનનો તેમને ખૂબજ શોખ છે. લહેરાતા લીલાછમ ખેતરો છે અને મબલખ ઘાસ અહીંથી મળી રહે છે. તેથી ઢોર તેમને પોષાય અને ખેતીમાં પણ સહાયભૂત થાય. આગળ જતાં દૂધ ઉત્પાદન મંડળીની રચના થાય અને તેઓને વધુ લાભ મળે. પરિણામે તેઓની સ્થિતિમાં સુધારો થાય.

(૮) તાલીમ દ્વારા અન્ય ગૃહોદ્યોગો જેવા કે અંબરચરખા, સીવણકામ, ભરતકામ, સુથારીકામ, પાપડ બનાવવા વગેરે તેઓને શીખવવામાં આવે તો તેઓ સારી એવી આવક ઘેર બેઠા મેળવી શકે.

(૯) આ તપાસમાં આપણે જોયું કે તેઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછુ છે, તેથી અજ્ઞાનતાનો તેઓ ભોગ બને છે. તેઓને પ્રૌઢ શિક્ષણની તાલીમ મળે અને તેઓની આવતી પેઢી શિક્ષિત બને તે માટે સઘન પ્રયાસો થાય તો તેઓની આવતીકાલ ઉજ્જવળ બને.

(૧૦) અહીં કયો ઉદ્યોગ સ્થાપી શકાય? એવું પૂછતાં તેઓએ કહ્યુ હતુ કે અહીં કપાસ પુષ્કળ પ્રમાણમાં થાય છે (વિરમગામ તાલુકો) તેથી જો જીન બને તો તેમાં કાલા ફોલવાથી માંડીને ગાંસડી પેક કરવાનું કામ સારી રીતે થઇ શકે અને અમને તેના દ્વારા રોજી રોટી મળી શકે.

ઉપરોકત વિકાસલક્ષી સૂચનો સૈનમા ભાઇઓએ ચર્ચા દરમ્યાન કર્યા હતા. જે ઘણાજ મહત્વના અને ધ્યાન ખેંચે તેવા છે. જો તેના ઉપર ધ્યાન અપાય તો આ જાતિનો વિકાસ ઝડપી બને અને તેઓ મુકત જીવન વિતાવી શકે. મોટાભાગના સૂચનો તેમના દ્વારા થયેલા હોવાથી તેમને માન્ય હોય જ અને તે સિવાય પણ જો વિચારકો, સંશોધકો અને વહીવટકર્તાઓ વિકાસ માટે પગલા લે તો તેઓ સહર્ષ આવકારે તેમાં બે મત નથી. આ પ્રજાની કંગાલિયત અને મજબૂર પરિસ્થિતિ જોતા એમ લાગે છે કે હવે તેઓના વિકાસ માટેનો સમય પાકી ગયો છે. ત્યારે આપણે તેઓ માટે બનતુ બધુ જ કરી છૂટવું જોઇએ.

oooooooo

# ॥ તુરી ॥

( એક અનુસુચિત જાતિની સામાજીક આર્થિક તપાસ )

અહેવાલ લેખન :- જસવંતસિંહ રાઠોડ
સારદોહન :- જસવંતસિંહ રાઠોડ

૧૯૮૧-૮૨ના વર્ષથી અંગભૂત યોજનાની કામગીરી કેન્દ્રને સોંપવામાં આવેલી છે, આ કામગીરી કરતાં હરિજનોની અનેક જુદી જુદી જાતિઓમાં "તુરી" જાતિ તરફ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકનું ધ્યાન ખેંચાયું અને મને નિર્દેશ કર્યો કે "તુરી" જાતિએ વિશિષ્ટ અને આગવી પ્રતિભા ધરાવતી જાતિ છે જેના માટે આપણે તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી બહુજન સમાજ સમક્ષ મૂકવો જોઈએ જેથી વિશિષ્ટ પ્રતિભાશાળી એક જાતિ પોતાનો આગવો સામાજિક વારસો ખોઈ બેસે તે પહેલાં સમાજના બહુસંખ્યાક લોકોનું ધ્યાન પર લાવવું જોઈએ અહેવાલનો સારદોહન હું આપની સમક્ષ રજુ કરું છું.

તુરી જાતિ ધરાવતાં બે ગામો અંગભૂત યોજનાના સર્વેક્ષણ કાર્ય દરમ્યાન ગવાડા (તા. વિજાપુર) અને વાલમ (તા. વિસનગર)નું ને આવરી લીધાં હતાં તેજ ગામોનો ઉંડાણ પૂર્વક અભ્યાસ કરી અહીં તારણો મૂકવામાં આવ્યા છે.

આ જાતિ વિશે ઘણું જાણવા જેવું છે કારણકે તે જાતિ હરિજનોના વહીવંચા (બારવોટ) તરીકેનું વંશ પરંપરાગતનું કાર્ય કરે છે ઉપરાંત બહુવિધ ધંધાઓમાં સંકળાયેલા છે જેમાં મુખ્યત્વે આ જાતિ વારસાગત કળાનો વારસો ધરાવતી જાતિ છે: જેઓ કુશળ નાટકારો છે, ગુજરાત ભરના ગ્રામ્ય વાસીઓનું મનોરંજન પુરું પાડતી આ જાતિને ભૂલવી ન જોઈએ, આજે અનેક પરિવર્તનોની સાથે અને શહેરીકરણોની અસરને કારણે સીનેમા અને બહારના નાટકો તરફ લોકો આકર્ષાય છે પણ વર્ષોથી જે સમાજે બહુજન સમાજના મનોરંજનો પાછળ પોતાની સમગ્ર શક્તિ ખર્ચી નાખી છે, તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. આ સમાજના લોકો ગામે ગામ ફરી લોક ભોગ્ય નાટકો-ભવાઈઓ કરી લોક રંજનનું કાર્ય કરતા હતા. અત્યારે પણ તેજ ધંધો મોટાભાગના કરે છે. પણ તેમના ધંધા તરફ આજે બાહ્ય અસરોને લીધે લોકોનું આકર્ષણ ઓછું છે જેથી આવકો પણ ઘટી ગઈ છે. આ લોકો અવતન રંગભૂમીના કલાકારો હતા. જે લોકો આપે તેજ લઈ પોતાનું ગુજરાત ચલાવતા જેઓ ચોમાસા સિવાય ૮ માસ એક ગામથી બીજે ગામ જઈ નાટક ભવાઈ કરતા હતા. જે સમાજે પોતાના કુટુંબની પણ પરવા રાખ્યા વગર લોકરંજનનું કાર્ય પેઢીઓ સુધી કર્યું છે તો બહુજન સમાજની ફરજ તે સમાજના વિકાસ માટે છે તેમની ઉપેક્ષા કર્યા કરતાં તેમને વધુ પ્રોત્સાહીત

કરવા જોઈએ. આ સિવાય છત્રી રાંપેર કરવી, ગામમાં માંગીને અનાજ ભેગું કરવું, સંગીતના વાજા સાથે લોકોને ખુશ કરી પૈસા કે અનાજ માગવું, વાર તહેવારે લોકોના વખાણ કરી લોકોને ખુશ કરી બક્ષીશો મેળવી કે ખેતમજૂરીનું કાર્ય કરી ગુજરાત કરતાના અનેક વિધ પ્રયત્નો આજે કરે છે છતાં ગરીબીના ખપ્પરમાં હોમાતા જાય છે. આ અભ્યાસ બહુજન સમાજ સમક્ષ મૂકીએ છીએ કે જેથી આ જાતિનો કલા વારસો પડી ભાંગે તે પહેલાં લોકો અને સરકાર આ સમાજને હતાશ થતો અટકાવી બેઠા કરવાનો પ્રયત્ન કરે.

પધ્ધતિઓ :

આ અભ્યાસ માટે ઐતિહાસિક માહિતી મેળવવા માટે ગ્રંથાલય કાર્યો, તે ઉપરાંત અભ્યાસ ક્ષેત્રના ગામોમાંથી તુરી સમાજના આગેવાનોની રૂબરૂ મુલાકાત લઈ માહિતી એકત્ર કરવામાં આવી હતી. મુલાકાત ઉપરાંત, અવલોકન તેમજ સહભાગી અવલોકનનો પણ ઉપયોગ કરી અનેક પ્રકારની માહિતી એકત્ર કરી હતી. આર્થિક શૈક્ષણિક, માહિતી માટે અનુસૂચિ બનાવી ૧૦૦ કુટુંબોની મુલાકાત લઈ ભરવામાં આવી હતી.

વસતિ વિસ્તાર અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

ભારતની કુલ અનુસૂચિત જાતિની વસતિના ૨.૨૮% લોકો ગુજરાતમાં વસે છે. ગુજરાતના દરેક જીલ્લાઓમાં અનુસૂચિત જાતિની વસતિ વત્તા ઓછા પ્રમાણમાં વસવાટ કરે છે. રાજ્યમાં અનુસૂચિ જ્ઞાતિની વસતિમાં મુખ્યત્વે ઢેડ, ચમાર, ભંગી, મેઘવાળ, સેનવા, ગરોડા, તુરી વગેરે જુદી જુદી જ્ઞાતિઓનો વસવાટ છે. આ જ્ઞાતિઓમાં જિલ્લાવાર તુરી જ્ઞાતિની વસતિ કેટલી છે તે જોઈએ તો

ગુજરાતમાં જિલ્લાવાર તુરી જાતિ – વસતિ

(૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે)

| ક્રમ | જિલ્લાનું નામ | વસતિ |
|---|---|---|
| ૧. | ભરૂચ | ૨૯ |
| ૨. | સાબરકાંઠા | ૧૨૯૨ |
| ૩. | સુરેન્દ્રનગર | ૨૩૧ |
| ૪. | વડોદરા | ૧૭૫ |
| ૫. | ગાંધીનગર | ૨૫ |
| ૬. | ભાવનગર | ૭૫ |
| ૭. | ખેડા | ૭૧૫ |

| ક્રમ | જિલ્લાનું નામ | વસતિ |
| --- | --- | --- |
| ૮. | સુરત | ૮ |
| ૯. | મહેસાણા | ૩૭૬૬ |
| ૧૦. | કચ્છ | ૨૦૪ |
| ૧૧. | પંચમહાલ | ૬૩૩ |
| ૧૨. | અમરેલી | ૧૨ |
| ૧૩. | રાજકોટ | ૫૧ |
| ૧૪. | જુનાગઢ | – |
| ૧૫. | ડાંગ | – |
| ૧૬. | જામનગર | ૪ |
| ૧૭. | અમદાવાદ | ૭૮૪ |
| ૧૮. | વલસાડ | ૨ |
| ૧૯. | બનાસકાંઠા | ૩૨૨૮ |
| | કુલ:- | ૧૧૨૩૪ |

આ ઉપરાંત તુરી સમાજ દ્વારા તુરી જાતિ વસતિ ધરાવતા વિસ્તારને પરગણાઓમાં વિભાજીત કરી છે.

૧. પાટણવાડો – પાટણવાડાના ચાર પરગાણામાં

૧. તેર પરગણાં

૨. ધાન્ધા

૩. ત્રીસ

૪. બાવીસ

આ ચાર પરગણામાં ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠા સુધીના ગામો આવરી લેવામાં આવ્યા છે.

૨. ચોવિસ પરગણામા – સાબરકાંઠાનાં વિસ્તારના ગામો આવી જાય છે.

૩. પેથાપુર અને અમદાવાદ પરગણું

૪. ભાલ પરગણું

૫. ખારાપાટ પરગણું

૬. વઢીયાર પરગણું

૭. સિરોઈ પટ્ટો

ઉપરોક્ત દરેક પરગણામાં તુરી જાતિ ધરાવતા ગામો વહેચાયેલા છે દરેક પરગણનું આગવું પંચ હોય છે આ પંચ સમાજનું બંધારણ ઘડે છે. દીકરીની લેવડ દેવડ ગુજરાતના કોઈ પણ પરગણામાં થઈ શકે છે.

ભૌતિક જીવન :

ઘર ગામની બહાર બાંધે છે. ઘર લગોલગ બાંધેલા હોય છે. એક જાતિના સાથેજ ઘર હોય છે. ગામની ઉંચાણવાળી જમીન કે અલગ જમીન હોય ત્યાં ગામની છેવાડે ઘરો હોય છે. ઘર માટીના બે ખંડ વાળા છે. આગળ ઓસરી હોય છે. કેટલાંક એક ખંડને ઓસરી વાળા ઘર પણ બનાવે છે. '૩૦x૧૫'ના ઘરો બનાવે છે. આગળના ભાગની ઉંચાઈ ૮ થી ૧૦ ફુટની હોય છે. ઘરમાં ચૂલો પ્રથમ ખંડમાં હોય છે. તેની બાજુમાં લાકડા મૂકવાની જગ્યા હોય છે. વાસણો, તપેલાં વગેરે ત્યાંજ મૂકી રાખતા હોય છે ધાર્મિક સ્થાનએ બારણાંની બાજુમાં અંદરના ભાગની દિવાલમાં ગોખલામાં હોય છે.

ઘરવખરીની ચીજોમાં વાસણો, તાંબા, પિત્તળનાં, એલ્યુમિનિયમનાં, માટીનાં મુખ્ય છે. ખાસ કરી માટી અને એલ્યુમિનિયમના વાસણો વિશેષ પ્રમાણમાં જોવા મળ્યા હતા.

તપાસેલ કુટુંબોમાં વપરાતી વસ્તુઓની સંખ્યા

| ક્રમ | વસ્તુનું નામ | ઘરવપરાશની વસ્તુઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | કાથીના ખાટલા | ૧૭૧ |
| ૨. | લોખંડનો પલંગ | ૫ |
| ૩. | લાકડાનો કબાટ | ૫ |
| ૪. | પ્રાયમસ | ૨૮ |
| ૫. | ઈલેક્ટ્રીક ઈસ્ત્રી | ૩ |
| ૬. | પંખો | ૪ |
| ૭. | સીવવાનો સંચો | ૧ |
| ૮. | સાયકલ | ૩ |
| ૯. | ઘડિયાળ | ૧૩ |
| ૧૦. | રેડિયો | ૧૩ |

ઉપર પ્રમાણેની અલગ અલગ જીવન જરુરિયાતની વસ્તુઓ જોતાં લાગે છે કે તેનું પ્રમાણ ઘણું ઓછું છે.

લગ્ન પ્રસંગે તથા રામલીલા, ભવાઈ, ગાવા અને નાચવા માટે વગાડવામાં આવતા સાધનો પોતાના મંડળ તરફથી ખરીદાયેલી અને કેટલાક કુટુંબોએ ખરીદેલ સાધનોમાં ઢોલક, શરણાઈ, માદળ, પેટી બાજુ (હારમોનિયમ) ખંજરી, ઢોલકી, કાંસાજોડ, ઘુઘરા, મૃંગોળ વગેરે સાધનો રાખે છે. આ ઉપરાંત ભવાઈના સ્ત્રી-પુરુષના પહેરવેશના કપડાં પણ રાખે છે.

પહેરવેશ :

પાંચ વર્ષથી નાના બાળકો ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. છોકરીઓ ફ્રોક પહેરે છે. પાંચથી ઉપરના છોકરાઓ ચડ્ડી અને બુશર્ટ જયારે છોકરીઓ ઘાઘરીને પોલકું કે બુશર્ટ પહેરે છે. સ્ત્રીઓ ચણીયા, કબ્જો (ડગલો) સાલ્લો ઓઢે છે. પુરૂષો મોટે ભાગે બન્ડી અને ધોતિયું પહેરે છે.

ઘરેણાં :

તુરી પુરૂષો ખાસ ઘરેણા પહેરતા નથી પણ યુવાન છોકરાઓ ઘડિયાળ બાંધે છે. સ્ત્રીઓ ચાંદીના ઘરેણાં પહેરે છે.

ખોરાક :

મુખ્ય ખોરાક બાજરી, ઘઉંના રોટલા અને દાળશાક છે. ગરીબ પરિસ્થિતિ-વાળા કુટુંબો ગામમાંથી માગી લાવી પણ ખાય છે.

પીણામાં સવારે ચા મુખ્ય છે. પ્રસંગોપાત દારૂ તેમજ માંસનો પણ ઉપયોગ કરે છે.

આર્થિક જીવન :

તુરી જાતિનો મુખ્ય ધંધો ભવાઈ કરી લોકોને ખુશ કરવા અને તેમાંથી જે મળે તેનાથી ગુજરાન ચલાવવાનું તેમનો મુખ્ય ધંધો નાચવા-ગાવાનો છે. બીજો ધંધો વણકર અને ચમાર જાતિની વંશાવલી રાખવાનો છે.

ભવાઈ-રામલીલાનો ધંધો દશેરાના દિવસથી ચાલુ કરવામાં આવે છે સારા શુકન લઈ પોતાની કંપનીના ૧૨ માણસો સાથે નીકળે છે. ગામે ગામ ફરી તેમના વાસની અને ગામની મંજૂરી મેળવી રાત્રે ભવાઈ ભજવે છે. ગામમાં આવક સારી થાયતો એક બે દિવસ વધારે રોકાય છે નહીં તો બીજા ગામે ચાલ્યા જાય છે આમ ૮ માસ સુધી રામલીલા ભવાઈનો ધંધો કરે છે.

વંશાવલી :

વંશાવલીએ બાપ દાદાનો બીજા નંબરનો ધંધો છે. વણકર અને ચમાર જે હરિજનોમા ઉંચા ગણાય છે તેમના કુટુંબની વંશાવલી રાખવાનું કામ તુરી કરે છે. વંશાવલીના ધંધામાં વણકર અને ચમાર યજમાન બને છે. આથી વણકર અને ચમાર પાસેથી તેઓ માગી શકે છે બીજા પાસે હકકથી માગી શકતા નથી. વંશાવલી તેમની જુની ભાષામાં જ રાખે છે અને તે જાતેજ વાંચી સંભરાવે છે.

ઢોલ વગાડવાનું :

તુરી જાતિ હરિજન જાતિના શુભ પ્રસંગે ઢોલ વગાડવાનું કામ પણ કરે છે. ઢોલ વગાડવા બોલાવે તોજ જાય છે ઢોલ વગાડવાની આવક ૨૫થી ૫૦ રુપિયા નક્કી કરે છે. તેજ રીતે ભૂંગઈ વગાડવાના પણ ૧૦થી ૧૫ રુપિયા મળે છે.

ગોદડી અને કપડાં સાંધવાનું કામ :

સ્ત્રીઓ ઉનાળામાં ઘરે બેઠા ગોદડી બનાવવાનું અને કપડાં સાંધવાનું કામ કરે છે. હાથથી દોરા ભરી ખૂબ સરસ ગોદડી બનાવે છે. ગોદડી બનાવવાના બેથી ત્રણ રુપિયા મળે છે.

છત્રી રિપેરીંગનું કામ :

છત્રી રિપેરીંગનું કામ ચોમાસામાં મળી રહે છે ચોમાસામાં કોઈપણ પ્રકારનું કામ મળતું નથી ત્યારે પુરૂષો છત્રી રિપેરીંગનું કામ કરે છે.

છૂટક મજૂરી :

આ ઉપરાંત તુરી જાતિ પાસે જમીન નહી હોવાથી તે ખેતી કે પશુપાલનનો ધંધો કરી શકતી નથી. પણ ખેતમજૂરી કરે છે.

ભિક્ષાવૃત્તિ :

તુરી કોમનો વંશ પરંપરાનો ધંધો ભીખ માંગવાનો છે. ભીખ તેઓ વણકરો, ચમારો ઉપરાંત સવર્ણ કોમમાં પણ માંગવા જાય છે.

તપાસેલ ૧૦૦ કુટુંબોમાંથી ૪૭% કુટુંબોનો મુખ્ય ધંધો છૂટક મજુરી, વંશપરંપરાગત ધંધો કરતા ૨૮ કુટુંબો નોકરી કરતા ૨૩ કુટુંબો અને બે કુટુંબો છુટક ફેરીનો ધંધો કરતા માલુમ પડયા હતા. ઉપરાંત નવરાશના સમયમાં ઉપરોક્ત ધંધાઓ કરતા માલુમ પડયા હતા.

સામાજિક સંગઠન અને સામાજિક રીતરિવાજ :

કુટુંબ વ્યવસ્થા :

તુરીઓમાં પિતૃસ્થાનીય, પિતૃવંશીય અને પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. કુટુંબ ૫ થી ૭ વ્યક્તિઓનું બનેલું હોય છે કુટુંબમાં પિતાનું પ્રભુત્વ હોય છે ત્યાર પછી માતા અને મોટા છોકરાનું પ્રભુત્વ જોવા મળ્યું છે.

પંચ :

આ કોમમાં તેમની જ્ઞાતિમાં સંગઠન રૂપ તેમની જ્ઞાતિનું મંડળો પંચાયત (પંચ) ચાલે છે જેને તે લોકો ''નાતગંગા'' ના નામથી ઓળખે છે. નાત ગંગાનું ધ્યેય સત્યને નજરમાં રાખી સર્વે ઝઘડાઓનું નિરાકરણ કે નિકાલ લાવવાનું છે. આ જ્ઞાતિ પંચાયતનું

સંચાલન કરવા માટે બહુમતિથી કે સર્વાનુમતિથી પંચાતિઓને ચૂંટી કાઢે છે. પંચ અંદર અંદરના સામાજિક પ્રશ્નોના નિકાલ કરાવે છે. લગ્ન વિષાયક ધારાઓ ઘડે છે.

હિન્દુ સમાજમાં સ્થાન :

ચાતુવર્ણ વ્યવસ્થામાં આ કોમની શુદ્રવર્ણમાં ગણતરી થયેલી છે. શુદ્ર કોમનું સામાજિક સ્થાન શું છે તે આજ આપણે સગી આંખેથી પણ જોઇ શકીએ છીએ તેમને નીચ અને હલકા ગણ્યા છે. ખાવા પીવાની બાબતમાં સવર્ણ હિન્દુઓ દુર રાખે છે એટલુંજ નહિ પરંતુ તેમને રહેવાનાં મકાનો પણ ગામને એક છેડે હોય છે.

સામાજિક રીત-રિવાજ :

રજસ્વલા સ્ત્રી :

રજસ્વલા સ્ત્રીને બહાર બેઠી છે તેમ કહેવામાં આવે છે. રજસ્વલા સ્ત્રી ઘરમાં રાંધવાનું, પાણી ભરવાનું અને દેવની જગ્યાએ દિવાબત્તી કરવાનું કામ કરી શકતી નથી રજસ્વલા સ્ત્રી ત્રણ દિવસે નહાય છે.

ખોળો ભરવો :

સ્ત્રીને પરણ્યા પછી પહેલી વાર ગર્ભ રહયા બાદ રાખડી બાંધવામાં આવે છે. સાતમે અથવા નવમે મહિને ખોળો ભરવામાં આવે છે. ખોળા ભરણાંના ચીજ-વસ્તુઓ સ્ત્રીના માવતર તરફથી લઇ જવામાં આવે છે.

જન્મ :

બાળકનો જન્મ થતા જો પુત્રી જન્મેતો સૂપડું ખખડાવવામાં આવે છે. અને પુત્ર જન્મે તો થાળી ખખડાવવામાં આવે છે. પ્રસંગ પહેલાં સ્ત્રીને કોઇપણ જુદા પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. દાયણ પોતાની જાતિની જ હોય છે. બાળકના જન્મ પ્રસંગે નાના બાળકોને શીરો વહેંચવામા આવે છે. પુત્રને પાંચમે અને પુત્રીને છઠ્ઠે દિવસે રાત્રે છઠ્ઠીની વિધિ કરવામાં આવે છે. નામકરણ વિધિ બ્રાહ્મણ (ગરોડા) પાસે નક્ષત્ર કે રાશિ જોવરાવીને કયા અક્ષર ઉપર નામ આવશે નકકી કરવામાં આવે છે પછી કોઇની પાસે નામ પડાવવામાં આવે છે.

લગ્ન :

લગ્નની ઉંમર છોકરાની ૧૮ થી ૨૦ વર્ષની માનવામાં આવે છે. છોકરીની ઉંમર ૧૪ થી ૧૬ વર્ષની ગણવામાં આવે છે. બહુ સાથીમાં બે પત્નીઓ રાખી શકે છે. લગ્ન સાથી પસંદગી મા બાપ અને વડીલો કરતા હોય છે તે છોકરા-છોકરીને માન્ય રાખવા પડે છે. દહેજ પર૧ રુપિયા છોકરાનો બાપ છોકરીના બાપને આપે છે.

આણું :

આણું છોકરીનો બાપ બોલાવે ત્યારે કરે છે. આણા વખતે જ્ઞાતિના બંધારણ પ્રમાણે કપડાં,પેટી, ચંપલ આપવા પડે છે. છોકરા પક્ષવાળા છોકરી પક્ષને ૧૪૬ રુપિયા આપે છે. આ વખતે છોકરી ૧૦ દિવસ સાસરીમાં રહે છે. લગ્નમાં છોકરાનાં બાપને ૩૦૦૦ રુપિયા જેટલો અને છોકરીના બાપને ૪૦૦૦ રુપિયા જેટલો ખર્ચ થાય છે.

છૂટાછેડા :

છૂટાછેડા પતિ પત્ની વચ્ચે કાયમી ઝઘડો રહેતો હોય એક બીજા ઉપર ચારિત્ર્યનો દાવો કરે તેવા સંજોગોમાં છૂટાછેડા આપે છે. છોકરા તરફથી છુટાછેડા માંગવામાં આવે તો ૫૦૦ રૂા. તથા જીવનદોરી, સોનાનો રવો કન્યાના બાપને વરપક્ષ આપે અને સમાજને રૂા. ૫૧ દંડ ભરવો પડે છે.

પુનઃ લગ્ન :

પુનઃલગ્નમાં વિધવા વિધુર કે છુટાછુડા થયેલ સ્ત્રી પુરૂષ પુનઃલગ્ન કરી શકે છે. વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે છે. પણ વિધવા કે છૂટી થયેલ સ્ત્રી કુંવારા પુરૂષ સાથે લગ્ન કરી શકતી નથી. વિધવા પુનઃ લગ્નને નાતરાનો વિધિ કહેવામાં આવે છે.

મૃત્યુ :

તુરી જાતિમાં મૃતદેહને દાટવાનો રીવાજ છે. મૃતદેહને હાથ પગ પાણીથી સાફ કરવામાં આવે છે. ઠાઠડીમાં સુવાડી તેની ચારે બાજુ ચાર શ્રીફળ બાંધે છે મૃતદેહને નજીકના સગાભાઈ, છોકરા, કુટુંબીજનો ઉપાડી જાય છે. ૫૦ વર્ષ ઉપરની ઉંમરના વ્યક્તિનું મૃત્યુ થાય તો બારમું કરવું પડે છે. બારમાની વિધિના ૧૦૦૦ રુપિયા જેટલો ખર્ચ થાય છે.

ધાર્મિક જીવન :

સંપૂર્ણ હિન્દુધર્મમાં માને છે અને હિન્દુ ધર્મના દેવ દેવીઓને માને છે. તેમાં કુળ દેવી બ્રહમાણી દેવીને વધારે પ્રમાણમાં માને છે તેની પુજા વિધિ પણ કરે છે. નવરાત્રીની આઠમને દિવસે બ્રમાણી માતાને લાપસી, કંસાર, શ્રીફળ ચઢાવે છે અને પૂજા કરે છે. આ ઉપરાંત દિવાળી, હોળી, જન્માષ્ટમી, નવરાત્રી વગેરે તહેવારો આર્થિક સ્થિતિ પ્રમાણે ઉજવે છે. તુરી જાતિ મેળાની શોખીન છે. આજુબાજુના વિસ્તારમાં મેળો ભરાય ત્યાં ઢોલક સાથે પણ જાય છે. સારા સારા ભજનો ગાઈ લોકો ખુશ કરે છે. ધાર્મિક વિધિઓમાં પાઠ માંડવો, નૈવેદ્ય ધરાવું કંઠો બાંધવો, માંડવો અથવા રેમણ વગેરે કરે છે.

શિક્ષણ :

તુરી સમાજમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળે છે. તપાસેલ બે ગામોમાં તુરી જાતિના લોકો કુલ ૩૬૬ની વસતિમાંથી ૧૬૬ વ્યક્તિઓ એટલે કે કુલ વસતિના ૪૫% અભણ હતાં. જ્યારે ૧૦૨ વ્યક્તિઓ એટલે કે ૨૮% ભણેલા હતા. કુલ ૩૬૬ વ્યક્તિઓમાંથી ૯૮ વ્યક્તિઓ એટલેકે ૨૭%નો અભ્યાસ ચાલુ હતો તે ઘણું જ ઓછું પ્રમાણ કહી શકાય.

ભાષા : (બોલી) :

તુરી જાતિ પાસે એમની સ્પેશિયલ બોલી છે જેમાં તેવો લખાણ પણ કરી શકે છે. અંદરો અંદર તે બોલીમાં વહેવાર કરે છે.

તેમના કેટલાક શબ્દો જોઈએ તો.

| | | |
|---|---|---|
| લવરો | – | છોકરો |
| લવરી | – | છોકરી |
| તાત | – | બાપ |
| તાતેણ | – | મા |
| ખૂડો | – | ડોસો |
| ખૂડી | – | ડોસી |
| ગચવું | – | જવું |
| લખવું | – | લેવું |
| એળાવવું | – | ગાવુ |
| ટેલવાનું | – | નાચવાનુ |
| જોડાવુ | – | રોવાનું |
| પોતવાનુ | – | આવવાનુ |
| ખજુરિયા | – | ઘઉં |
| ચોહાળ | – | જુવાર |
| સેટવો | – | રોટલો |
| ગટવું | – | પીવુ |
| વેતવાનુ | – | જમવાનુ |
| સેટકુ | – | દૂધ |
| નિરણું | – | પાણી |
| રેસું | – | છાશ |
| બરચેલ | – | તેલ |
| લલો | – | શાળો |
| લલવાશા | – | લાડવા |

| | | |
|---|---|---|
| શારકા | – | ચોખા-ભાત |
| ડોટલી | – | દાળ |
| કારચા | – | માલપુડા |
| કકરા | – | દાણા |
| વડોકી | – | કઢી |
| નાંચરી | – | બાજરી |
| અલપ | – | મઠ |
| ખારમો | – | ગોળ |
| શેખો | – | દારૂ |

સૂચનો :

ગુજરાતની કુલ અનુસૂચિત જાતિમાં ૦.૬% તુરી જાતિની વસતિ છે. તુરી જાતિનો મુખ્ય વ્યવસાય વંશાવલી રાખવાનો અને રામલીલા, ભવાઈ કરવાનો છે. અનુસૂચિત જાતિ ઉપર આધારીત આ જાતિ હાલના સંજોગોમાં ઘણીજ આર્થિક ભીંસ અનુભવે છે. તેમનો વારસાગત ધંધો દિવસે દિવસે પડી ભાગતો ચાલ્યો છે. તેમના માટે અલગ કોઈપણ પ્રકારની યોજના નથી જેથી તેમનો સર્વાંગી વિકાસ થઈ શકે. આ અભ્યાસને આધારે તેમના વિકાસ માટેના કેટલાંક સૂચનો રજુ કર્યા સિવાય રહી શકાય તેમ નથી.

પાયાની સવલતો : મકાન :

મકાન કાચા માટીની દીવાલવાળા હોય છે મકાનનું છાજ પણ દેશી નળિયાવાળા અને વાંસનું બનાવેલું હોય છે આ મકાન વર્ષો જતાં જરજરીત તથા રિપેર કરવા પડતા હોય છે. ચોમાસામાં ઘણીવાર મકાન નીચે બેસી જાય છે. કે-હોય કુટુંબ હોય અને વિભક્ત થાય ત્યારે મકાન તેમજ મકાન માટેની જમીન નહીં હોવાથી ઘણી જ મુશ્કેલી ઉભી થાય છે. તો મકાન માટે યોગ્ય મદદ અને પ્લોટ આપવા જોઈએ.

પીવાનું પાણી :

હરિજનવાસ મોટેભાગે ગામની સેવાડે હોય છે. પંચાયતના પાણીના સ્ટેન્ડ હોય છે. પણ તે ઉંચાણવાળી જગ્યાએ કે અપુર્તા નળને કારણે આખા વાસને પાણી પુરતું મળતું નથી તો પીવાના પાણીની વ્યવસ્થા કરવી જોઈએ.

<u>સફાઈ અને જાજરૂ</u> :

વાસમાં પેસતાંજ હરિજન વાસની પ્રતિતિ કરવાનું હોય તો વાસની આજુબાજુ પડખે પડેલી ગંદકી છે તેના માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ હરિજનો પાસે જમીન નહી હોવાથી તેમજ ગામમાં પડતરો ખુલ્લી જમીન નહી હોવાથી જાજરૂની ઘણી મુશ્કેલી પડતી હોય છે. તો પાકા નહી તો છેવટ નહી પણ ખાડાવાળા જાજરૂની વ્યવસ્થા કરવી જોઈએ.

<u>વીજળી કરણ</u> :

વાસમાં અપૂરતા થાંભલા અને બલ્બ હોય છે તેમજ કનેક્શન જલ્દી મળતા નથી તો તે માટે યોગ્ય કરી વીજળીની સગવડ પુરી પાડવી જોઈએ.

<u>આર્થિક વિકાસ</u> :

તુરીના અહેવાલ ઉપરથી જોઈ શકાય છે કે તુરી કુટુંબો પાસે જમીન કે અન્ય આવકના કાયમી સાધનો નથી વળી વંશ પરંપરાગત ધંધો પડી ભાગતો ચાલ્યો છે. તો તેમનો ધંધો ચાલુ રહે તે માટે પણ પ્રોત્સાહન આપવું જોઈએ. વર્તમાન ગુજરાતમાં તુરી જાતિની વસતિ પરગણાઓમાં વહેચાયેલી છે તો દરેક પરગણા-વાર ભવાઈ મંડળ સ્થાપી તેમને આર્થિક મદદ કરવી જોઈએ એક ભવાઈ મંડળને ૬૦૦૦ રુપિયા જેટલી મુડીની જરૂર પડે છે.

<u>ગૃહઉદ્યોગ</u> :

નવરાશના સમયમાં જેમકે ચોમાસામાં તેમની મંડળી ચાલતી નથી. આ સમય દરમ્યાન પુરૂષો બેકાર હોય છે. તે જ રીતે સ્ત્રીઓ વર્ષ દરમ્યાન ઘરે જ હોય છે જેઓ છુટક મજુરી કે કપડા સાંધવાનું, ગોદડી બનાવાનું કામ કરતી હોય છે. પુરૂષો ચોમાસામાં છત્રી રીપેરિંગનું કામકરતા હોય છે તો તેમને તે કામમાં પ્રોત્સાહન આપવું જોઈએ. આ ઉપરાંત કપડાની ફેરી કરવા માટે ધિરાણ આપવુ જોઈએ, ભરત ગુંથણ માટે ટ્રેનિંગ આપવી જોઈએ. અંબર ચરખા કેન્દ્ર આપવું જોઈએ. દુધાળાં ઢોર ખરીદવાની સહાય આપવી જોઈએ. અપંગો અને વૃધ્ધને પેન્શન આપવું જોઈએ; આ ઉપરાંત વાસમાં બાલવાડી આંગણવાડીની વ્યવસ્થા આપવી જોઈએ જેથી શિક્ષણનું પ્રમાણ વધે અને શિક્ષિત બેરોજગારો માટે નોકરીની સવલતો આપવામાં આવે તો હતાશ થતો અને પડીભાગતી આ જાતિને આપણે બચાવી શકીએ.